પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૬-૧૦-૨૦૨૫-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૬૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ભારત રશિયા પાસેથી ઓઈલની ખરીદી બંધ કરશે : ટ્રમ્પ

## મોદીએ વ્યક્તિગત આશ્વાસન આપ્યું હોવાનો ટ્રમ્પ દાવો : ભારત સરકાર તરફથી અમેરિકી રાષ્ટ્રપતિના દાવાને પુષ્ટિ મળી નથી

નવી દિલ્હી, તા. ૧૬

રશિયાથી ઓઈલની ખરીદીને લઈને અમેરિકાના ભારત સાથેના તનાવ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મોટું નિવેદન કરતા જણાવ્યું છે કે ભારત ટુંક સમયમાં જ રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરશે.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ આશ્વાસન મને ખુદ વડાપ્રધાન મોદીએ વ્યક્તિગત આપ્યું છે. આ બાબતને તેમણે રશિયા પર દબાણ વધારવાની પોતાની કોશિશનો ભાગ બતાવી હતી. જો કે આ મામલે ભારત તરફથી વડાપ્રધાન મોદી તરફથી કોઈ અધિકૃત પુષ્ટિ નથી થઈ.

ટ્રમ્પે જણાવ્યું હતું કે આ એ પદ્ધતિ છે જેથી રશિયાને વિખુટું પાડી શકાય છે. ઓવલ ઓફીસમાં પત્રકારોના સવાલના જવાબ આપતા અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું હતું કે વડાપ્રધાન મોદી મારા એક સારા મિત્ર છે અને અમારા બન્ને વચ્ચે શાનદાર સંબંધ છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે ભારત ટુંક સમયમાં જ ભારત રશિયાથી ઓઈલની ખરીદી બંધ કરી દેશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આવું આશ્વાસન તેમને ખુદ વડાપ્રધાન મોદીએ વ્યક્તિગત રીતે આપ્યું છે. ટ્રમ્પે કહ્યું હતું કે ભારતનું આ મોટુ પગલુ છે. હવે આપણે ચીનને પણ આમ કરવા માટે કહેવું પડશે.

આ દરમિયાન ટ્રમ્પે ભારતમાં અમેરિકી રાજદૂત સર્જિયો ગોર અને પીએમ મોદીની હાલની બેઠક પર પણ પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે મને લાગે છે કે પીએમ મોદી શાનદાર અને મહાન વ્યક્તિ છે.

સર્જિયોએ મને જણાવ્યું હતું કે, મોદી મને પસંદ છે. હું વર્ષોથી ભારતને જોતો આવ્યો છું. પહેલા દર વર્ષે એક નવા નેતા આવતા જે કેટલાક મહિના કે કેટલાક વર્ષો સુધી રહેતા. પરંતુ હવે મારો મિત્ર ઘણા લાંબા સમયથી સત્તામાં છે. તેણે મને ભરોસો આપ્યો છે કે તે રશિયાથી ઓઈલ નહી ખરીદે. આ ફેરફાર તરત લાગુ નહીં થાય પણ કેટલાક સમયમાં તેનો પ્રભાવ પડશે.જો કે ટ્રમ્પના આ દાવાની ભારત સરકાર તરફથી કોઈ અધિકૃત પુષ્ટિ નથી થઈ. વોશિંગ્ટન સ્થિત ભારતીય દૂતાવાસે આ મામલે તરત કોઈ જવાબ નથી આપ્યો કે વડાપ્રધાન મોદીએ આવું કંઈ કહ્યું છે કે નહી.ઉલ્લેખનીય છે કે, જો ભારત રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરી દે તો ભારત હાલની સમજુતી અંતર્ગત મધ્યપુર્વી ઉત્પાદકો તરફ પરત ફરી શકે છે. આ સમજુતીના લચીલાપણાનો લાભ ઉઠાવીને ઘટને પુરી કરી શકે છે.



# બિહાર ચૂંટણીમાં જેડીયુના વધુ ૪૪ ઉમેદવારોના નામ જાહેર

## ૯ મહિલાઓ, ૪ મુસ્લિમ , બાહુલબીલ આનંદ મોહનના પુત્રને નવીનગરથી મેદાનમાં ઉતારાયા

નવી દિલ્હી, તા. ૧૬

ગુરુવારે બિહાર વિધાનસભા ચૂંટણી માટે JDUએ પોતાની બીજી યાદી જાહેર કરી :જ. આ યાદીમાં ૪૪ નામ જાહેર કરાયા છે. તેજસ્વીની પત્ની રાજશ્રીની સરખામણી જર્સી ગાય સાથે કરનાર રાજવલ્લભની પત્ની વિભા દેવીને ટિકિટ આપવામાં આવી છે.શિવહરથી ૨૦૨૦ની ધારાસભ્ય બેઠક જીતનારા બાહુબલી આનંદ મોહનના પુત્ર ચેતન આનંદને ઔરંગાબાદના નવીનગરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.આ યાદીમાં નવ મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને ચાર મુસ્લિમ ઉમેદવારોને પણ ટિકિટ આપવામાં આવી છે.

અગાઉ, JDU એ ૫૭ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. આ વખતે, પાર્ટી ૧૦૧ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. બધી બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે.JDU એ એકંદર બેઠકોની વહેંચણીમાં જાતિ સમીકરણોનો સંપૂર્ણ વિચાર કર્યો છે. ૩૭ પછાત વર્ગો, ૨૨ અત્યંત પછાત વર્ગો, ૨૨ સામાન્ય વર્ગો, ચાર લઘુમતી વર્ગો અને એક અનુસૂચિત જનજાતિને ટિકિટ આપવામાં આવી છે.

બુધવારે જાહેર થયેલી પહેલી યાદીમાં ૫૭ ઉમેદવારોના નામ હતા, જેમાં ટિકિટ મેળવનારા ત્રણ બાહુબલી નેતાઓનો પણ ટિકિટ મળી છે.અનંત સિંહને મોકામાથી, ધુમલ સિંહને એકમાથી અને અમરેન્દ્ર પાંડેને કુચાયકોટથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. આ દરમિયાન, જેડીયુની પહેલી યાદીમાં ૧૮ ધારાસભ્યોને રિપીટ કરવામાં આવ્યા છે.ચાર ધારાસભ્યોની ટિકિટ કપાઈ છે. કૃષ્ણ મુરારી શરણ ઉર્ફે પ્રેમ મુખિયા, જેમણે ૨૦૨૦ની ચૂંટણીમાં ૧૨ મતોના નાના માર્જિનથી જીત મેળવી હતી, તેમને JDU દ્વારા હિલ્સાથી ફરીથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીમાં JDU ૧૦૧બેઠકો પર ચૂંટણી લડી રહ્યું છે. ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ૧૨૧ બેઠકો માટે ૬ નવેમ્બરે મતદાન થશે. ચૂંટણીના બીજા તબક્કા માટે ૧૨૨ બેઠકો માટે ૧૧ નવેમ્બરે મતદાન થશે. પરિણામો ૧૪ નવેમ્બરે જાહેર કરવામાં આવશે.

ચિરાગ પાસવાન દ્વારા દાવો કરાયેલી પાંચ બેઠકોઃ સોનબરસા, અલૌલી, રાજગીર, એકમા અને મોરબા પર પણ JDUએ ઉમેદવારો ઉભા રાખ્યા છે. ચિરાગ પાસવાનને ફાળવવામાં આવેલી

અનુસંધાન પાના ૭ પર

# કફ સિરપના ઉત્પાદન અંગે કેન્દ્ર સરકાર કડક કાયદાઓ લાવશે

### કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી નડ્ડાની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નવા કાયદાનો ડ્રાફ્ટ રજૂ

નવી દિલ્હી, તા. ૧૬

તાજેતરમાં મધ્યપ્રદેશમાં ઝેરી કફ સિરપથી ૨૦થી વધુ બાળકોના મોત થયા બાદ કેન્દ્ર સરકાર દવાઓ અને ચિકિત્સા ઉત્પાદનોની સુરક્ષા અને ગુણવત્તા નિયંત્રણ સાથે સંકળાયેલા નિયમો સખ્ત બનાવવા નવા કાયદા તૈયાર કરી રહી છે. ભારતીય ઔષધિ મહા નિયંત્રક (ડીસીજીઆઈ) ડો. રાજીવ રઘુવંશીએ સ્વાસ્થ્ય મંત્રાલયની એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં મંગળવારે તેનો મુસદ્દો-ડ્રાફ્ટ રજૂ કર્યો હતો.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠક દરમિયાન ડીસીજીઆઈ અને કેન્દ્રીય ઔષધી ધોરણ નિયંત્રણ સંગઠન (સીડીએસસીઓ)એ પ્રસ્તાવિત કાયદાની રૂપરેખા રજુ કરી હતી. રજુ કરાયેલ ડ્રાફ્ટ ડ્રગ્સ મેડિકલ ડિવાઈસીસ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ ૨૦૨૫ સંસદના શિયાળુ સત્રમાં રજૂ કરવામાં આવી શકે છે. આ નવો કાયદો ૧૯૪૦ના ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટની જગ્યા લેશે. અને તેને આંતર રાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ વિકસિત કરાયો છે.

જેનો ઉદેશ દવા નિર્માણથી માંડીને બજારમાં વિતરણ સુધી જવાબદારી અને પારદર્શિતા નિશ્ચિત કરવાનો છે. નવા કાયદા કાનૂન અંતર્ગત સીડીએસઓને પહેલી વાર નકલી કે ખરાબ દવાઓ સામે તરત કાર્યવાહી કરવાનો અધિકાર મળશે. નવો વિધેયક સીડીએસસીઓને કાનૂની અધિકાર આપશે જેનાથી તે દેશમાં ઘરેલુ અને નિકાસ બન્ને માટે નિર્મિત દવાઓ, ચિકિત્સા સાથેના અને સૌંદર્ય પ્રસાધનોની ગુણવત્તાની સખ્ત તપાસ અને વોચ નિશ્ચિત થઈ શકે.

### જેસલમેરમાં બસમાં લાગેલી આગમાં

# દાઝી ગયેલો યુવક મદદ માંગતો હતો, લોકો વિડીયો બનાવતા રહ્યાં

### યુવકને આખરે બાઈક વાળાએ હોસ્પિટલ પહોંચાડયો

નવી દિલ્હી, તા. ૧૬

જેસલમેર બસમાં લાગેલી આગનો બીજો એક વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં પાછળ સળગતી બસ છે. આગમાં દાઝી ગયેલો એક યુવાન હાઈવે પર મદદ માંગતો બહાર આવે છે. લોકો વીડિયો બનાવી રહ્યા હતા. બાદમાં તે રસ્તા પર ઉભેલી એક કારમાં બેસે છે, પરંતુ આ સાથે જ કારનો ડ્રાઈવર તેને કારમાંથી નીચે ઉતારી દે છે. અંતે, એક બાઈક સવાર મદદ માટે આવે છે. તે દાઝી ગયેલા યુવાનને બાઈક પર પાછળ બેસાડીને હોસ્પિટલ લઈ જાય છે. ૧૪ ઓક્ટોબરના રોજ જેસલમેરમાં થયેલા બસ અકસ્માતની ભયાનકતા ફરી એકવાર પ્રકાશમાં આવી છે. અકસ્માતનો એક નવો વીડિયો સામે આવ્યો છે, જે માણસાઈ પર સવાલો ઉભા કરે છે.

આ વીડિયોમાં, દાઝી ગયેલો એક યુવાન સળગતી બસમાંથી નીચે ઉતરે છે અને મદદ માટે વિનંતી કરે છે, પરંતુ કોઈ જવાબ આપતું નથી. લોકો વીડિયો બનાવી રહ્યા છે, પરંતુ કોઈ તેને મદદ કરી રહ્યું નથી.

આ દરમિયાન, એક કાર ચાલક બળી ગયેલા યુવાનને જુએ છે અને તેની કારમાં બેસી જાય છે. જોકે, યુવાન પાછળની સીટ પર બેસે કે તરત જ ડ્રાઈવર બહાર આવીને અને તેને કારમાંથી નીચે ઉતારી દે છે. થાકેલો અને ઘાયલ યુવાન રસ્તાની બાજુમાં પડી જાય છે. બાદમાં એક બાઈક વાર યુવક દાઝી ગયેલા યુવકને બાઈક પાછળ બેસાડીને હોસ્ટિલ પહોંચાડે છે.

જેસલમેર બસ અગ્નીકાંડમાં મૃત્યુઆંક ૨૧ પર પહોંચી ગયો છે. ગંભીર રીતે ઘાયલ થયેલા ૧૦ વર્ષના યુનુસનું બુધવારે સવારે સારવાર દરમિયાન મોત થયું હતું. જોધપુરની મહાત્મા ગાંધી હોસ્પિટલના જણાવ્યા અનુસાર, ૬ દર્દીઓ વેન્ટિલેટર પર છે. વધુમાં, આઠ

અનુસંધાન પાના ૭ પર

# સોનપ્રયાગથી કેદારનાથ સુધી નવી રોપ-વે બનશે

### ૮ કલાકની મુસાફરી ૩૬ મિનિટમાં પૂર્ણ થશે

નવી દિલ્હી, તા. ૧૬

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં સોનપ્રયાગથી કેદારનાથ મંદિર સુધી એક રોપવે બનાવવામાં આવી રહ્યો છે. ભારત સરકારે આ પ્રોજેક્ટ અદાણી ગ્રુપને સોંપ્યો છે. આ રોપવેનો ખર્ચ આશરે ?૪,૦૮૧ કરોડ રૂપિયા થશે અને તે દરિયાની સપાટીથી ૧૨,૦૦૦ ફૂટ ઉપર બનાવવામાં આવશે, જે પર્યાવરણીય પડકારોનો સામનો કરશે.

હાલમાં, સોનપ્રયાગથી કેદારનાથ સુધીનું ચાલવાનું અંતર ૨૧ કિમી છે, પરંતુ રોપવે સાથે તે ઘટીને ૧૨.૯ કિમી થઈ જશે, જે મુસાફરી પહેલા ૭ થી ૮ કલાક લેતી હતી તે ફક્ત ૩૬ મિનિટમાં પૂર્ણ થશે. આ રોપવે ૨૦૩૨ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે.

એપ્રિલ ૨૦૨૬ સુધીમાં કામ શરૂ થશે હાઈવે લોજિસ્ટિક્સ મેનેજમેન્ટ લિમિટેડના પ્રોજેક્ટ મેનેજર પ્રશાંત જૈને જણાવ્યું હતું કે, ત્રણ વર્ષ પહેલાં એક એલાઇનમેન્ટ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. હવે, અદાણી ગ્રુપ પોતાનો સર્વે કરશે. આ કામ માર્ચ-એપ્રિલ ૨૦૨૬માં શરૂ થશે.

તમને જણાવી દઈએ કે પીએમ મોદીએ ૨૧ નવેમ્બર ૨૦૨૨ના રોજ આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. આ વર્ષે માર્ચમાં કેબિનેટ દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હતી.

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકામાં શ્રમિકોની અછત સર્જાતા ગ્રોસરીના ભાવોમાં વધારો

### ટેરિફના લીધે ગ્રોસરી સસ્તી થવાના બદલે સતત મોંઘી બની

ન્યૂયોર્ક, તા. ૧૬

ડોનલ્ડ ટ્રમ્પ ફરી પ્રેસિડેન્ટ બન્યા ત્યારે તેમણે ફ્રમ્ઝ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યુમાં એવા દાવા કર્યા હતા કે ગ્રોસરી સસ્તી કરવાનું વચન આપી તેમણે ઈલેક્શનમાં જીત મેળવી છે. ટ્રમ્પે એવા પણ દાવા કર્યા હતા કે અમેરિકાના લોકોને હવે ગ્રોસરી માટે વધારે કિંમત નહી ચૂકવવી પડે અને તેમના ભાવ ઝડપથી નીચે આવશે.

જોકે, ટ્રમ્પની સેક્નડ ટર્મ શરૂ થયાને હવે દસ મહિના પૂરા થવા આવ્યા છે પરંતુ અત્યારસુધી યુએસમાં ગ્રોસરી સસ્તી થવાને બદલે સતત મોંઘી થતી રહી છે અને આગામી દિવસોમાં તેના ભાવમાં જંગી ઉછાળો આવે તેવી શક્યતા છે. આ શક્યતા બીજા કોઈએ નહીં પરંતુ ખુદ લેબર ડિપાર્ટમેન્ટે પોતાના એક અસેસમેન્ટમાં વ્યક્ત કરી છે.

ટેરિફને કારણે બહારથી આવતા શાકભાજી અને અનાજના ભાવ વધ્યા જ છે પરંતુ તેની સાથે-સાથે હવે માસ ડિપોર્ટેશનને કારણે સર્જાયેલી લેબર ક્રાઈસિસને લીધે પણ ગ્રોસરીના ભાવમાં ભડકો થવાની શક્યતા સેવાઈ રહી છે. લેબર ડિપાર્ટમેન્ટનું કહેવું છે કે ઈમિગ્રેશન ક્રેકડાઉનને કારણે ખેતરોમાં કામ કરવા માટે મજૂરો નથી મળી રહ્યા અને તેને લીધે એગ્રિકલ્ચર પ્રોડક્શન પર સીધી અસર પડે તેવી શક્યતા છે.

એક રિપોર્ટ અનુસાર માઈગ્રન્ટ એગ્રિકલ્ચર વર્કર્સના અભાવને કારણે અમેરિકન ફુડ સપ્લાય પર તાત્કાલિક ખતરો ઉભો થવાની શક્યતા છે. આ રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે અમેરિકન વર્કર્સને ખેતરોમાં કામ કરવામાં કોઈ રસ નથી કે ના

અનુસંધાન પાના ૭ પર

# બંગાળ ગેંગરેપ પીડીતાના પિતાએ મમતાની માફી માંગી

### પિડીતાના પિતાએ કહ્યું-મમતા મારા માટે માતા સમાન છે

નવી દિલ્હી, તા. ૧૬

પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં ગેંગરેપનો ભોગ બનેલી MBBS વિદ્યાર્થિનીના પિતાએ મુખ્યમંત્રી મમતા બેનર્જીની માફી માંગી છે. પીડિતાના પિતાએ કહ્યું, "મમતા બેનર્જી મારા માટે માતા સમાન છે. જો મેં કંઈ ખોટું કહ્યું હોય, તો હું માફી માંગુ છું. હું તેમને પ્રણામ કરુ છું."

ગેંગરેપ કેસના પગલે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું હતું કે છોકરીઓએ રાત્રે બહાર ફરવા ન જવું જોઈએ. આનાથી ગુસ્સે થઈને પીડિતાના પિતાએ ટિપ્પણી કરી હતી કે, "એવું લાગે છે કે ઔરંગઝેબ બંગાળ પર રાજ કરી રહ્યો છે. તે (મમતા બેનર્જી), એક મહિલા હોવા છતાં, આવી બેજવાબદાર વાતો કેવી રીતે કહી શકે?"

આ દરમિયાન, દુર્ગાપુર પોલીસ પીડિતાને આરોપીની ઓળખ કરાવવા માટે ટેસ્ટ ઓળખ પરેડ કરવાની તૈયારી કરી રહી છે. પોલીસ કોર્ટની મંજુરી લેશે. જો મંજુરી મળશે, તો પીડિતાને આરોપીઓ સમક્ષ લાવવામાં આવશે અને તેમને વ્યક્તિગત રીતે ઓળખશે.

૧૦ ઓક્ટોબરની રાત્રે એમબીબીએસની વિદ્યાર્થિની પર તેના મેડિકલ કોલેજ પાસે ગેંગરેપ થયો હતો. આ કેસમાં તેના મિત્ર સહિત ૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પીડિતાના મિત્રએ હજુ સુધી કોઈ ખુલાસો કર્યો નથી કે તેણે

અનુસંધાન પાના ૭ પર

# સોનામાં સતત ભભૂકતી તેજીથી ખરીદી પર મોટી અસર પડશે


### તહેવારોમાં સોનાની ખરીદી નહીં નિકળતા વેપારીઓ મુશ્કેલીમાં

નવી દિલ્હી, તા. ૧૬

સોના ચાંદીમાં તેજી યથાવત છે.તહેવાર પૂર્વે સોના ચાંદીના ભાવમાં મોટો ઉછાળો નોંધાયો છે. ગઈકાલે સોનામાં રૂ ૧૦૦૦ વધ્યા હતા.જેને પરિણામે તેજીનો માહોલ છવાયો છે.અક્ષય તૃતીયાના દિવસે પણ સોના ચાંદીની ખરીદી જરૂરિયાત મુજબ થઈ હતી.ઊંચા ભાવ અને ચાંદીની અછતના કારણે લોકો અને વેપારીઓ મૂંઝવણમાં મૂકાયા છે. આગામી દિવસોમાં ધનતેરસ દિવાળી જેવા પર્વો આવી રહ્યા છે આથી ખરીદી પર મોટી અસર જોવા મળશે. અત્યાર સુધી સોના ચાંદીના ભાવ આ સ્તરે પહોંચ્યા જ નથી.

રાજધાનીના બુલિયન બજારમાં બુધવારે સતત ત્રીજા કારોબારી સત્રમાં સોનાના ભાવ ૧,૦૦૦ રૂપિયા વધીને ૧,૩૧,૮૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયા.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, મંગળવારે ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતું સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૧,૩૦,૮૦૦ રૂપિયા પર બંધ થયું



હતું. સ્થાનિક બુલિયન બજારમાં, ૯૯.૫ ટકા શુદ્ધતા ધરાવતું સોનું ૧,૦૦૦ રૂપિયા વધીને ૧,૩૧,૨૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ (બધા કર સહિત) ની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યું હતું, જ્યારે તેનો અગાઉનો બંધ ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૧,૩૦,૨૦૦ રૂપિયા હતો.

જોકે, ચાંદીના ભાવ તેના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી રૂ. ૩,૦૦૦ ઘટીને રૂ. ૧,૮૨,૦૦૦ પ્રતિ કિલો થયા (બધા કર સહિત). મંગળવારે, ચાંદીના ભાવ રૂ. ૬,૦૦૦ વધીને રૂ. ૧,૮૫,૦૦૦ પ્રતિ કિલોના નવા શિખર પર પહોંચ્યા હતા. વિશ્લેષકોના મતે, સોનામાં રેકોર્ડ ઉચ્ચતમ સ્તર વૈશ્વિક ભાવમાં તીવ્ર વધારો અને

અનુસંધાન પાના ૭ પર

# પતિ પત્નિને ભમરડાની જેમ ફેરવી શકે નહીં : સુપ્રિમ કોર્ટ

### લગ્ન વિવાદ કેસમાં સુપ્રિમ કોર્ટની સખ્ત ટિપ્પણી

નવી દિલ્હી, તા. ૧૬

સુપ્રીમ કોર્ટે વિવાહિત વિવાદની સુનાવણી દરમિયાન કડક ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું કે, 'પત્ની તેના પતિને ભમરડાની જેમ ફેરવી ન શકે. કારણ કે, પારિવારિક ઝઘડામાં સૌથી વધુ નુકસાન બાળકોને થાય છે, એટલે પતિ- પત્ની બંનેને પોતાના અંહકારને છોડીને બાળકોના ભવિષ્યને પ્રાથમિકતા આપવી જોઈએ.'

આ ટિપ્પણી જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે એ સમયે કરી જ્યારે, તેમની સામે એક સરકારી નોકરી કરતાં દંપત્તિનો મામલો સામે આવ્યો. પતિ દિલ્હી રેલવેમાં કાર્યરત છે. જ્યારે પત્ની પટનામાં રિઝર્વ બેંકમાં નોકરી કરે છે અને તેના માતા -પિતા તેમની સાથે રહે છે. આ દંપત્તિના લગ્ન વર્ષ

અનુસંધાન પાના ૭ પર

# વારાણસીમાં દેવ દિવાળીએ ત્રણ લાખ દિવડાઓ પ્રગટશે

### ત્રણ લાખ ગોબરના દિવા પ્રગટાવવા ડભોઈની મહિલાઓનો અનોખો સંકલ્પ

નવી દિલ્હી, તા. ૧૬

નવી દિલ્હીઃ આગામી સપ્તાહે દિવાળીના દિવસે અયોધ્યા ઉપરાંત વારાણસી પણ દેવદિવાળીના દિને દિપથી ઝગમગી ઉઠશે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના આ મતક્ષેત્રમાં દેવદિવાળીએ ૩ લાખ દિપ એક સાથે ઝગમગશે.

એટલું જ નહી સૌથી મહત્વનું આ દિવડાઓ ડભોઈના મહિલાઓ દ્વારા હાથે અને ખાસ માટીના તૈયાર કરવામાં આવ્યા છે અને દિવડા પુરી રીતે ગોબરમાંથી બનાવાય છે. એક વખત દિપ પુરી રીતે પ્રગટી જશે પછી તે આપોઆપ રાખમાં ફેરવાઈ જશે

જેથી તેમાં પર્યાવરણમાં પણ ગોબરથી પવિત્રાતા વધશે. ડભોઈમાં રોજ ૬૦-૭૦ મહિલાઓ સ્વૈચ્છીક રીતે આ કામમા જોડાય છે. દરેક મહિલા ૩૦૦-૩૫૦ દિવડાઓ તૈયાર કરે છે જેમાં તેઓને રૂા.૧.૫૦નુ ખાસ મહેનતાણું પણ અપાય છે.

તા.૫ નવે. દેવદિવાળીના દિવસે વારાણસીમાં એક સાથે આ ત્રણ લાખ દિવડાઓ પ્રગટાવવામાં આવશે. દેવદિવાળીના દિને દેવો પણ પવિત્ર ગંગાસ્નાન કરે છે તેવી એક પૌરાણીક માન્યતા છે.

આ કામગીરી રેવા વુમન વેલફેર ગ્રુપના મંજુબેન પટેલ આ પ્રોજેક્ટ કરી રહ્યા છે. ગૌશાળામાંથી ગોબર મેળવાય છે અને તેઓને આ પ્રોજેક્ટ માટે ભંડોળ પણ ઉપલબ્ધ થયુ છે.



## શહેરી વિકાસ વર્ષ અને વિકાસ સપ્તાહનું સમાપન

# મુખ્યમંત્રીના હસ્તે વર્ચ્યુઅલ સુરતના રૂા.૨૫૭ કરોડના કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

### શહેરી વિકાસ, આરોગ્ય, શિક્ષણ, સાયન્સ એન્ડ ટેક્નોલોજી સહિતના વિકાસકાર્યોની ભેટ

સુરત, તા.૧૬

'શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫' અને 'વિકાસ સપ્તાહ-૨૦૨૫'ના સમાપન અંતર્ગત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમથી સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં રૂા.૭૯.૯૫ કરોડના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને રૂા.૮૪ કરોડ પ્રકલ્પોનું લોકાર્પણ તેમજ જિલ્લા વહીવટીતંત્રના રૂા.૮૮ કરોડના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને રૂા.૫.૬૭ કરોડના વિકાસકામોનું લોકાર્પણ કરીને સુરતવાસીઓને કુલ રૂ.૨૫૭ કરોડના વિકાસકામોની ભેટ આપી હતી.

વીર નર્મદ યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં ઓયાજિત કાર્યક્રમમાં મેયર દક્ષેશભાઈ માવાણીએ જણાવ્યું હતું કે, શહેરી વિકાસ વર્ષની ઉજવણીના અવસરે સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિકાસને ગતિ આપતા અનેકવિધ કાર્યો થયા છે, જે શહેરને આધુનિક, સ્માર્ટ અને ગ્રીન સુરત બનાવવાની દિશામાં એક મજબૂત કદમ છે. સુરત મહાનગરના વિકાસનો દ્રષ્ટિકોણ માત્ર વર્તમાન જરૂરિયાતો પૂરતો સીમિત નથી, પરંતુ ભવિષ્યના પડકારોની પૂર્વ તૈયારી સાથે 'વિકસિત ગુજરાત'ને સાકાર કરવાના ધ્યેય સાથે શહેરનો વિકાસ થઈ રહ્યો છે. વધુમાં મેયરે જણાવ્યું હતું કે, સુરતનો શહેરી વિકાસ, સ્વચ્છતા અને ભાવિ આયોજન મોડેલરૂપ છે. સુરત આજે મલ્ટી મોડેલ ટ્રાન્સપોર્ટ હબ, BRTS બસ, મેટ્રો ટ્રેન, બુલેટ ટ્રેન સહિત અન્ય આધુનિક પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી શહેરના દરેક ખૂણે સુવિધાસભર કનેક્ટિવિટી સુનિશ્ચિત થશે. શહેરી આયોજન, મહત્તમ ઘરો ઉપર સોલર રૂફટોપ અને સ્વચ્છતામાં સુરતે દેશના વિકાસનો નવો માપદંડ ઘડ્યો છે. સુરત મનપાના વિવિધ ઝોનના રૂ.૮૪ કરોડના

અનુસંધાન પાના ૭ પર

# દિવાળીના તહેવારોમાં ખાનગી બસના ભાડામાં તોતીંગ વધારો

### સીપીઆઈ દ્વારા કલેક્ટર તથા આરટીઓ અધિકારીને ફરિયાદ

સુરત, તા.૧૬

તહેવારોની સિઝનમાં ખાનગી લક્ઝરી બસોના માલિકો તથા સંચાલકો ધ્વારા બસ ભાડામાં તોતિંગ વધારો કરી ખુલ્લેઆમ સામાન્ય ગરીબ જનતા તથા પેસેન્જરો પાસેથી વધુ નાણાં પડાવી લૂંટ કરી રહ્યા છે. લોકોની મજબૂરીનો ગેરફાયદો ઉઠાવે છે. જેને રોકવાની જરૂર છે. આ બાબતે યોગ્ય પગલા ભરવા ભારતીય સામ્યવાદી પક્ષ ધ્વારા સુરતના કલેકટરશ્રી તથા આરટીઓશ્રી ને લેખિત આવેદન પત્ર આપી રજૂઆત પક્ષના આગેવાનો વિજય શેણમારે અને સુગીત પાઠકજીએ કરી છે. પક્ષ ધ્વારા માંગણી કરવામાં આવી છે કે ખાનગી લક્ઝરી બસોના તહેવારોની સિઝનમાં વધુ પડતા ભાડા વસૂલવા સામે બસોના માલિકો તથા સંચાલકોની અથવા તેના એસોસિએશનના આગેવાનો જોડે સુરતના કલેક્ટરશ્રી અને આરટીઓશ્રીએ તાત્કાલિક જોઈન્ટ બેઠક બોલાવી વધુ પડતા બસ ભાડા અંગે ઉકેલ લાવી પેસેન્જરને રાહત આપવી જોઈએ. વધુમાં ખાનગી લક્ઝરી બસો દ્વારા પેસેન્જરોવાળી ગાડીઓમાં ગેર કાયદેસર રીતે સાડીઓના પાર્સલો પહોંચાડવાનો ધંધો ચાલે છે. મોટર વ્હીકલ એકટ મુજબ પેસેન્જરોની બસોમાં ફક્ત પેસેન્જર નો માલ સામાન લઈ શકે તે સિવાયનો સામાન લઈ જવો ગુનો બને છે. જે બાબતે બસોના માલિકો / સંચાલકો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવા માંગણી કરવામાં આવી છે.

# આરએનજી પટેલ ઇન્સ્ટિટ્યૂટમાં પ્રથમ ઇન્સ્ટોલેશન સમારંભ યોજાયો



### બ્લડ સ્ટેમ સેલ અવેરનેસ ડ્રાઇવનું ભવ્ય આયોજન

સુરત, તા.૧૬

બારડોલી વિસ્તારની આર. એન. જી. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (RNGPIT) ખાતે રોટરી ક્લબ ઓફ બારડોલીના સહયોગથી રોટરેક્ટ ક્લબ ઓફ આર.એન.જી.પી.આઈ.ટી.નો પ્રથમ ઈન્સ્ટોલેશન સમારંભ ૧૩મી ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સંસ્થાના ઓડિટોરિયમમાં સફળતાપૂર્વક યોજાયો. જે RNGPITના યુવા રોટરેક્ટર્સ માટે નેતૃત્વ અને સમાજસેવાનું માધ્યમ બની રહેશે.

આ પ્રસંગે નવા નિયુક્ત રોટરેક્ટ ટીમનું સત્તાવાર રીતે સંસ્થાપન Installing Officer રોટરેક્ટર ભવ્યા શાહ, ડિસ્ટ્રિક્ટ રોટરેક્ટ રિપ્રેઝેન્ટેટિવ ઈલેક્ટ (DRRE) ૨૦૨૬–૨૭, RID ૩૦૬૦ દ્વારા કરવામાં આવ્યું. ડૉ. લતેશ બી. ચૌધરી, ડિરેક્ટર, RNGPIT અને AGE ૨૦૨૬–૨૭એ તમામ આદરણીય મહાનુભાવો તથા મહેમાનો શ્રી ડાહ્યાભાઈ પટેલ અને શ્રી બાબુભાઈ પટેલનું સ્વાગત કર્યું. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું કે આ ઈન્સ્ટોલેશન સમારંભ વિદ્યાર્થીઓને માત્ર શીખનાર તરીકે નહિ, પણ નેતા અને પરિવર્તનકર્તા તરીકે આગળ વધવા માટેનું એક મહત્વપૂર્ણ મંચ પુરું પાડશે. તેમણે ઉમેર્યું કે રોટરેક્ટ ક્લબ શિક્ષણ અને સેવા વચ્ચેનું એક સેતુ છે, જે વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, ટીમવર્ક અને સામાજિક જવાબદારીની ભાવના વિકસાવે છે. આ અવસરે અમદાવાદની DATRI, જે ભારતની અગ્રણી બ્લડ સ્ટેમ સેલ રજીસ્ટ્રી લેબોરેટરીઓમાંની એક છે, તેમના સહયોગથી બ્લડ સ્ટેમ સેલ દાન અને ડોનર રજીસ્ટ્રી ડ્રાઈવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે આ અનોખી પહેલ માટે ડી.જી.ઈ. રોટેરિયન નિલેશભાઈ શાહનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો તથા રોટરેક્ટર ઉમાબેન પટેલ (રોટરી ક્લબ ઓફ આનંદ રાઉન્ડ ટાઉન)ના પ્રોત્સાહન અને સહકાર માટે આભાર માન્યો હતો, તેમજ શ્રી ઈશ્વરસિંહ (DATRI, અમદાવાદ) ના સમન્વય માટે પ્રશંસા વ્યક્ત કરી. કાર્યક્રમ દરમિયાન રોટરેક્ટર ઉમાબેન પટેલે

અનુસંધાન પાના ૭ પર

# મોંગોલિયાના રાષ્ટ્રપ્રમુખ દિલ્હીમાં સ્વામિનારાયણ અક્ષરધામની મુલાકાતે

### મોંગોલિયાના પ્રતિનિધિ મંડળે અક્ષરધામની ભવ્યતા નિહાળી

સુરત, તા.૧૬

મોંગોલિયાના રાષ્ટ્રપ્રમુખ હિઝ એક્સેલન્સી ઉખનાગીન ખુરલસુખ એ ભારતની તેમની સત્તાવાર મુલાકાત દરમિયાન નવી દિલ્હી ખાતે આવેલા સ્વામિનારાયણ અક્ષરધામની મુલાકાત લીધી હતી. તેમની સાથે વિદેશ મંત્રી બત્સેત્સેગ બત્મુંખ સહિત મોંગોલિયાના પ્રતિનિધિમંડળના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રપતિ ખુરલસુખનું અક્ષરધામમાં વરિષ્ઠ સંતો દ્વારા ભારતીય પરંપરા મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે મંદિરમાં દર્શન કર્યા બાદ ભગવાન સ્વામિનારાયણના કિશોર સ્વરૂપ શ્રી નીલકંઠવર્ણીની મૂર્તિ પર અભિષેક કર્યો હતો. આ પ્રસંગે તેમણે વૈશ્વિક શાંતિ, સંવાદિતા અને બંને રાષ્ટ્રોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. BAPS સંસ્થાના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તરફથી રાષ્ટ્રપ્રમુખને એક આશીર્વાદ પત્ર પાઠવવામાં આવ્યો હતો. અક્ષરધામની અનુભૂતિ વિશે રાષ્ટ્રપ્રમુખ ખુરલસુખે જણાવ્યું: "આજે, ભારતીય લોકોની આધ્યાત્મિકતા, ધર્મ, જીવનશૈલી, પરંપરાઓ, ઈતિહાસ અને સંસ્કૃતિને પ્રતિબિંબિત કરનારા આ અદ્ભુત મંદિરની મુલાકાત લેતા હું ખૂબ જ આનંદિત છું. આ ખરેખર એક એવું મંદિર છે, જે ભારતીય લોકોની ઊંડી આધ્યાત્મિકતાનું પ્રતીક છે." અક્ષરધામની આ મુલાકાત અને આધ્યાત્મિક અનુભૂતિ માટે તેમજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ અને પ્રાર્થનાઓ પ્રત્યે તેમણે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે આધ્યાત્મિકતા અને સદ્ભાવનાના પ્રતીકરૂપ આવી મુલાકાત મોંગોલિયા અને ભારત વચ્ચેના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધોને વધુ મજબૂત બનાવશે.

# ઓલપાડની કરંજ પ્રાથમિક શાળાના બાળકોને તિથિ ભોજન

### બાળકોને સ્મૃતિ ભેટ અને શૈક્ષણિક કીટ આપવામાં આવી

સુરત, તા.૧૬

ઓલપાડ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત ઓલપાડ તાલુકાની કરંજ પ્રાથમિક શાળામાં સ્વર્ગસ્થ મધ્યાહન ભોજન સંચાલક જગજીવનભાઈ પરસોત્તમભાઈ પટેલની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેમનાં પરિવારજનો તરફથી શાળા તથા આંગણવાડીનાં તમામ બાળકોને તિથિ ભોજન કરાવવામાં આવ્યું હતું.સાથે જ પ્રત્યેક બાળકને સ્મૃતિરૂપે શૈક્ષણિક કીટ પણ અર્પણ કરવામાં આવી હતી.

આ તકે શાળાનાં આચાર્ય જાગૃતિબેન પટેલે સ્વ.જગજીવનભાઈનાં શાંત,સૌમ્ય અને મૃદુ સ્વભાવ સહિત તેમની શાળા પ્રતિની નિઃસ્વાર્થ ઉમદા ભાવનાને યાદ કરી શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતાં.પિતાજીનાં મોક્ષાર્થે તેમનાં દીકરા ભવ્યેશ,દીકરીઓ આશા,ચેતના તથા રેશ્માએ ખડેપગે રહીને બાળકોને દાળ,ભાત, શાક,પુરી,ખમણ તથા મિષ્ટાન્ન

અનુસંધાન પાના ૭ પર

# પોલીસ પ્રજાનો સાચો મિત્ર છે સુત્રને સાર્થક કરતી ઓલપાડ પોલીસ

### શ્રમિક પરિવારની ગુમ થયેલી ૪ વર્ષ ની બાળકીને પોલીસે ગણતરી ના કલાકોમાં શોધી કાઢી

સુરત, તા.૧૬

ઓલપાડ તાલુકાના અટોદરા ગામેથી ગુમ થયેલી શ્રમિક પરિવારની ૪ વર્ષની બાળકીને પોલીસે ગણતરીના કલાકોમાં શોધી કાઢી બાળકીનો કબજો તેની માતાને સોંપ્યો હતો.

ગત મંગળવાર, તા.૧૪ ના રોજ સવારે-૮:૦૦ કલાકના સુમારે અટોદરા ગામની સીમના મકાનમાં રહેતા પરપ્રાંતિ શ્રમિક પરિવારની ફુલ જેવી કુમળી ૪ વર્ષની નાની બાળકી રમતાં-રમતાં પોતાના ઘરેથી માતા-પિતાની જાણ બહાર ક્યાંક ચાલી ગઈ હતી.જેથી આ પરિવારે બાળકીની ખુબ શોધખોળ કરવા છતાં ન મળતા બાળકીની માતાએ ઓલપાડ પોલીસ મથકમાં દિકરી ગુમ થવા મામલે જાણવા જોગ ફરીયાદ આપી હતી.આ ફરીયાદ મામલે પોલીસ મથકના પીઆઈ સી.આર. જાદવે ગંભીરતા સમજી પોલીસ મથકના પીએસઆઈ ડી.બી.દેસાઈની નિગરાની હેઠળ ટીમ બનાવી અલગ- અલગ દિશામાં તપાસ કરવા રવાના કરી હતી.પોલીસે બાળકીને શોધવા અટોદરા વિસ્તારમાં લગાવેલ વિવિધ સી.સી.ટી.વી.કેમેરા ચેક કરી હ્યુમન સોર્સીસનો આધાર લીધો હતો.તે દરમ્યાન એ.એસ.આઈ અજય મનુ,અ.હે.કો.અશોક ગણપત તથા અ.હે.કો.મુકેશ જેરામના અંગત વિશ્વાસુ બાતમીદારો દ્વારા માહિતી મળી હતી કે,આ બાળકી હાલમાં અટોદરા ચાર રસ્તા નજીકના વિસ્તારમાં રમી રહી છે.જેથી પોલીસે ત્વરિત બાતમી સ્થળે પહોંચી બાળકીને ગણતરીના કલાકોમાં શોધી કાઢી દિકરીનો કબજો માતાને સોંપ્યો હતો.આ સમયે ભોગ બનનાર માતાની આંખમાંથી હર્ષના આંસુ સરી પડ્યાં હતાં અને પોલીસનો આભાર માની તેના મુખમાંથી શબ્દો સરી પડ્યા હતાં કે,સાચે જ પોલીસ પ્રજાનો મિત્ર છે.

# સુરત જિલ્લામાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના એસેસમેન્ટ કેમ્પ

### જુદા-જુદા સ્થળે કેમ્પનું આયોજન

સુરત, તા.૧૬

વિકાસ સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત બારડોલી લોકસભા મતવિસ્તારના ચોર્યાસી, કામરેજ તથા માંડવી તાલુકાના ૬૦ વર્ષ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો માટે રાષ્ટ્રીય વયોશ્રી યોજના એસેસમેન્ટ કેમ્પ આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પોમાં વરિષ્ઠ નાગરિકોને વિવિધ સહાયક ઉપકરણો પ્રદાન કરી તેમના આરોગ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવામાં આવશે.

સુરત જિલ્લા વહીવટીતંત્ર, ભારતીય અંગ નિર્માણ નિગમ, એલીમ્કો ઉજજૈન અને જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, સુરતના સહયોગથી આ કેમ્પોમાં વરિષ્ઠ નાગરિકોના વિવિધ જાતીય અને શારીરિક પરિબળોની તપાસ કરવામાં આવશે. તેમજ ચાલવાની લાકડી, કાખઘોડી, વોકર, કાનનું મશીન, કૃત્રિમ દાંત, ચશ્મા, વ્હીલચેર, જેલ ફોમ ગાદી, ઘુંટણના પટ્ટા, પગની સંભાળ કીટ, એલ.એસ.બેલ્ટ, સર્વાઈકલ કોલર,સીટ સાથેની ચાલવાની લાકડી,કોમોડ સાથે ફોલ્ડિંગ ખુરશી સહિતના સહાયક ઉપકરણો વરિષ્ઠ નાગરિકોને વિનામૂલ્યે આપવામાં આવશે. આ શિબિરમાં વાર્ષિક રૂ.૧.૮૦લાખ કે તેથી ઓછી આવક ધરાવતા વરિષ્ઠ નાગરિકો લાભ લઈ શકશે. લાભાર્થીઓએ આધાર કાર્ડ, રેશનકાર્ડ, આવકનો દાખલો, ચુંટણીકાર્ડ જેવા દસ્તાવેજો સાથે રાખવાના રહેશે. તબીબી તપાસ બાદ પાત્ર વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક સહાયક ઉપકરણો વિતરણ કરવામાં આવશે. આ એસેસમેન્ટ કેમ્પોની શરૂઆત ૧૫મી ઓક્ટોબરે રોજ સુરતના રામનગર સ્થિત ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર ખાતે થશે. ત્યારબાદ ૧૬મીએ કામરેજ સ્થિત સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કેમ્પ યોજાશે, જ્યારે ૧૭મી માંડવી સ્થિત રેફરલ હોસ્પિટલ ખાતે કેમ્પ યોજાશે. તમામ કેમ્પોનો સમય સવારે

અનુસંધાન પાના ૭ પર

# સુરત મહાનગર પાલિકાના કર્મીઓને દિવાળી ફેસ્ટીવલ ચૂકવવા યુનિયનની માંગણી

સુરત, તા.૧૬

સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને દર વર્ષે ફેસ્ટિવલ એડવાન્સ આપવામાં આવે છે.ગત વર્ષે પણ રૂપિયા ૧૫ હજાર ફેસ્ટિવલ એડવાન્સ પેટે કર્મચારીઓને આપવામાં આવ્યા હતા.આ અંગે સુરત સુધરાઈ કામદાર સ્ટાફ યુનિયન તરફથી દસ દિવસ પહેલા ફેસ્ટિવલ એડવાન્સ આપવા માટે રજૂઆત કરવામાં આવેલ છે. પરંતુ આજ દિન સુધી ફેસ્ટિવલ એડવાન્સ આપવામાં આવેલ નથી. દિવાળીને ફક્ત છેલ્લા ત્રણ દિવસ બાકી છે.જેથી કર્મચારીઓ સારી રીતે દિવાળી અને નૂતન વર્ષની ઉજવણી કરી શકે તે માટે શનિવાર સુધીમાં પણ આ કર્મચારીઓને ફેસ્ટિવલ એડવાન્સ આપવામાં આવે, તેવી સુરત સુધરાઇ કામદાર સ્ટાફ યુનિયનના પ્રમુખ મહંમદ ઈકબાલ શેખ તથા મહામંત્રી દેવેન્દ્ર પ્રજાપતિએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.



**એપીએમસીની કૃષિ બજાર સહારા દરવાજા ખાતે ગઇકાલે પ્રબુધ્ધ વેપારીઓ સાથે દિપાળી-નૂતન વર્ષાભિનંદન સ્નેહમિલન કાર્યક્રમ અને માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જીએસટીના દરમા સુધારા કરવામાં આવ્યા એ સંદર્ભે જીએસટી રિફોર્મનો કાર્યક્રમ ચોર્યાસી વિધાન સભાના ધારાસભ્ય સંદીપ દેસાઈના અધ્યક્ષ સ્થાને મળ્યું હતું. આ પ્રસંગે પ્રવક્તા ડો.શિરિષભાઈ ભટ્ટ તેમજ સહ પ્રવક્તા કરશન ગોંડલિયાની ઉપસ્થિતિમાં વેપારીઓને નવા જીએસટીના દરો બાબતે ખુબજ સારી રીતે સમજ આપી હતી. જેમાં એપીએમસીના વાઇસ ચેરમેન હર્ષદ પટેલ, ડિરેક્ટર બાબુ શેખ હાજર રહ્યા હતા.**

# કેન્દ્રીય વિદ્યાલયનો દક્ષ શર્માનો રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ

### વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ અને મેરીટ પ્રમાણપત્ર અપાયું

સુરત, તા.૧૬

કેન્દ્રીય વિદ્યાલય નંબર ૩, ONGC, સુરતના ધોરણ ૧૦ ના વિદ્યાર્થી દક્ષ શર્માએ અખિલ ભારતીય માધ્યમિક શાળા પરીક્ષા ૨૦૨૫ માં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા આયોજિત અખિલ ભારતીય માધ્યમિક શાળા પરીક્ષા ૨૦૨૫ માં અસાધારણ રીતે સારું પ્રદર્શન કરીને નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. કેન્દ્રીય વિદ્યાલય સંગઠનના ટોચના ૧.૫% વિદ્યાર્થીઓની યાદીમાં તેમનું નામ સામેલ કરવામાં આવ્યું છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિને માન્યતા આપતા, CBSE એ તેમને મેરિટ પ્રમાણપત્ર અને રૂા.૫,૦૦૦ ની શિષ્યવૃત્તિ એનાયત કરી. શાળાના આચાર્ય શ્રી રાજેશ કુમારે દક્ષ શર્માને તેમની સફળતા બદલ અભિનંદન આપ્યા અને તેમને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી. તેમણે કહ્યું કે આ સિદ્ધિ વિદ્યાર્થીની મહેનત, શિસ્ત અને તેમના શિક્ષકોના માર્ગદર્શનનું પરિણામ છે. આ પ્રસંગે, પ્રાર્થના સભામાં, સમગ્ર શાળા પરિવારે દક્ષ શર્માના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી.



# બીલીમોરા આર્યુવેદ હોસ્પિટલમાં જેરિયાટ્રિક શિબિર યોજાયો

બીલીમોરા, તા.૧૬

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજ્ય અને નિયામકશ્રી, આયુષ કચેરી, ગાંધીનગર પ્રેરિત વૈદ્ય મેઘનાબેન પટેલ (વૈદ્ય પંચકર્મ વર્ગ - ૧) દ્વારા આજ રોજ તા. ૧૫/૧૦/૨૫ ( બુધવાર ) ના સરકારી આયુર્વેદ હોસ્પિટલ , બીલીમોરા. જિ. નવસારી ખાતે " વિકાસ સપ્તાહ" અંતર્ગત જેરિયાટ્રિક કેર કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું. જેમાં વૃદ્ધ જનો ને સાંધાને લગતા રોગ,પેટના રોગો,ચામડીના રોગો, શ્વાસની તકલીફ વગેરે રોગો ની સારવાર કરવામાં આવી.વૃદ્ધાવસ્થામાં ઉપયોગી ઔષધ વિતરણ તથા પથ્ય-અપથ્ય નું માર્ગદર્શન આપવામાં આવ્યુ અને IEC મટીરિયલ નું વિતરણ પણ કરવામાં આવ્યું. એમના પરિવારજનો ને વૃદ્ધજનો ની સાર સંભાળ અને મેન્ટલ હેલ્થ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

# નહેર ૯૦ દિવસ બંધ રહેવાથી ખેડૂતોને ગંભીર આર્થિક ફટકો

### ખેડૂતોને રૂા.બે હજાર કરોડના નુકશાનમાંથી ઉગારી લેવા ખેડૂત સમાજની માંગ

સુરત, તા.૧૬

ગુજરાત સરકારના સિંચાઈ વિભાગ દ્વારા કાકરાપાર જમણા કાંઠા નહેર વિભાગની નહેરોમાં રિપેરિંગ કામ માટે ૯૦ દિવસ સુધી સિંચાઈ માટે પાણી ન આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત અચાનક અને કસમયે કરવામાં આવી હોવાથી કૃષિ ક્ષેત્રે મોટું નુકસાન થવાની આશંકા છે. અગાઉના સમયમાં આવા કામો માટે એક વર્ષ અગાઉ જાહેરાત કરવામાં આવતી હતી, જેથી ખેડૂતોને પાક વાવેતરની તૈયારી કરવાનો સમય મળી શકે. પરંતુ આ વખતે આવી કોઈ અગાઉની સૂચના આપવામાં આવી નથી, જે ખેડૂતો અને પશુપાલકોને ખૂબ મોટું નુકસાન કરનારી છે.

ઉકાઈ કાકરાપાર નહેર વિભાગના કાર્યક્ષેત્રમાં કામરેજ સુગર, સાયણ સુગર, પંડવાઈ સુગર,વતારિયા સુગર જેવી સહકારી ખાંડ મંડળીઓ સંપૂર્ણ કાર્યક્ષેત્ર સમાયેલ છે. આ તમામ ચાર સુગર ફેક્ટરીઓનો એક લાખ દશ હજાર (૧,૧૦,૦૦૦)એકર શેરડીનું રોપણ અને લામ વિસ્તાર છે.સરેરાશ ૨૨ ટન પ્રતિ એકર ઉત્પાદન ગણતરીમાં લઈયે તો અંદાજે ૨૫ લાખ ટન (૨૫,૦૦,૦૦૦)શેરડીનું પીલાણ ઉપરોક્ત ચાર મંડળીઓ કરતી હોય છે. જો ૯૦ દિવસ સિચાઈ નું પાણી બંધ થવાથી હાલની સને ૨૦૨૫-૨૬ થી પીલાણ સિઝન ૩૦ % ઉત્પાદન માં ઘટ ગણતરી માં લઈએ તો અંદાજે ૭ લાખ (૭,૦૦,૦૦૦)ટન શેરડીનું ઉત્પાદન ઓછું થઈ શકે .સરેરાસ ભાવ ૩૩૦૦ રૂપિયા ગણતરીમાં લઈયે તો અંદાજે ૨૫૦ કરોડ રૂપિયાનું

અનુસંધાન પાના ૭ પર

## ગુજરાત સરકારે નહેર રીપેર કરવા બજેટ ફાળવ્યું નથી

સૌથી મહત્વની બાબત એ છે કે આ રિપેરિંગ કામ માટે ગુજરાત સરકાર દ્વારા આ કામ માંતેનું ચોક્કસ બજેટ ફાળવવામાં આવ્યું નથી. તેમજ NDT (Non Destructive Testing)ના રિપોર્ટમાં અનિયમિતતા અને ધાંધલીની આશંકા છે. RTI અરજીમાં સિંચાઈ વિભાગ પાસેથી મળેલી માહિતી અનુસાર, NDT તેમજ સ્ટ્રક્ચર ડીઝાઇન માટે કોઈ ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી નથી, જાહેરાત ફક્ત નોટિશ બોર્ડ ઉપર કરવામાં આવી છે . સ્થાનિક સમાચાર પત્રોમાં પણ કોઈ જાહેરાત આપવામાં આવી નથી. NDT તેમજ સ્ટ્રક્ચર ડીઝાઇન માટેના વર્ક ઓર્ડર પણ જાહેર રજાના દિવસે તા.૧૫ /૦૮/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ છે. એ પણ શંકા ઊભી કરે છે કે આટલા ઉતાવળ શામાટે કરવામાં આવી રહેલ છે ? વધુમાં, NDT ક્યારે અને કોની હાજરીમાં તેમજ ક્યારે કરવામાં આવ્યું તેની કોઈ તારીખ કે વિગતો મળી નથી.

# મોપેડ સવાર અસ્નાબાદની મહિલાનું અકસ્માતમાં મોત

### મહિલાના એક્ટિવાને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી

સુરત, તા.૧૬

ઓલપાડની સાઈનાઈડ કેમિકલ કંપની સામે રોડના પુલ ઉપર એકટીવા ઉપર જઈ રહેલ અસ્નાબાદ ગામની મહિલાને કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા તેણીને અકસ્માત મોત ભરખી ગયું છે.દિવાળીનો પર્વ શરૂ થાય તે પહેલા મહિલાનું મોત થવાથી પરિવાર જનો સહિત તાલુકા ના તળપદા કોળી પટેલ સમાજમાં શોકની કાલીમાં પ્રસરી જવા પામી છે. ઓલપાડ ગ્રુપ ગ્રા.પં.ના અસ્નાબાદ ગામે ધર્મેશભાઈ મગનભાઈ પટેલ રહે છે.તેમની પત્ની ભાવિકાબેન (ઉ.વ.૩૨)ગત મંગળવાર,તા.૧૪ ના રોજ વહેલી સવારે ૭ કલાકના સુમારે પોતાની એક્ટીવા મો.સા. નં:જીજે-૦૫,પી.ડબલ્યુ-૧૬૦૨ હંકારી સુરત-ઓલપાડ રાજ્યધોરી માર્ગ ઉપર જઈ રહ્યા હતાં,ત્યારે ઓલપાડ ગામની સીમમાં સાઇનાઇડ હિંદુસ્તાન કેમિકલ કંપનીની બાજુમાં આવેલ સર્મથ હોમ્સની સામેના પુલ પાસે રોડ ઉપર પુરઝડપે દોડતા કોઈ અજાણ્યા વાહનચાલકે એકટીવાને પાછળથી ટક્કર મારી હતી.જેથી સર્જાયેલા અકસ્માતમાં ભાવિકાબેન એકટીવા સાથે રોડ ઉપર પટકાતા તેણી ને મોંઢાના ભાગે ગંભીર ઉપરાંત શરીરે પણ ઈજાઓ થઈ હતી.જેથી તેમને બેભાન હાલત માં સુરત શહેરના રામનગર ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવાઈ હતી.જ્યાં ફરજ પરના ડોકટરે ભાવિકાબેનને તપાસી મૃત જાહેર કરી હતી. આ બાબતે મૃતકના દિયર મિતેષ પટેલે ઓલપાડ પોલીસને જાણ કરી હતી. જેના પગલે પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈશ્વર સમયથી પહેલાં નથી આપતોપ ધીરજ ધરવી પડે



'વાત વિજણી' જેવો એક શબ્દ પ્રયોગ કચ્છીમાં થતો હોય છે. અહીં 'વાત'નો અર્થ થાય છે ઝઘડો કરવો પણ મૂળ અર્થ થાય છે કોઈને બચકાં ભરવાં! કોઈ કાર્યનો પ્રારંભ થતો હોય ત્યારે ઝઘડો થાય કે, કોઈને 'તોડી પડાય' ત્યારે પ્રયોજાતી એક ચોવક છેઃ 'અચેતી રાત, ને વિજેતી વાત' હવે આ આખી ચોવકનાં બંધારણને સમજીએ.

ગુજરાતીમાં કહેવું હોય તો એમ કહેવાય કે, ''રાત પડી નથી ને (તેણે) ઝઘડો શરૂ કર્યો નથી.'' હવે અહીં 'તેણે'ની જગ્યાએ પત્ની શબ્દ મૂકીને આખી ચોવક ફરીથી વાંચો! કેન્દ્રમાં સ્ત્રીને રાખીને ચોવક બનીઃ ''અચેતી રાત, ને વિજેતી વાત''. 'અચેતી' એટલે આવે છે અને 'વિજેતી' એટલે કરે છે, નાખે છે.


પ્રેમ કરવો તો કોરાણે રહ્યો પણ રાત પડે અને મિલન થાય કે ઝઘડાની શરૂઆત થાય. હવે અહીં 'રાત'ની જગ્યાએ કોઈ 'મહત્ત્વની વાત' કે 'મહત્ત્વનું કામ' એ શબ્દોનો પ્રયોગ પણ કરી શકાય. એમ કરતાં 'પત્ની' ચોવકમાંથી નીકળી જાય અને અન્ય કોઈ વ્યક્તિ તેનું સ્થાન લઈલે!

હવે, આવા કજિયા કે કટુવેણનું પરિણામ તો સારું ન જ આવે, એટલે એવી ચોવક બની કે, ''કજિયે મેં લડું નવે'' મતલબ કે કજિયામાં કે ઝઘડામાં કે કટુવેણમાં મીઠાશ તો ન જ હોયને! 'લડું' મીઠાશની જગ્યાએ મૂકાયેલો શબ્દ છે, ગુજરાતીમાં આપણે 'લાડુ' કહીએ છીએં. અહીં-સંબંધોમાંથી મીઠાશની વિદાય અને કંકાસના પ્રવેશની વાત બેખૂબીથી વણાઈ ગઈ છે!

આવા કજિયા-કંકાસ અટકે કઈ રીતે? બેમાંથી એક જણે તો નમતું જોખવું જ પડેને? વાતનો નિવેડો તો લાવવોજ પડેને? એવો નિવેડો લાવવાની વાતને વણી લેતી એક ચોવક પણ પ્રચલિત છેઃ ''કાં રબ ડે ને કાં રજા ડે'' સમાધાનનો માર્ગ છે. અર્થ થાય છેઃ કાં તો રાબ (મીઠાશ) આપ અને કાં તો મને રજા આપ. રજા આપ એ છૂટા પડવાની વાત નથી પરંતુ ''તમારી કડવી જબાન હવે બંધ કર'' એ ઑઅર્થમાં છે.

ઘણીવાર એવું બને છે કે આવા ઝઘડા તરત શમી પણ જતા હોય છે. તેને, દૂધને ગરમ કરતાં જે ઉફાણા આવે તેની સાથે સરખાવવામાં આવે છે. એ અર્થમાં ચોવક પણ છે કે, ''ખીર વારા ઉફાંણ, સે કિતરી વાર?'' ખીર એટલે દૂધ, 'ઉફાંણ'નો અર્થ થાય છે ઉફાણું અને 'કિતરી વાર' એટલે કેટલી વાર કે કેટલો સમય! દૂધમાં આવેલું ઉફાણ કેટલીવાર ટકે ? બસ એટલી વાર જ ઝઘડો ચાલ્યો.સમયથી પહેલાં ઈશ્વર પણ કંઈ આપતો નથી પરંતુ માણસ કલ્પના કરીને સમયથી પહેલાં જ મેળવી લેવા હવાતિયાં મારે છે, અથવા તો 'મળી ગયાની' કલ્પના કરીને તેનો આનંદ લે છે. ચોવક છેઃ ''કપા કાલે મેં નેં ચોફાર જો જગડો'' આવું ઘણી જગ્યાએ જોવા મળતું હોય છે. અહીં ઉદાહરણ 'કાલાં' અને 'કપાસ'નું આપવામાં આવ્યું છે.કપાસ ઊગે પણ એ કાલામાં ભરાયેલો હોય! ઊગતા કપાસને જોઈને કલ્પનાના ઘોડા દોડવા લાગે કે મબલખ ઊતરશે તો આમ કરશુંપ તેમ કરશું! અહીં 'ચોફાર' શબ્દનો ઉપયોગ થયો છે, તેનો અર્થ થાય છે 'ચોફાળ'પ જે કપાસમાંથી જ બનતો હોય છેપ તો આખી ચોવકનો અર્થ એ રીતે પણ થઈ શકે કે, કપાસ ઊગશે ઊતરશે, કાલાં ફોલાશે પછીપ ઘરના સભ્યો વચ્ચે એવો ઝઘડો થાય કે, એ કપાસમાંથી મારો ચોફાળ બનાવડાવીશ!ચોવકોમાં ઊંડાણ હોય છે અને જેટલા ધારો એટલા અર્થ કાઢી શકાય છે. ઉદાહરણ આપું છુંઃ ''અધમેં હારી, ને અધમેં આકાય'' 'અધમેં' એટલે અડધામાં, 'હારી' એટલે કામ પર રાખેલો નોકર કે મજૂર. 'આકાય' એટલે પરિવાર હવે એ મજૂર કે નોકરનો ખોરાક એટલો હોય છે કે, એ એકલો જ અડધા પરિવાર જેટલું ખાઈ જાય છે! પણ આ ચોવકના વ્યાપક અર્થ અને પ્રયોગ થઈ શકે છે, અને થાય છે.

# અને હવે વર્ચ્યુઅલ મેક અપ



વર્ચ્યુઅલ મેક અપ વાસ્તવમાં કેટલીક એપ્સ ઘણી લોકપ્રિય બ્યુટી બ્રાન્ડ્સ માટે કસ્ટમાઈઝ કરવામાં આવી છે જેથી કોઈ જાણી શકે કે કોઈપણ બ્રાન્ડની કોઈપણ સુંદરતા તેનો વાસ્તવમાં ઉપયોગ કર્યા વિના તેના પર સારી લાગશે. આ માટે તમે તમારી વર્ચ્યુઅલ પ્રોફાઈલમાં આ બ્રાન્ડ્સનાં ઉત્પાદનોને વર્ચ્યુઅલ રીતે લાગુ કરી શકો છો અને જોઈ શકો છો કે તમે તેની સંભાળ કેવી રીતે રાખો છો.

ઉદાહરણ તરીકે તમે આઈશેડો, લિપસ્ટિક, મસ્કરા, બ્લશ, ફાઉન્ડેશન અને અન્ય મેકઅપ પ્રોડક્ટ્સ લગાવીને વાસ્તવિક દેખાવ મેળવી શકો છો. આ બધું માત્ર થોડીક સેકંડ લે છે.

આજકાલ બ્રાઈડલ મેક-અપ વર્ચ્યુઅલ રીતે ચેક કર્યા પછી જ કરવામાં આવે છે જેથી મેક-અપ ખીલે અને તેની સુંદરતા ફેલાવે.

આ રીતે વર્ચ્યુઅલ મેકઅપ એ ખરેખર મેક અપ કર્યા વિના જાણવાની સુવિધા છે કે તમે ચોક્કસ મેક અપ કરીને સારા દેખાશો. તે હવામાં વાસ્તવિક રિહર્સલ જેવું છે.


ચોક્કસપણે આ એક ખૂબ જ ઉપયોગી અને ગ્રાહક મૈત્રીપૂર્ણ સુવિધા છે. વર્ચ્યુઅલ મેકઅપ કીટ આપણને સારા લાગે તેવા મેક અપ ઉત્પાદનો પસંદ કરવામાં પ્રામાણિકપણે મદદ કરે છે. વર્ચ્યુઅલ મેક અપ સ્નેપ ચાટના ઉડી માસ્ક જેવો છે. આ સાધન અમને વધુ સારા દેખાવાની વાસ્તવિક અપેક્ષાઓ આપે છે. આ આખી રમત ટેકનિકલ છે. વર્ચ્યુઅલ મેક અપમાં પણ તમે તમારા મેક અપને દૂર કર્યા વિના પણ તમે જે ઉત્પાદનો અજમાવવા જઈ રહ્યા છો તે વિશે જાણી શકો છો.

એડવાન્સ ફેસ ટ્રેક એલ્ગોરિધમ દ્વારા તમે એક સેકન્ડમાં જાણી શકશો કે મેક અપ લગાવ્યા પછી તમારી આંખો, હોઠ, ગાલ કેવા દેખાશે.

આટલું જ નહીં વર્ચ્યુઅલ મેક અપ ટેક્નોલોજી એઆઈનો ઉપયોગ કરીને તમને જણાવે છે કે તમારો મેક અપ કેવી રીતે કરવો જેથી તમે ખૂબ જ સુંદર દેખાશો. આ ટેક્નોલોજી દ્વારા તમારા વર્ચ્યુઅલ બોડીમાં સ્પેશિયલ બ્યુટી થીમ લગાવીને તમે જાણી શકો છો કે તમારા પર કઈ સ્ટાઈલ સારી લાગશે.

નિસ્તેજ ડિઝાઈન અને એસેસરીઝમાં ખૂબ જ સુંદર દેખાશે. તેથી ભવિષ્યમાં તૈયાર થવામાં ઓછો સમય લાગશે અને તમે વધુ પરફેક્ટ દેખાવ સાથે તૈયાર થઈ શકશો. અત્યાર સુધી વર્ચ્યુઅલ બ્યુટી અથવા વર્ચ્યુઅલ મેકઅપના રૂપમાં, ભારતમાં મહિલાઓને વર્ચ્યુઅલ રીતે શક્ય તેટલી સુંદર દેખાવાની રીતો અન્વેષણ કરવા માટે માત્ર આ જ સાધન મળ્યું છે.

જો ભવિષ્યમાં આવી તમામ સવલતોનો ઉપયોગ રોજબરોજના જીવનમાં વર્ચ્યુઅલ પ્લેટફોર્મમાં કરવામાં આવે તો આપણી સર્જનાત્મકતાને વધુ સારી રીતે સમજી શકાય તેવો ફાયદો થઈ શકે છે.



# એક છુપાયેલી ફેટ

આજના નવા સમયમાં વર્કિંગ કપલનું ચલણ વધતું જાય છે. આર્થિક ઉપાર્જનનું મહત્ત્વ ખૂબ જ મોટા પ્રમાણમાં વધવાને કારણે તેમ જ લક્ઝરી લાઈફસ્ટાઈલ માટે યુવા વ્યક્તિ ઉચ્ચ અભ્યાસ કરીને જોબ કરવાનું વધુ પસંદ કરે છે.

સ્ત્રીઓ પોતાની આર્થિક સ્વતંત્રતા માટે આજે કામકાજ કે જોબ કરવાની પહેલી પસંદગી કરે છે. સ્ત્રીઓ આજે લગભગ બધાં જ ક્ષેત્રે કામ કરે છે. તેમને રસોડું ઓછું પસંદ છે. અભ્યાસ માટે વધુ સમય જોઈએ પછી જોબ કરવાના કારણે લગ્ન મોટી ઉંમરે થાય છે. આ વાતાવરણ વિદેશમાં છે તે આજે આપણાં નાના શહેરથી લઈને મોટી મેટ્રોસિટીમાં દેખાવા લાગ્યું છે.

સોશ્યલ મીડિયાને કારણે તે કામકાજમાં તો ગામડાઓમાં પણ આજ વાતાવરણ દેખાય છે. મોટી ઉંમરે લગ્નના કારણે બાળકો પણ મોડા થાય છે. જેની અસર તેમની ઈમ્યુનિટી પર પડે છે. કામકાજી કપલ જે બહારના ખાદ્ય-પદાર્થનો ઉપયોગ વધુ કરી રહે છે. જેના કારણે તેમની ઈમ્યુનિટી પણ ઓછી થઈ રહી છે. સંયુક્ત કુટુંબમાં રહેવાનું હવે પસંદ નથી તેથી બાહ્ય વસ્તુઓનો ઉપયોગ વધુ થવા લાગ્યો છે.

આ બદલાતા વાતાવરણમાં સ્વાસ્થ્ય સમસ્યા એ મોટો પડકાર છે. નાની વયમાં જ સ્વાસ્થ્ય સમસ્યા વધી રહી છે. નાની વયમાં મૃત્યુનો આંક વધી રહ્યો છે. આનું કારણ છે ખાદ્ય-પદાર્થનાં ઝેરી તત્ત્વો અને કદાચ વધુ પડતો કામકાજી બોજ. બાહ્ય ખાદ્ય-પદાર્થ ચોક્કસ રીતે બનતા નથી. તેને ટકાવવા કે સ્વાદ વધારવા માટે કેમિકલનો થતો વપરાશ. જેના કારણે તેમાંની કોઈ ચોક્કસ ફૂડ-વેલ્યૂ નથી. ફક્ત સ્વાદ અને પેટ ભરાય તેટલું જ.

કેમિકલ, પ્રિઝર્વેટિવ્સ, સ્વાદ વધારવાવાળા કેમિકલના કારણે તે યોગ્ય રીતે પચતાં નથી. જેના કારણે શરીરમાં ગ્લાયસેમિક ઈન્ડેક્સ વધી જાય છે. અને વિસરલ ફેટનું પ્રમાણ વધી જાય છે. આ એક છુપાયેલી ફેટ છે. જે શરીરનાં અંદરના અવયવ જેમ કે લીવર, આંતરડા અને હૃદયની આસપાસ જમા થાય છે. જેના કારણે સોજા આવવા, ડાયાબિટીસ ટાઈપ-૨, હૃદયરોગ અને કંઈક પ્રકારના કેન્સરનું જોખમ રહે છે. કોલેસ્ટ્રોલની દવાને કારણે પગના ઘૂંટણ ખરાબ થાય છે.

વજન ઓછું કરવાના ઘણાં પ્રયત્નો કરે છે. જ્યારે તેમાં અસફળતા મળે છે. ત્યારે આ વિસરલ ફેટ આપણાં શરીરમાં છે તેનાં પર ધ્યાન દોરવું જરૂરી છે. શરીરમાં ત્રણ પ્રકારની ફેટ છે. સફેદ ફેટ, ભૂરી ફેટ અને આંતની કે છુપાયેલી ફેટ (વિસરલ ફેટ). તેમ જ બીજા નામ છે સંતૃપ્ત વસા, અસંતૃપ્ત વસા અને ટ્રાન્સ વસા. આ ટ્રાન્સ વસા એટલે વિસરલ ફેટ. જે સૌથી વધુ હાનિકારક છે. જે એલ.ડી.એલ. (ગુડ કોલેસ્ટ્રોલ)ને ઘટાડે છે.

સફેદ વસા (સંતૃપ્ત વસા) જે શરીરમાં લગભગ હોય જ જે ઊર્જાનો સંગ્રહ કરે. શરીરનાં અંગોને નિયંત્રણમાં રાખે છે. હોર્મોનને સંતુલિત કરે.

ભૂરી વસા (સંતૃપ્ત વસા) આ સફેદ વસા કરતાં ઓછી હોય છે. ઊર્જાનો સંગ્રહ કરે, તાપમાનને નિયંત્રિત કરે. જે તરલ અવસ્થામાં છે. કોલેસ્ટ્રોલ માટે લાભકારી છે.

આંત વસા (છુપાયેલી ફેટ) વિસરલ ફેટ જે આંતરિક અંગો, પેટના અંગોની ચારેય તરફ જમા થઈ જાય છે. જે ઉચ્ચ સ્તર પર હાનિકારક છે. આ ફેટ શરીરમાં વધતાં બીમારીઓ પણ વધતી જાય છે. ઘણીવાર પાતળા લોકો ખૂબ જ બીમાર રહે છે. અથવા જલદી મૃત્યુ થાય છે. કારણ તેઓ ભ્રમમાં હોય છે કે અમારી ફેટ વધતી જ નથી. અમે કાંઈપણ ખાઈ શકીએ છીએ. તેઓ વધુ ગ્લાયસેમિક ઈન્ડેક્સવાળી આહાર પદ્ધતિ અપનાવે છે. જેથી વિસરલ ફેટ વધી જાય છે.

આ છુપાયેલી ફેટને કારણે તેમનામાં બીમારી જલદીથી આવે છે. કારણ કે આ એક સ્ટ્રોન્ગ ફેટ છે જેમાં કેમિકલ ખૂબ જ મજબૂત રીતે ચીપકેલા હોય છે. જે પેટ અને કમરનો ઘેરાવો કરે છે. જેના કારણે મલ્ટિપલ બીમારી થાય છે. ખાદ્ય-પદાર્થ કેમિકલ અને પ્રિઝર્વેટિવ્સવાળા કે અતિ મીઠા, અતિ ખારા હોવાથી તેનાથી એસિડિટી વધી જાય છે.

એસિડિટીના કારણે નિંદર નથી આવતી. દવાઓને કારણે વધારે નિંદર ખરાબ થાય જેનાથી ઈન્સ્યુલીન સેલમાં શુગર પહોંચાડી શકાતું નથી. શુગર લોહીમાં રહી જતાં સેલ નબળા પડે છે અને લોહીમાં શુગરનું પ્રમાણ વધી જાય છે. જે ખરાબ ફેટમાં પરિવર્તિત થાય છે.

આ ફેટ લોહી દ્વારા હાર્ટમાં જતાં ત્યાં જમા થાય છે અને હાર્ટની બીમારીઓ થાય છે. હાર્ટ બરાબર કામ ન કરે તો પ્રેશર વધી જાય છે. પ્રેશર વધવાથી કિડનીને વધુ કામ કરવું પડવું, દવા લેવાથી કિડની પર કામનું પ્રેશર વધતાં કિડનીનું ક્રિએટીનાઈન બગડે પરિણામે ડાયાલિસીસ કરાવવું પડે છે. આ બધી વ્યાધિ ભોગવવી ન હોય તો વાચક મિત્રો જીવન પદ્ધતિમાં (લાઈફ સ્ટાઈલ) સુધાર કરવો જરૂરી છે.

આર્થિક ઉપાર્જનની દોડ, લક્ઝરી પદ્ધતિ માટેની દોડ લોકોને બીમાર બનાવી રહી છે. બાળકોનું ભવિષ્ય પણ ખતરામાં છે. બાહ્ય ભોજન બંધ કરી ઘરમાં જૂની પારંપરિક પદ્ધતિથી ભોજન બનાવો, જેથી સ્વાસ્થ્ય સારું રહે. વધુ પડતાં પૈસા લક્ઝરી વસ્તુઓ ખરીદીમાં ન વેડફો. તે સારી સાચી ખાવાની વસ્તુઓ લેવામાં ખર્ચો.

બાહ્ય ભોજન ન લો પણ ઘરમાં શુદ્ધ ભોજન બનાવવું જરૂરી છે. બાહ્ય ભોજન ખરાબ છે તેની જાણ તો બધાને છે. આળસના કારણે જો ઘરમાં ભોજન પણ શુદ્ધ ન હોય તો આવી વિસરલ ફેટ જમા થવાની છે.

વિસરલ ફેટ સાકર, રિફાઈન્ડ તેલ, સોડા, ખરાબ પ્રકારનાં સોડિયમ, આઈસક્રીમ, બિસ્કિટ, જામ, સોસ, વધુ પડતાં તળેલાં ખાદ્ય પદાર્થથી થાય છે. ઘણીવાર ભૂખ ન હોવા છતાં પણ ખાવું એ પણ ફેટ બનાવે છે. ન જોઈતાં ડ્રિંક જેમ કે ચહા, કોફી, ચોકલેટ વગેરે સેલને મંદ કરી દે છે. ચાલ ધીમી થઈ જાય છે. ઊઠવું-બેસવું પણ તકલીફદાયક થાય છે. સુધારો કરવો એ જ ઈલાજ છે. તહેવારોમાં વધુ પડતી મીઠાઈઓ અને ફરસાણ ન ખાશો. ડિસેમ્બરથી માર્ચ મહિના સુધી બીમારીઓ વધુ જોવા મળે છે. કારણ કે દિવાળીમાં આ બધા પદાર્થો વધુ ખવાય છે.

# પિપ્પલી સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી મસાલો છે



ભારતીય ભોજન મસાલાના ઉપયોગ વગર અધૂરું લાગે છે. ભોજનમાં મસાલાનો ઉપયોગ ફક્ત સ્વાદ વધારવાનું કામ નથી કરતો. સ્વાદની સાથે તંદુરસ્તી જાળવવામાં મદદ કરે છે. તેથી જ તો ભારતીય ભોજન આજે વિશ્વમાં અતિ-લોકપ્રિય બની ગયું છે. તો બીજી તરફ ભારતીય મસાલાની માગ વિશ્વના અનેક દેશોમાં વધવા લાગી છે.

પિપ્પલી કુદરતી ઔષધી ગણાય છે. સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી મસાલો ગણાય છે. તેમાં પ્રોટીન, મિનરલ્સ, કાર્બોહાઈડ્રેટ તથા વિટામિન્સની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જે શરીર માટે લાભકારક ગણાય છે. લાંબી કાળી મરચાં જેવી દેખાતી પિપ્પલીનો ઉપયોગ શિયાળામાં મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. તેને સ્વાસ્થ્ય માટે વરદાન સમાન ગણવામાં આવે છે.

પિપ્પલીને વિવિધ ભાષામાં અલગ અલગ નામે ઓળખવામાં આવે છે, જેમ કે સંસ્કૃતમાં પિપ્પલી, કૃષ્ણા કે ચપલા, અંગ્રેજીમાં લૉંગ પેપર, ઈન્ડિયન લૉંગ પેપર, હિન્દીમાં પિપલી કે પીપર, મરાઠીમાં પિંપલી, મલયાલમમાં તિપ્પલી, પંજાબીમાં પિપ્પલીજડ, બંગાળીમાં પીપુલ કે પિપ્પલી, ગુજરાતીમાં પીપર કે પીપરીજડ, કન્નડમાં હિપ્પલી, ઓરિયામાં બૈદેહી. પિપ્પલીનો છોડ તેના ઔષધીય ગુણોને લીધે ઓળખાય છે. વળી તેની સુગંધ તથા તેના તીખા સ્વાદને કારણે જાણીતો છે. તેનો ઉપયોગ વિવિધ ઉપચારોની સાથે અનેક સ્વાસ્થ્ય સંબંધિત તકલીફમાં વરદાન સમાન ગણાય છે.

પિપ્પલીની વેલ જમીન ઉપર પણ ફેલાવા લાગે છે જેને કારણે તેમાં એક અલગ મીઠી સુગંધ ઉમેરાય છે. જેથી તેમાં રહેલાં ઔષધીય ગુણો વધુ અસરકારક બને છે. આયુર્વેદમાં પિપ્પલીની ચાર પ્રજાતિ દર્શાવવામાં આવી છે. પરંતુ વ્યવહારમાં નાની-મોટી તેમ બે પિપ્પલી જોવા મળે છે. તેનો સ્વાદ તીખો હોય છે. પિપ્પલીનું સેવન પાઉડર, તેલ કે કાઢા તરીકે કરી શકાય છે.

વજનને ઘટાડવામાં મદદરૂપઃ તહેવારો નજીક આવે તેમ સુંદર દેખાવા માટે વજન ઘટાડવાનું લગભગ પ્રત્યેક વ્યક્તિ પસંદ કરે છે. પિપ્પલીનું સેવન મેટાબોલિઝમને ઝડપી બનાવવાની સાથે ચરબીને ઓગળવામાં મદદ કરે છે.

શરીરમાં રહેલાં ટોક્સિનને દૂર કરવામાં મદદ કરે છે. પિપ્પલીના પાઉડરને વહેલી સવારના નરણાં કોઠે મધ સાથે લેવાની નિષ્ણાત આહાર તજજ્ઞો તથા આયુર્વેદાચાર્યો સલાહ આપે છે.

કબજિયાતથી છુટકારોઃ જીવનશૈલીમાં મોટા બદલાવને કારણે અનેક લોકો કબજિયાત, ગૅસ, અપચાની તકલીફથી સતત મુશ્કેલી અનુભવતાં હોય છે. પિપ્પલી અનેક લોકોને છાતીમાં બળતરાં તથા પેટ સંબંધિત અન્ય તકલીફથી છુટકારો મેળવવામાં મદદ કરે છે. પિપ્પલીનો ઉપયોગ નિયમિત કરવાથી તે ડાયજેસ્ટિવ ઍજન્ટ તરીકે કામ કરે છે. ભોજનને યોગ્ય રીતે પચવામાં મદદ કરે છે.

શરદી-ખાંસી-તાવમાં લાભકારીઃ પિપ્પલીની તાસિર ગરમ હોય છે તેથી ઠંડીમાં થતી શરદી-સળેખમ કે તાવની તકલીફમાં પિપ્પલીનો ઉપયોગ લાભકારી ગણાય છે. ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી, ઍન્ટિ-ઑક્સિડન્ટના ગુણોથી ભરપૂર હોવાને કારણે શરીરને વાયરલ ઈન્ફેક્શનથી બચાવે છે. નિયમિત સેવન કરવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. અસ્થમાની તકલીફમાં રાહત આપવામાં ઉપયોગી ગણાય છે. કફ તથા અસ્થમાની તકલીફમાં પિપ્પલીનો ઉપયોગ લાભકારક ગણાય.

નિંદર ના આવવાની સમસ્યામાં લાભકારકઃ અનેક લોકોને રાત્રે ગાઢ નિંદર આવતી નથી. તેમને માટે પિપ્પલીનું સેવન લાભકારક ગણાય છે. નિયમિત રાત્રે સૂતાં પહેલાં એક ચમચી મધમાં પિપ્પલીનો પાઉડર ચાટી જવાથી તણાવ દૂર કરવામાં મદદ મળે છે. વારંવાર થાક લાગી જતો હોય શરીરમાં નબળાઈ લાગે ત્યારે પિપ્પલીનો પાઉડર દૂધમાં નાખીને પીવાથી લાભ મળે છે.

દાંતના દુખાવામાં લાભકારીઃ ફ્લૅવોનોઈડ્સ તથા અન્ય વિશેષ તત્ત્વોને કારણે લોહીમાં કૉલેસ્ટ્રોલની માત્રાને નિયંત્રિત કરવામાં મદદરૂપ થઈ શકે છે. પાચનશક્તિની વિવિધ સમસ્યામાં પિપ્પલીનો ઉપયોગ ગુણકારી ગણાય છે.

ડાયાબિટીસની વ્યાધિમાં લાભકારકઃ ડાયાબિટીસના દર્દીઓ માટે પિપ્પલીનો ઉપયોગ લાભકારક બની શકે છે. કેમ કે પિપ્પલીના સેવનથી લોહીમાં ઈન્સ્યુલિનની સંવેદનશીલતા વધે છે. તેમ જ લોહીમાં શર્કરાની માત્રાને નિયંત્રણમાં રાખવામાં મદદ મળી શકે છે. તેમ છતાં ડાયાબિટીસના દર્દીઓએ તેનું સેવન કરતાં પહેલાં નિષ્ણાત ડૉક્ટરની સલાહ લેવી જરૂરી છે.રોગપ્રતિકારક શક્તિ વધારે છેઃ શહેર હોય કે ગામ હોય પ્રત્યેક વ્યક્તિની જીવનશૈલીમાં મોટા બદલાવ જોવા મળે છે. સતત મોબાઈલ તેમ જ સ્પર્ધાત્મક વાતાવરણને કારણે વ્યક્તિ સતત માનસિક તાણ અનુભવે છે. જેને કારણે શરીરમાં નબળાઈ આવી જવાની સમસ્યા વધી જતી હોય છે. આવા સંજોગોમાં પિપ્પલીનો ઉપયોગ શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. કેમ કે પિપ્પલીમાં ઍન્ટિ-ઓક્સિડન્ટ તથા ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણ સમાયેલાં છે. પિપ્પલીનો પ્રમાણભાન રાખીને ઉપયોગ કરવાથી શરદી-ખાંસી-કફ-જવર જેવી બીમારીથી બચી શકાય છે.પિપ્પલીનો ઉપયોગ કઈ રીતે કરવો જોઈએઃપિપ્પલીનું ચૂર્ણ મધ કે પાણી સાથે સરળતાથી લઈ શકાય છે.પિપ્પલીને પાણીમાં તુલસી, આદું, તજની સાથે ઉકાળીને તેનો કાઢો બનાવીને પીવો ગુણકારી ગણાય છે.

હવે બજારમાં પિપ્પલીની ગોળી મળવા લાગી છે. તેથી આયુર્વેદિક ગોળીનો ઉપયોગ ચૂર્ણ કે કાઢાની બદલે કરી શકાય છે.

પિપ્પલીનું તેલ બજારમાં મળે છે તેનો ઉપયોગ કરી શકાય છે.

પિપ્પલી બે પ્રકારની હોય છે. એક લીલી તથા બીજી સૂકી. લીલી પિપ્પલીનો ઉપયોગ શાકમાં કરવાથી તે શાકને સ્વાદિષ્ટ બનાવે છે. સૂકી પિપ્પલીનો પાઉડર દાળ શાકમાં ઉપરથી ભભરાવીને લેવાથી તે વધુ ગુણકારી તથા સ્વાદિષ્ટ બને છે. પિપ્પલીને દૂધમાં થોડા પાણી સાથે ઉકાળીને પીવાથી સાંધાના દુખાવામાં રાહત મળે છે.

પિપ્પલી લેતાં પહેલાં રાખવાની સાવધાનીઃ પિપ્પલીનો ઉપયોગ વધુ પડતો ન કરવો કેમ કે તેની તાસીર ગરમ હોવાથી શરીરમાં ગરમી વધી જવાની શક્યતા રહે છે જેને કારણે છાતીમાં બળતરા કે ત્વચા ઉપર ફોડલી દેખાવાની શક્યતા વધી જાય છે.

પિપ્પલીનો ઉપયોગ લાંબા સમય સુધી કરવો ટાળવો. ગર્ભાવસ્થામાં પિપ્પલીનો ઉપયોગ કરવાનું ટાળવું. નાના બાળકોને નિષ્ણાત ડૉક્ટરની સલાહ વગર પિપ્પલીનું સેવન ન કરાવવું.

પિપ્પલીનું કઢિયેલ દૂધ

સામગ્રીઃ ૨ ગ્લાસ ગાયનું દૂધ, ૧ કપ પાણી, ૩ ચમચી સાકર, ૧ ચમચી પિપ્પલીનો પાઉડર, ૨ ચમચી દૂધનો પાઉડર

બનાવવાની રીતઃ સૌ પ્રથમ ૨ ગ્લાસ ગાયનું દૂધ લેવું. તેમાં ૨ ચમચી દૂધના પાઉડરને ૧ કપ પાણીમાં ભેળવીને બરાબર હલાવીને ઉમેરવો. દૂધને ઉકાળવું. તેમાં ખાંડ ઉમેરીને ૧૦ મિનિટ માટે ઉકાળવું. બરાબર ઊકળી જાય ત્યારબાદ તેમાં ૧ ચમચી પિપ્પલી પાઉડર ભેળવીને હલાવી લેવું. ૫ મિનિટ ઉકાળીને ગરમાગરમ સ્વાદિષ્ટ કઢિયેલ દૂધને સવાર-સાંજ પીવાના ઉપયોગમાં લેવું.

તંત્રી લેખ...-

**ગુરૂવાર, તા. ૧૬ ઓક્ટોબર ૨૦૨૫**

# ચિદમ્બરમ્ હવે મૌન તોડે છે

કેન્દ્રમાં ગૃહપ્રધાન અને નાણાપ્રધાન રહી ચૂકેલા પી. ચિદમ્બરમ્ હવે એમના સમયની કૉંગ્રેસ સરકારોની ટીકા કરી રહ્યા છે. મુંબઈ ઉપરના આતંકી આક્રમણનો 'જવાબ' આપવા, પાકિસ્તાન ઉપર હુમલો કરીને સજા આપવા ભારતીય સેના તૈયાર હતી પણ (વિદેશી - અમેરિકા?) દબાણના કારણે સરકારે મંજૂરી આપી ન હતી એવું નિવેદન જાહેરમાં કર્યા પછી હવે કહ્યું છે કે પંજાબમાં ઉગ્રવાદીઓ વિરુદ્ધ 'ઑપરેશન બ્લૂ સ્ટાર' માટે સેનાને મંજૂરી આપવાનો નિર્ણય ખોટો હતો! પંજાબમાં સુવર્ણ મંદિરમાં છુપાયેલા જર્નાઈલસિંઘ ભીંડરણવાલે અને એમના કાફલાને બહાર કાઢવા માટે વર્ષ ૧૯૮૪ના જૂન મહિનામાં ઑપરેશન બ્લૂ સ્ટાર થયું. ભારતીય સેનાએ સુવર્ણ મંદિર પરિસરમાં પ્રવેશ કર્યો અને અકાલ તખ્ત ઉપર 'હુમલો' કરીને ઉગ્રવાદીઓનો ખાતમો બોલાવ્યો હતો. આ પછી દેશ-દુનિયામાં શીખ કોમે ઈન્દિરા ગાંધી સામે વિરોધ પ્રદર્શન કર્યાં હતાં અને આખરે ૩૧ ઑક્ટોબર, ૧૯૮૪ના રોજ વડા પ્રધાનના નિવાસસ્થાને બે શીખ અંગરક્ષકોએ ઈન્દિરા ગાંધીની હત્યા કરી હતી ત્યારે દિલ્હી અને સમગ્ર ઉત્તર ભારતમાં શીખવિરોધી હુલ્લડ - રમખાણ થયાં અને ત્રણ હજારથી વધુ લોકો - મહિલાઓ અને બાળકો સહિત - માર્યાં ગયાં હતાં. ભારતીય રાજકીય ઈતિહાસની આ ઘટના ઉપરથી શીખ પત્રકાર હરિંદર બાવેજીએ લખેલા પુસ્તક 'ધે વીલ શૂટ યુ, મેડમ' ઉપર પંજાબમાં ખુશવંતસિંઘ સાહિત્ય ઉત્સવમાં ચર્ચાસત્ર યોજવામાં આવ્યું હતું તેમાં બોલતાં ચિદમ્બરમ્ બ્લૂ સ્ટાર ઑપરેશનને મંજૂરી આપવાનો નિર્ણય ખોટો હતો એમ કહ્યું છે. અલબત્ત, આ નિર્ણય માટે માત્ર ઈન્દિરા ગાંધીને દોષ આપી શકાય નહીં એમ કહીને ઉમેર્યું છે કે ભારતીય સેના, પોલીસ, ગુપ્તચર વિભાગો તથા શાસકીય અધિકારીઓ પણ જવાબદાર હતા અને ઈન્દિરાજીનો 'ભોગ' - જીવ લેવાયો. હવે ચિદમ્બરમ્ કહે છે કે અકાલ તખ્ત ઉપર લશ્કરી પગલાંની જરૂર ન હતી. મંદિર પરિસરમાં પ્રવેશ કર્યા વિના ઉગ્રવાદીઓ - 'ઑપરેશન થંડર'ની જેમ ઉગ્રવાદીઓને પકડી શકાયા હોત અને નિર્દોષ હજ્જારો લોકોના જીવ બચી શક્યા હોત. ચિદમ્બરમ્ આટલાં વર્ષો પછી કેમ જાહેરમાં આવ્યા? ગૃહપ્રધાન હતા ત્યારે ઈન્દિરાજીને સમજાવીને વારી શકયા હોત. શક્ય છે, સ્વીકાર્ય છે કે ઈન્દિરાજી પાસે મોઢું ખોલવાની કોઈની હિંમત નહોતી પણ છેલ્લાં ચાળીસ વર્ષમાં એમને મોકો તો મળ્યો હોત. અલબત્ત, હવે આ વિધાનથી તેઓ શીખ સમાજને કૉંગ્રેસ વિરોધનો સંદેશ આપી રહ્યા છે? કે પછી ભાજપ સરકાર - વડા પ્રધાન મોદીને આ મુદ્દો આપીને ખુશ કરવા માગે છે? આ વિષય રાજકીય વર્તુળોમાં વિવાદાસ્પદ બન્યો છે પણ કૉંગ્રેસના વરિષ્ઠ નેતાઓ 'મૌન' છે. ચિદમ્બરમ્ 'ઉચ્ચવર્તુળ'થી બહાર છે તેથી અન્ય કોઈ નેતાઓ માથું મારવા આવતા નથી.

# હરિયાણાને હચમચાવતી બે આત્મહત્યા

દીપોત્સવી તહેવારોની ઉજવણીમાં સામાન્ય રીતે રાજ્યનું પોલીસ ખાતું કાયદો વ્યવસ્થા જાળવવામાં વ્યસ્ત રહેતું હોય છે, પણ આપણા એક રાજ્ય હરિયાણાના પોલીસ બેડાંમાં હડકંપ મચી ગયો છે. એક પછી એક બે પોલીસ અધિકારીના આપઘાતે તંત્રને હચમચાવી નાખ્યું છે. પોલીસ મહેકમમાં જાતિય ભેદભાવ, ભ્રષ્ટાચાર, વસૂલાત અને ગેંગસ્ટર સાથેની સાઠગાંઠ આ કિસ્સાથી છતી થઈ છે. બહાર આવતી નવી વિગતોએ રાજકીય ખળભળાટ મચાવ્યો છે. અહીં એ નોંધનીય છે કે, હરિયાણામાં ભાજપની સરકાર છે અને તેને ભીડવવા રાહુલ ગાંધી આ પ્રકરણમાં રસ લઈ રહ્યા છે. સાતમી ઓક્ટોબરે હરિયાણામાં ભારતીય પોલીસ સેવા (આઇ.પી.એસ.)ના વરિષ્ઠ અધિકારી વાય. પૂરનકુમારે ચંડીગઢના પોતાનાં નિવાસસ્થાને ગોળી મારીને આપઘાત કરી લીધો. એ.ડી.એ.જી. એટલે કે સહાયક પોલીસ મહાનિર્દેશક પદ પર તૈનાત એવા આ અધિકારીના આપઘાતે દેશ આખાનું ધ્યાન ખેંચ્યું છે. તેમણે પોતાના આપઘાત પાછળનાં કારણો જણાવતી સ્યૂસાઇડ નોટ લખી હતી, જેમાં તેમને અતિવિશેષતાનાં કારણે હેરાન-પરેશાન કરાતા હોવાના આરોપ સાથે ૧૩ અધિકારીનાં નામ જાહેર કર્યાં હતાં. તેમાં રાજ્યના ડી.જી.પી. શત્રુજિત કપૂરનું નામ મુખ્ય હતું. પૂરનકુમારના આપઘાત સમયે તેમના આઇ.એ.એસ. પત્ની અવનિત મુખ્યમંત્રી સાથે જાપાન પ્રવાસે ગયાં હતાં. રાજ્ય સરકારે આપઘાત કેસમાં તાબડતોબ પગલાં લઇ ડી.જી.પી.ને રજા પર ઉતારી દીધા અને એસ.આઇ.ટી.ને તપાસનો આદેશ આપી દીધો. આ કેસમાં પ્રથમ તો પોલીસે એફ.આઇ.આર. નોંધવાની આનાકાની કરી અને નવ દિવસ પોસ્ટમોર્ટમ પણ પત્નીના ઈન્કારથી કરી શકાયું નહોતું, છેવટે એફ.આઇ.આર. નોંધાઇ અને પોસ્ટમોર્ટમ કરાયું. એ પછી ઘટનામાં સનસનીખેજ ટ્વીસ્ટ આવ્યો છે. એ ગાળામાં જ એસ.આઇ.ટી.નું નેતૃત્વ સંભાળતા એક એ.એસ.આઇ. સંદીપકુમારે પણ પોતાને ગોળી મારી આપઘાત કરી લીધો અને એક વીડિયો સંદેશ અને સ્યૂસાઇડ નોટ લખી પૂરનકુમાર પર ચોંકાવનારા આરોપ મૂક્યા. સંદીપકુમારે સ્પષ્ટ લખ્યું કે, માત્ર ધરપકડથી બચવા અને જાતિવાદ આયોગનો સહારો લઇ રાજનીતિક રંગ આપવા પૂરનકુમારે ખોટી સ્યૂસાઇડ નોટ આપી હતી. બીજીતરફ, હરિયાણા પોલીસ બેડાંમાં પણ ફરજિયાત રજા પર ઉતારી દેવાયેલા શત્રુજિત કપૂરને ઈમાનદાર પોલીસ અધિકારી ગણાવી રહ્યા છે. આમ, બે સ્યૂસાઇડ નોટના આધારે પરસ્પર વિરોધી દાવાથી મામલો ગૂંચવાઇ ગયો છે. તેમાં રાવ ઈન્દ્રજિતસિંહનું નામ પણ આવી જતાં ઘટના રાજકીય રંગ પકડી ચૂકી છે. રાહુલ ગાંધી પણ સદ્ગત પૂરનકુમારના પત્નીને મળીને ન્યાયનો આગ્રહ રાખી રહ્યા છે. આમ, બે આપઘાત પછી મામલો પેચીદો બની ગયો છે. હરિયાણાના ઘટનાક્રમે આખી સિસ્ટમ સામે સવાલ ઊભો કર્યો છે. પોલીસ વિભાગની બીમારી ઘાતક અને અસાધ્ય બની ચૂકી હોય એવું ચિત્ર ઊભું થયું છે. પોલીસતંત્ર પર ઘણી જવાબદારીઓ હોય છે. કાયદો-વ્યવસ્થા જાળવવા ઉપરાંત પ્રજામાં વિશ્વાસ ઊભો કરવાનો હોય છે. જેના પર ભરોસો કરવાનો હોય એ જ તંત્રમાં વિખવાદ-સડો અસ્વીકાર્ય છે. નવદીપ સૈનાની સરકારે સઘન પગલાં લઇને પોલીસ તંત્રમાં સાફ-સફાઇ કરવાની જરૂર છે અન્યથા ભવિષ્યમાં પણ પૂરનકુમાર કે સંદીપકુમારની આત્મહત્યાનું પુનરાવર્તન થવાની ભીતિ છે.

**તેમણે પોતાના આપઘાત પાછળનાં કારણો જણાવતી સ્યૂસાઇડ નોટ લખી હતી, જેમાં તેમને અતિવિશેષતાનાં કારણે હેરાન-પરેશાન કરાતા હોવાના આરોપ સાથે ૧૩ અધિકારીનાં નામ જાહેર કર્યાં હતાં.**

**ડીએમકેના ટોચના નેતા ટીકેએસ એલંગોવને પણ એ જ રેકર્ડ વગાડીને કહ્યું છે કે, અમે બંધારણ વિરુદ્ધ કંઈ કરીશું નહીં**

# સ્ટાલિન તમિળનાડુમાં હિન્દી પર પ્રતિબંધ ના મૂકી શકે

**સ્ટાલિને માર્ચમાં રજૂ કરાયેલા તમિલનાડુના બજેટમાં દેશના ચલણ એવા રૂપિયાના પ્રતિકને બદલે તમિળમાં રૂપિયાનો નવો સિમ્બોલ મૂકી દીધો હતો.**

તમિળનાડુની એમ. કે. સ્ટાલિનના નેતૃત્વ હેઠળની ડીએમકે સરકાર અને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર વચ્ચે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને શાળાઓમાં ત્રિભાષી ફોર્મ્યુલાના અમલ મુદ્દે ચાલી રહેલી પટ્ટાબાજી વચ્ચે નવા સમાચાર આવ્યા છે. દેશભરના મીડિયાએ દાવો કર્યો છે કે, સ્ટાલિન સરકાર આખા તમિળનાડુમાં હિન્દી ભાષા પર પ્રતિબંધ મૂકવા માટેનું બિલ વિધાનસભામાં લાવવાની તૈયારીમાં છે.

આ બિલ દ્વારા તમિળનાડુમાં હિન્દી ભાષાનાં હૉર્ડિંગ્સ, બેનર્સ, સાઈન બોર્ડ વગેરે પર તો પ્રતિબંધ મૂકી જ દેવાશે પણ હિન્દી ફિલ્મો અને ગીતો પર પણ પ્રતિબંધ મૂકી દેવાશે. મોદી સરકાર આખા દેશની જેમ તમિળનાડુની સરકારી શાળાઓમાં પણ ત્રિભાષી ફોર્મ્યુલાના અમલીકરણ અંગે મક્કમ છે ને સામે સ્ટાલિન પણ અડી ગયા છે તેથી તમિળનાડુમાં હિન્દી ભાષા પર પ્રતિબંધ આવી જશે.મીડિયા રિપોર્ટમાં તો એવો દાવો પણ કરાયો કે, સૂચિત કાયદા અંગે ચર્ચા કરવા માટે મંગળવારે રાત્રે કાનૂની નિષ્ણાતો સાથે એક તાકીદની બેઠક કરાઈ હતી. ને તેમાં બિલનો મુસદ્દો તૈયાર કરી દેવાયો છે. બુધવારે વિધાનસભામાં આ બિલ મુકાશે એવો દાવો પણ કરાયેલો પણ આ દાવો સાચો પડ્યો નથી. અલબત્ત તમિળનાડુ સરકારના અધિકારીઓ અને ડીએમકેના નેતાઓ પણ ગોળ ગોળ વાતો કરી રહ્યા છે એટલે સાચું શું એ ખબર પડતી નથી.પત્રકારોએ તમિળનાડુ સરકારના અધિકારીઓને આ અંગે સવાલ પૂછ્યો તો તેમણે સીધો જવાબ આપવાના બદલે એવું કહ્યું કે, સરકાર બંધારણનું પાલન કરશે.

ડીએમકેના ટોચના નેતા ટીકેએસ એલંગોવને પણ એ જ રેકર્ડ વગાડીને કહ્યું છે કે, અમે બંધારણ વિરુદ્ધ કંઈ કરીશું નહીં અને બંધારણનું પાલન કરીશું પણ અમે હિન્દી લાદવાની વિરુદ્ધ છીએ.હવે આ વાતમાં શું સમજવું ?ખેર, સ્ટાલિન સરકાર આ બિલ લાવશે ને વાગતું વાગતું સામે આવશે ત્યારે સૌને ખબર પડશે જ પણ આ પ્રકારનું બિલ સ્ટાલિન લાવે તો એ બહુ મોટી મૂર્ખામી હશે કેમ કે બંધારણીય રીતે કોઈ રાજ્ય સરકાર આવું બિલ ના લાવી શકે. રાજ્ય સરકારોને કોઈ પણ ભાષા પર પ્રતિબંધ લાદવાનો અધિકાર જ નથી. ભારતમાં કોઈ ભાષા પર કાયદેસર રીતે પ્રતિબંધ ના મૂકી શકાય કારણ કે ભારતના બંધારણ કલમ ૨૯ હેઠળ દેશના તમામ નાગરિકો માટે અલગ ભાષાઓ, લિપિઓ અને સંસ્કૃતિઓનું સંરક્ષણ કરવાનો અધિકાર મળેલો છે.રાજ્ય સરકાર રાજ્યમાં સત્તાવાર કામગીરીમાં કોઈ ભાષાના ઉપયોગને નિયંત્રિત કરી શકે છે પણ જાહેર ઉપયોગને પ્રતિબંધિત ના કરી શકે અથવા ભાષાના વપરાશ પર પ્રતિબંધ ના મૂકી શકે. આ સંજોગોમાં સ્ટાલિન બહુ બહુ તો સરકારી કામકાજમાં હિંદીનો ઉપયોગ નહીં કરવાનો ફતવો બહાર પાડી શકે પણ હિંદીનો ઉપયોગ જ ના થાય એવું તો ના જ કરી શકે.

હિન્દી તો દેશની બંધારણીય રીતે સ્વીકૃત રાજ્યભાષા છે પણ કોઈ બહુ મર્યાદિત વિસ્તારમાં બોલાતી ભાષા પર પણ પ્રતિબંધ મૂકવાનો અધિકાર કેન્દ્ર સરકારને પણ નથી ત્યારે રાજ્ય સરકાર પ્રતિબંધ મૂકવાની કોશિશ કરે એ મૂર્ખામી જ કહેવાય. સ્ટાલિન આ વાત ના જાણતા હોય કે સમજતા હોય એટલા મૂરખ નથી છતાં એ હિંદી પર પ્રતિબંધનું બિલ લાવવાની મૂર્ખામી કરવાનો દેખાવ કરી શકે છે કેમ કે આ દેખાવના કારણે રાજકીય ફાયદો થઈ શકે છે.

તમિળનાડુમાં ૨૦૨૬માં વિધાનસભાની ચૂંટણી છે તેથી સ્ટાલિને બહુ પહેલાંથી આ ચૂંટણી જીતવા માટે હિંદી વિરોધી માહોલ જમાવી દીધો છે. તેના ભાગરૂપે સ્ટાલિન સરકાર અને મોદી સરકાર વચ્ચે નવી શિક્ષણ નીતિના મુદ્દે લાંબા સમયથી ગજગ્રાહ ચાલે છે. મોદી સરકારે ૨૦૧૯માં નેશનલ એજ્યુકેશન પૉલિસીનો મુસદ્દો જાહેર કર્યો તેમાં પહેલા ધોરણથી બાળકોને ત્રણ ભાષા શીખવવાની દરખાસ્ત હતી.તેમાં બે ભાષા અંગ્રેજી અને હિંદી હોવી જોઈએ એવી દરખાસ્ત મુકાયેલી. સ્ટાલિન એ વખતે જ મેદાનમાં આવી ગયેલા. આ જોગવાઈ સામે દક્ષિણનાં બીજાં રાજ્યોમાં પણ પ્રચંડ વિરોધ થતાં મોદી સરકારે નવો મુસદ્દો બહાર પાડીને ફરજિયાત હિંદીની જોગવાઈ રદ કરી દેતાં વિવાદ શાંત થઈ ગયેલો.મોદી સરકારે આ વર્ષે રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ કરવા દેશનાં બધાં રાજ્યોને કહ્યું તેમાં પહેલા ધોરણથી ફરજિયાત ત્રણ ભાષા ભણાવવાની તાકીદ કરી તેમાં સ્ટાલિનને પાછી તક મળી ગઈ. મોદી સરકારના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને ત્રિભાષી ચીમકી આપેલી કે, ત્રણ ભાષા શીખવવાની ફોર્મ્યુલા નહીં અપનાવનાર રાજ્યને કેન્દ્ર ગ્રાન્ટ નહીં આપે. મોદી સરકારે ચોખવટ કરેલી જ છે કે, તમિળનાડુ કે બીજા કોઈ પણ રાજ્યે ફરજિયાત હિંદી ભણાવવાની જરૂર નથી. ધર્મેન્દ્ર પ્રધાને પણ હિંદી શીખવવાની તો વાત જ નહોતી કરી છતાં સ્ટાલિન તલવાર તાણીને મેદાનમાં આવી ગયા.

સ્ટાલિને મોદી સરકાર હિંદી થોપવા માગે છે એવી રેકર્ડ પાછી શરૂ કરી દીધી અને આક્ષેપ કરેલો કે તમિળનાડુ સરકાર હિંદી ભાષાને ફરજિયાત નથી બનાવતી અને રાજ્યમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) ૨૦૨૦ લાગુ કરવાનો ઈનકાર કર્યો તેથી કેન્દ્ર સરકારે તમિળનાડુના હકના ૨,૧૫૦ કરોડ રૂપિયા રોકી દીધા છે. મોદી સરકારે આ મામલો કોરઈ ચોખવટ ના કરી તેથી સ્ટાલિને આ વાતનો ધૂમ પ્રચાર કરેલો.

આ મુદ્દે સામસામી નિવેદનબાજી ચાલુ હતી ત્યાં સ્ટાલિને માર્ચમાં રજૂ કરાયેલા તમિલનાડુના બજેટમાં દેશના ચલણ એવા રૂપિયાના પ્રતિકને બદલે તમિળમાં રૂપિયાનો નવો સિમ્બોલ મૂકી દીધો હતો. સ્ટાલિનનું કહેવું હતું કે, રૂપિયાનું પ્રતિક હિંદી ભાષામાંથી લીધેલું છે એટલે નહીં ચાલે.

સ્ટાલિનની હરકત આઘાતજનક હતી કેમ કે, તેમની સરકારે દેશનાં પ્રતિકનું અપમાન દેશનું અપમાન કરી નાંખ્યું હતું. સ્ટાલિને રૂપિયાના પ્રતીકને ભાષા સાથે જોડીને પોતાની માનસિકતા છતી કરી દીધેલી પણ મોદી સરકાર સ્ટાલિન સરકાર સામે પગલાં લેવાની હિંમત ના બતાવી શકી તેમાં સ્ટાલિન ફાટીને ધુમાડે ગયા છે અને હવે તમિળનાડુમાંથી હિંદીનો એકડો જ કાઢી નાંખવા માગે છે એવી હવા જમાવી રહ્યા છે. તેના ભાગરૂપે તમિળનાડુમાં હિંદી પર પ્રતિબંધના નાટકનું બિલ રજૂ કરી શકે.સ્ટાલિનને આ દાવ ફળી પણ શકે કેમ કે તમિળનાડુનું રાજકારણ હિંદીના વિરોધ પર ચાલે છે. છેક ૧૯૪૦ના દાયકાથી રાજકારણીઓ લોકોના માનસમાં ઝેર રેડ્યા કરે છે કે, હિંદીને અપનાવવા જઈશું તો તમિળ ભાષા અને તમિળ સંસ્કૃતિ ખતમ થઈ જશે. ઉત્તર ભારતીયો તમિળ પ્રજા પર ચડી બેસશે ને આપણે તેમના ગુલામ થઈ જઈશું.તમિળનાડુના બધા રાજકીય પક્ષો આ રીતે પોતાની દુકાન ચલાવે છે. તમિળ ગૌરવ અને હિંદીના વિરોધના મુદ્દે લોકોમાં ઉન્માદ પેદા કરીને રાજ્યમાં હિંદી વિરોધી આંદોલનો પણ થયા છે. સ્ટાલિને હિંદી વિરોધમાં મહારત હાંસલ કરેલી છે અને ફરી એ ઉન્માદ પેદા કરવા મથી રહ્યા છે.

**ગર્ભનાળથી નીકળેલા લોહીને શીત અવસ્થામાં ૨૧ વર્ષ સુધી સુરક્ષિત રાખી શકાય છે.**

# અંગદાનને બનાવીએ આંદોલન

- **ભારતમાં ગર્ભાશયનું પ્રત્યારોપણ પણ શરુ થઇ ચૂક્યું છે. પૂનામાં એક મહિલાએ તેની માતાનું ગર્ભાશય પ્રત્યારોપણ કરાવીને બાળકને જન્મ આપ્યો છે.**

અંગ પ્રત્યારોપણની પ્રક્રિયાને સરળ અને સુલભ બનાવવા માટે કેન્દ્ર સરકાર એક રાષ્ટ્ર એક નીતિ લાગૂ કરવા જઇ રહી છે. હવે અંગદાન અને તેનું પ્રત્યારોપણ દેશની કોઇપણ હોસ્પિટલમાં કરી શકાશે. ભારત સરકારે મૂળ નિવાસી પ્રમાણપત્રના અવરોધને હટાવી દઇને આયુ-સીમાની બાધકતાને પણ દૂર કરી દીધી છે. અંગદાન મેળવવા માટે હવે જરુરતમંદ દર્દી કોઇપણ રાજયમાં પોતાનું નામાંકન કરાવી શકશે. નામાંકન કરવા બદલ દર્દી પાસેથી કોઇ પ્રકારની ફી વસૂલવામાં આવશે નહીં. ઉલ્લેખનીય છે કે, તેલંગાના, મહારાષ્ટ્ર, ગુજરાત અને કેરળ વગેરે રાજયોમાં અંગદાનના નામાંકનના બહાને ૫થી ૧૦ હજાર રુપિયા ફી તરીકે લેવામાં આવે છે.

કેન્દ્ર સરકાર દ્વારા બદલેલ નિયમો બાદ હવે ૬૫ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના દર્દી પણ મૃતકદાતાથી અંગ પ્રાપ્ત કરવા માટે નામાંકન કરાવી શકે છે. રાષ્ટ્રીય અંગ અને પ્રત્યારોપણ સંગઠનની વેબસાઇટ પર તમામ દિશાનિર્દેશ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. ગત દસ વર્ષોમાં અંગ પ્રત્યારોપણની માંગ વધી છે, જેની પૂર્તિ થઇ શકી નથી.

જો કે વર્ષ ૨૦૨૨માં ૧૫ હજારથી વધુ અંગોનું પ્રત્યારોપણ થયું હતું. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના સચિવ રાજેશ ભૂષણે કહયું હતું કે, અંગ પ્રત્યારોપણમાં વાર્ષિક ૨૭ ટકાના દરે વૃદ્ધિ થઇ રહી છે. જો કે માંગની સરખામણીમાં પૂરેપૂરી પૂર્તિ થઇ રહી નથી. આથી સંરચનામાં બદલાવની સાથે સ્તંભ કોશિકાઓ દ્વારા અંગોનું ઉત્પાદન પણ વધારવાની જરુરત છે.ભારતમાં ભેળસેળયુકત ખાદ્ય સામગ્રી અને માર્ગ અકસ્માતોના કારણે વ્યકિતઓના અંગો ખરાબ થઇ રહ્યા છે. જેના કારણે દર વર્ષ પાંચ લાખ દર્દીઓના મોત જરુરી માનવ અંગ ઉપલબ્ધ ન થવાના કારણે થઇ રહ્યા છે. બે લાખ યકૃત, ૫૦ હજાર હૃદય અને દોઢ લાખ કિડની સંબંધી બિમારીઓના કારણે દર્દીઓ મૃત્યુ પામે છે. જો કે અંગદાન અંગે ફેલાતી જાગૃતતાના કારણે લોકો પોતાની કિડની દાનમાં આપવા આગળ આવી રહ્યા છે. વિભાગના અંદાજ અનુસાર વર્ષમાં પાંચ હજાર દર્દીઓને જ કિડની દાનથી મળે છે. જેમાં ૯૦ ટકા કિડની મહિલાઓ અથવા દર્દીના પરિવારજનો દ્વારા અપાય છે. ભવિષ્યમાં મહિલાઓ અને પરિવારજનોને અંગદાન ન કરવું પડે તે માટે અંગોનું કૃત્રિમ રીતે ઉત્સર્જન કરવાની દિશામાં આગળ ધપવું જરુરી છે.

જો કે કોઈપણ સ્વસ્થ વ્યક્તિના પ્રાકૃતિક અવસાન બાદ તેના શારીરિક અંગોના દાનથી આઠ વ્યક્તિઓનું જીવન બચાવી શકાય છે. આ સ્થિતિમાં મૃત વ્યક્તિના યકૃત, કિડની, આંત, આંખો, હૃદય, ફેફસાં જેવા અંગો ઉપરાંત ચામડી અને મુખ્ય હાડકાંનું પણ સરળતાથી અંગદાન કરી શકાય છે. માનવ ત્વચાની એક સ્તંભ કોશિકા (સ્ટેમ સેલ)ને વિકસિત કરીને અનેક પ્રકારના રોગોમાં ઉપચારની સંભાવના ઉજાગર થઇ છે. સ્ટેમ સેલ માનવ શરીરમાં ક્ષય થયેલ અંગ પર પ્રત્યારોપિત કરવાથી અંગ વિકસિત થાય છે. લગભગ દસ લાખ સ્ટેમ સેલનો એક સમૂહ સોયની ટોચ બરાબર હોય છે. આવી ચમત્કારી ઉપલબ્ધિઓ છતાંયે સમગ્ર ચિકિત્સા સમૂહ આ પ્રણાલીને રામબાણ માનતો નથી.

શારીરિક અંગોને પ્રાકૃતિક રુપથી ક્ષરણ અથવા દુર્ઘટનામાં નષ્ટ થયા બાદ જૈવિક પ્રકિયાથી સુધાર લાવવાની પ્રણાલીમાં હજી વધુ મૂળભૂત સુધારા લાવવાની જરુરી છે. બીજી તરફ વંશાનુગત રોગોને દૂર કરવા માટે સ્ત્રીની ગર્ભનાળથી પ્રાપ્ત સ્ટેમ સેલનો પણ દવાના રુપમાં ઉપયોગ શરુ થઇ ચૂકયો છે. જેના કારણે ગર્ભનાળ રકત બેંક પણ ભારત સહિત દુનિયામાં આકાર લઇ રહી છે. આ ચિકિત્સા પ્રણાલિ અંતર્ગત પ્રસૂતિ બાદ તત્કાળ ગર્ભનાળ કાપ્યા બાદ તેમાંથી પ્રાપ્ત સ્ટેમ સેલનું સંરક્ષણ કરવામાં આવે તો તેનાથી પરિવારજનોને બે દસકા બાદ પણ ઉપચાર સંભવ છે. આ સ્ટેમ સેલનો ઉપયોગ દંપતિના સંતાન ઉપરાંત તેમના ભાઇ-બહેન તથા માતાપિતા માટે પણ કરી શકાય છે.

ગર્ભનાળથી નીકળેલા લોહીને શીત અવસ્થામાં ૨૧ વર્ષ સુધી સુરક્ષિત રાખી શકાય છે. પરંતુ તેને આ પ્રકારની ખાસ બેંકમાં રાખવાનો ખર્ચ એકથી દોઢ લાખ રુપિયા છે. આથી ગરીબ લોકો આ બેંકનો ખર્ચ ભોગવીને સ્ટેમ સેલ મૂકે તે વાત અસ્વાભાવિક છે. જયારે દેશમાં સરકારી સ્તરે આ પ્રકારની બેંકો શરુ કરવાનો સિલસિલો હજી શરુ થયો નથી. જો કે ખાનગી હોસ્પિટલોમાં આ પ્રકારની ખાનગી સ્ટેમ સેલ બેંકોની શરુઆત થઇ ગઇ છે અને દેશમાં લગભગ ૭૫થી વધુ ખાનગી સ્ટેમસેલ બેંકો છે.

આ પદ્ધતિમાં હૃદય, કિડની, ડાયાબીટીસ, કુષ્ઠ અને સ્નાયુ જેવા વંશાનુગત રોગોનો ઈલાજ સંભવ છે. મહિલાઓના માસિક ધર્મ દરમ્યાન નીકળતા લોહીમાં પણ જીવનને નિરોગી અને દિર્ઘાયુ બનાવવાની ક્ષમતા જોવા મળી છે. નવી શોધખોળમાં જાણવા મળ્યું છે કે, આ રકતમાં સ્ટેમ સેલ પ્રચૂર માત્રામાં હોય છે. જેનો ઉપયોગ અનેક બિમારીઓમાં કરી શકાય છે. મુંબઇમાં આ સ્ટેમ સેલને સંરક્ષણની દૃષ્ટિથી 'મેન્સ્ટુઅલ સ્ટેમ સેલ' બેંક પણ શરુ થઇ ચૂકી છે. સંશોધનમાં જાણવા મળ્યું હતું કે, રજસ્વલા સ્ત્રીના લોહીથી મળતા સ્ટેમ સેલમાં સફળતાની સંભાવના અસ્થિ મજ્જાથી નીકળેલ સ્ટેમ સેલ કરતા અનેકગણી વધુ હોય છે. જેના સંગ્રહ માટે ચિકિત્સા વિશેષજ્ઞની પણ જરુર રહેતી નથી. મહિલાઓ માસિક પીરીયડ દરમ્યાન નીકળતા રકતને એક કિટમાં એકત્રિત કરીને તે કિટ સ્ટેમ સેલ બેંકમાં જમા કરાવી શકે છે.ભારતમાં ગર્ભાશયનું પ્રત્યારોપણ પણ શરુ થઇ ચૂકયું છે. પૂનામાં એક મહિલાએ તેની માતાનું ગર્ભાશય પ્રત્યારોપણ કરાવીને બાળકને જન્મ આપ્યો છે. રિયો ડિ જેનેરિયોમાં એક મૃત મહિલાના ગર્ભાશયનું પ્રત્યારોપણ ૩૨ વર્ષીય મહિલાના શરીરમાં કરાવીને સ્વસ્થ બાળકોનો જન્મ કરાવ્યો હતો.

સત્તાવાર આંકડા અનુસાર વર્ષ ૨૦૧૩માં અંગ પ્રત્યારોપણની કુલ સંખ્યા ૪૯૯૦થી વધીને ૨૦૨૨માં ૧૫૫૬૧ થઇ હતી. સાથોસાથ જીવનદાતાઓ દ્વારા પણ કિડની પ્રત્યારોપણ વર્ષ ૨૦૧૩માં કુલ ૩૪૯૫ની સામે ૨૦૨૨માં વધીને ૯૮૩૪ પહોંચી હતી. અંગ પ્રત્યારોપણની જરુરતની પૂર્તિ આસાનીથી અંગોના ઉત્પાદન દ્વારા શકય બની શકે છે. આથી આ જૈવ ટેકનીકને પ્રોત્સાહન આપવાની આવશ્યકતા છે. જો કે અંગ પ્રત્યારોપણ બાદ વ્યક્તિ કેટલા દિવસ કે વર્ષ સુધી જીવિત રહ્યા તે આંકડાઓ જાહેર કરવામાં આવતા નથી.

**હિન્દી ફિલ્મોના જાણીતા અભિનેતા, કોમેડિયન, સ્ક્રિપ્ટ રાઈટર, ડિરેક્ટર અને પ્રોડ્યુસર પણ હતા.**

# સતિષ કૌશિક નાના નાના રોલ છતાં યાદ રહેશે

**'કેલેન્ડર'નો રોલ કરનારા સતિષ કૌશિક હિન્દી ફિલ્મોનાં જૂનાં ગીતોની પેરોડીવાળ ગીતમાં મેરા નામ હૈ 'કેલેન્ડર, મૈં તો ચલા કિચન કે અંદર.**

હિન્દી ફિલ્મોમાં ઘણા એવા કલાકારો આવી ગયા કે જે મહાન અભિનેતા નહોતા કે જેમને જબરદસ્ત સ્ટારડમ પણ ના મળ્યું છતાં દર્શકોના મન પર પોતાની અમીટ છાપ છોડી ગયા હોય. નાના નાના રોલ કરીને પણ જે લોકોના મનમાં વસી ગયા હોય. સતિષ કૌશિક આવા જ અભિનેતા હતા ને એટલે જ સતિષ કૌશિકનું ગુરૂવારે વહેલી સવારે ૬૭ વર્ષની વયે અચાનક અવસાન થયું ત્યારે મોટો આંચકો લાગી ગયો. હોળી પર ગીતકાર જાવેદ અખ્તરને ત્યાં સતિષ કૌશિકે મિત્રો સાથે જોરદાર મજા કરી હતી ને તેના ફોટા પણ સોશિયલ મીડિયા પર મૂક્યા હતા. ત્રણ દિવસ પહેલાં જાવેદ અખ્તરના ઘરે સતિષને હોળી ઉજવતા જુઓ તો લાગે જ નહીં કે આ માણસ ત્રણ દિવસ પછી આપણી વચ્ચે નહીં હોય. મુંબઈમાં હોળી ઉજવ્યા પછી પરિવારજનો સાથે હોળી ઉજવવા હરિયાણા ગયેલા સતિષને વતનમા જ હાર્ટ એટેક આવી ગયો. સતિષને ગુરુગ્રામની ફોર્ટિસ હોસ્પિટલમાં લઈ જવાયા પણ બચાવી ના શકાયા.

સતિષ કૌશિક હિન્દી ફિલ્મોના જાણીતા અભિનેતા, કોમેડિયન, સ્ક્રિપ્ટ રાઈટર, ડિરેક્ટર અને પ્રોડ્યુસર પણ હતા. ૧૯૮૩માં આવેલી કુંદન શાહની કલ્ટ ક્લાસિક કોમેડી ફિલ્મ 'જાને ભી દો યારોં'થી તેમણે પોતાની અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી. એ રીતે સતિષ કૌશિકની હિન્દી ફિલ્મોમાં કારકિર્દીને ચાર દાયકા પૂરા થઈ ગયા છે. આ ચાર દાયકાની કારકિર્દીમાં સતિષ કૌશિકે સો કરતાં વધારે ફિલ્મોમાં અભિનય તો કર્યો જ પણ નિર્દેશક અને નિર્માતા તરીકે ફિલ્મો પણ બનાવી.

સતિષ કૌશિકની નિર્માતા અને નિર્દેશક તરીકેની કારકિર્દી તડકી-છાંયડીવાળી છે. બલ્કે સફળતા કરતાં નિષ્ફળતા વધારે મળી તેથી સતિષ કૌશિક સર્જક તરીકે સતત સંઘર્ષ કરતા રહ્યા પણ તેમને અભિનેતા તરીકે રોલ મળ્યા કરતા હતા તેથી ચાર દાયકા કરતાં વધારે સમય ચાલી ગયા. સતિષ કૌશિક હરિયાણાના મહેન્દ્રગઢમાં જન્મેલા ને પરિવારને અભિનય સાથે કંઈ લેવાદેવા નહોતી. ગ્રેજ્યુએશન કરવા માટે દિલ્હી આવ્યા ને થીયેટરનો ચસકો લાગ્યો તેમાં કૌશિક ફિલ્મોમાં આવી ગયેલાં. પહેલાં દિલ્હીની 'નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા' ને પછી પૂણેની ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા' જેવી ખ્યાતનામ સંસ્થાઓમાં અભ્યાસ કર્યો એટલે ફિલ્મો માટે પેશન ધરાવતા મિત્રો સાથે ગાઢ પરિચય થયો તેમાં ફિલ્મો કદી છૂટી જ નહીં.

કુંદન શાહની કલ્ટ ક્લાસિક કોમેડી ફિલ્મ 'જાને ભી દો યારોં'થી અભિનય કારકિર્દીની શરૂ કરનારા સતિષે એ પછી અનિલ કપૂર સાથે 'વો સાત દિન', શેખર કપૂરની નસીરુદ્દીન અને શબાના આઝમી અભિનીત 'માસૂમ' અને શ્યામ બેનેગલની 'મંડી' જેવી ફિલ્મોમાં અભિનય કર્યો હતો પણ એક અભિનેતા તરીકે સતીશ કૌશિકને ૧૯૮૭માં આવેલી ફિલ્મ 'મિસ્ટર ઈન્ડિયા'થી ઓળખ મળી. આ ફિલ્મે સતિષ કૌશિકને ઘેર ઘેર જાણીતા કર્યા.

શેખર કપૂરની 'મિસ્ટર ઈન્ડિયા'માં અનિલ કપૂરને ત્યાં નોકર તરીકે કામ કરતા 'કેલેન્ડર'નો રોલ કરનારા સતિષ કૌશિક હિન્દી ફિલ્મોનાં જૂનાં ગીતોની પેરોડીવાળ ગીતમાં મેરા નામ હૈ 'કેલેન્ડર, મૈં તો ચલા કિચન કે અંદરપપ.' લાઈનો દ્વારા લોકોના દિલોદિમાગ પર એક છાપ છોડી ગયેલા.સતિષ કૌશિકે એ પછી ફિલ્મોમાં કોમેડિયન કે વિલનના ટીપિકલ રોલ કર્યા ને તેમાં યાદ રાખવા જેવા બહુ નથી પણ એક ટીપિકલ કોમેડી સ્ટાઈલના કારણે સતિષ કૌશિક સૌને ગમતા. ગોળમટોળ ચહેરો અને શરીરના કારણે કોમેડિયન તરીકે સતિષ કૌશિક એકદમ ફિટ બેસતા તેથી એ પ્રકારના રોલ વધારે મળ્યા. ડેવિડ ધવનની ફિલ્મમાં સતિષ કૌશિક હોય એવું થઈ જ ગયેલું.સ્વર્ગ, જમાઈ રાજા, સાજન ચલે સસુરાલ, દીવાના મસ્તાના, હમ કિસી સે કમ નહીં, બડે મિયાં છોટે મિયાં વગેરે ફિલ્મોમાં તેમણે રોલ કરેલા. પપ્પુ પેજર, લાલુલાલ લંગોટિયા, પ્રોફેસર ચશ્મિશ, જમ્બો, એરપોર્ટ વગેરે તેમણે ભજવેલાં કેટલાંક પાત્રોનાં નામ છે. ૧૯૯૦માં આવેલી સુભાષ ઘઈની 'રામ-લખન' અને ૧૯૯૭ની ગોવિંદા સાથેની ડેવિડ ધવનની ફિલ્મ 'સાજન ચલે સસુરાલ' માટે કૌશિકને બેસ્ટ કોમેડિયનનો ફિલ્મફેર અવોર્ડ મળ્યો હતો.આ ફિલ્મોમાં પણ તેમના રોલ બહુ દમદાર નહોતા પણ કેટલીક ફિલ્મોમાં તેમણે છાપ છોડી હતી. સુધીર મિશ્રાની કલકત્તા મેઈલમાં વિલન સુજાન સિંહ તરીકે કૌશિકે જમાવટ કરેલી. રિશિ કપૂરની છેલ્લી ફિલ્મ શર્માજી 'નમકીન' અને અનિલ કપૂર સાથેની 'થાર'માં પણ કૌશિકે સારો રોલ કરેલો. ત્રણ વર્ષ પહેલાં આવેલી પ્રતીક ગાંધીની 'સ્કેમ ૧૯૯૨'માં પણ તેમનો અભિનય વખણાયો હતો. કંગના રણૌત અભિનીત પિરિયડ ફિલ્મ ઈમર્જન્સી' રિલીઝ થવાની બાકી કે જેમાં કૌશિક બાબુ જગજીવન રામ' બન્યા છે. આ રોલ પણ દમદાર હોવાનું મનાય છે.સતિષ કૌશિકની ડિરેક્ટર તરીકેની કારકિર્દીની શરૂઆત બહુ આઘાતજનક હતી. અનિલ કપૂર અને શ્રીદેવી અભિનીત 'રૂપ કી રાની ચોરોં કા રાજા' ડિરેક્ટર તરીકે સતિષની પહેલી ફિલ્મ હતી. ૧૯૯૩માં ૯ કરોડ રૂપિયા ખર્ચીને બનાવાયેલી આ ફિલ્મ એ જમાનામાં કલ્પના ના કરી હોય એટલી મોંઘીદાટ ફિલ્મ હતી. આ ફિલ્મ સુપરફ્લોપ રહી હતી ને બોની કપૂર દેવામાં ડૂબી ગયો હતો. તેના કારણે સતિષ કૌશિક ફરી કદી ડિરેક્ટર નહી બની શકે એવું લાગતું હતું પણ અનિલ કપૂરે દોસ્તી નિભાવીને સતિષ કૌશિકમાં વિશ્ર્વાસ બતાવ્યો. સતિષે એ પછી અનિલ કપૂરની 'હમ આપકે દિલ મેં રહતે હૈ', હમારા દિલ આપકે પાસ હૈ વગેરે ફિલ્મો ડિરેક્ટ કરી કે જે સારી ચાલી.

# ‘કહાની ઘર ઘર કી’ના ઓમ અને પાર્વતી ‘ક્યુંકી સાસ ભી કભી બહુ થી’માં સ્પેશિયલ એન્ટ્રી કરશે

### તુલસી અને મિહિર પછી ઓમ અને પાર્વતી સાથેની ફેન્સની ૨૫ વર્ષ જુની યાદો તાજી થશે



ટીવીના પડદે વર્ષો સુધી રાજ કર્યા પછી ૨૫ વર્ષે મિહીર અને તુલસી ‘ક્યુંકી સાસ ભી કભી બહુ થી’ની નવી સીઝન સાથે પાછા ફર્યા છે. સ્મૃતિ ઇરાની અને અમર ઉપાધ્યાય બીજી સીઝનમાં પોતાના રોલમાં પાછા ફર્યા અને લોકોને તેમની નવી વાર્તા પસંદ પણ આવી રહી છે, ત્યારે હવે ૨૫ વર્ષે આવા જ બે લોકપ્રિય પાત્રો ઓમ અને પાર્વતી એક ખાસ એપિસોડ માટે આ શોમાં ફરી એક વખત જોવા મળશે. કહાની ઘર ઘર કી શોથી લોકપ્રિય થયેલા આ બંને પાત્રો ક્યુંકી સાસ ભી કભી બહુ થીની નવી સાઝનમાં જોવા મળશે.

પ્રોડક્શન હાઉસે આ એપિસોડ માટેસાક્ષી તંવર અને કિરણ કરમાર્કર સાથે વાત કરી લીધી છે, જેઓ ઓમ અને પાર્વતીના રોલમાં ફરી એક વખત દેખાશે. તેઓ એક ખાસ એપોસિડમાં ટૂંક સમય માટે આવી રહ્યા છે, ત્યારે દર્શકો માટે ઘણી જુની યાદો તાજી થશે.

સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, “ઓમ અને પાર્વતી રસપ્રદ રીતે આ શોમાં ફરી જોવા મળશે. એક મકાન છે, જેની માલિકીના દસ્તાવેજો અગ્રવાલ પરિવાર પાસે છે. ત્યારે મિહિર આ અગ્રવાલ દંપત્તિને પોતાના ઘરે શાંતિનિકેતન બોલાવે છે.

આ રીતે ક્યુંકી..માં ઓમ અને પાર્વતીની એન્ટ્રી થશે. તેઓ થોડા એપિસોડ માટે આવશે, આવનારા થોડા દિવસોમાં તેમનું શૂટિંગ શરૂ થશે. કહાની ઘર ઘર કીની ઉજવણી સાથે તેમના એપિસોડને જોડી દેવામાં આવશે.”


હાલ દર્શકોને મિહિર અને તુલસીની વાર્તા પસંદ પડી રહી છે, ત્યારે ત્યારે ઓમ અને પાર્વતી આ વાર્તાને વધુ રસપ્રદ બનાવશે.






# ‘કંતારા’થી કંગના ખુશ, ધર્માંતરણ રોકવામાં આવી ફિલ્મો મદદરૂપ

ઋષભ શેટ્ટીની ‘કંતારાઃ ચેપ્ટર ૧’ને ઓડિયન્સ અને ક્રિટિક્સનો ભરપૂર પ્રેમ મળી રહ્યો છે. ‘છાવા’ અને ‘બાહુબલિ’ જેવી ફિલ્મોના રેકોર્ડ તોડનારી ‘કંતારાઃ ચેપ્ટર ૧’ના ચાહકોમાં હવે કંગના રણોત પણ આવી છે. લોકકથા અને સંસ્કૃતિ સાથે વણાયેલી કથામાં દેવ સંસ્કૃતિને આ લેખતી આ ફિલ્મની પ્રશંસા કરતા કંગનાએ કહ્યું હતું કે, આદિવાસી સમુદાયમાં ધર્માંતરણ રોકવામાં આ પ્રકારની ફિલ્મ મદદ કરી શકે છે. કંગનાએ તાજેતરમાં એક સોશિયલ મીડિયા પોસ્ટનો જવાબ આપ્યો હતો, જેમાં હિમાલયની દેવ સંસ્કૃતિ અને કંતારામાં શેટ્ટીએ દર્શાવેલી પરંપરા વચ્ચે સરખામણી કરવામાં આવી હતી. પોસ્ટમાં એક યુઝરે જણાવ્યુ હતું કે, કંતારાએ જે બતાવ્યું છે, તે હકીકત છે. આ ફિલ્મ જોઈ ન હતી, ત્યાં સુધી દક્ષિણ ભારતીય સંસ્કૃતિ અંગે માહિતગાર ન હતી. હિમાલયમાં જન્મેલ દરેક વ્યક્તિએ પોતાની કલ્પના કરતાં વધારે જોયું છે અને અનુભવ્યું છે. દેવ સંસ્કૃતિ સાચા અર્થમાં દિવ્ય છે અને આ ફિલ્મે ખૂબ સુંદર રીતે હિન્દુત્વની વિશાળતા તથા સ્થાનિક દેવતા સાથે લોકોના અગાધ જોડાણને દર્શાવ્યું છે. આ પોસ્ટ પર નજર પડ્યા પછી કંગનાએ ફિલ્મની પ્રશંસા કરતા કહ્યું હતું કે, ફિલ્મ ખૂબ સારી છે.આ પ્રકારની ફિલ્મો આદિવાસી સમુદાયમાં ધર્માંતરણ રોકવામાં પણ મદદ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૨ના વર્ષમાં આવેલી ‘કંતારા’ની પ્રીક્વલ તરીકે ‘કંતારાઃ ચેપ્ટર ૧’ રિલીઝ થઈ છે.



# ‘પોઈઝન બેબી’ની ધમાલઃ મલાઈકાના ડાન્સમાં રશ્મિકાએ સસ્પેન્સ વધાર્યું

હિન્દી ફિલ્મોમાં મસાલેદાર ગીત સાથે યાદગાર ડાન્સ સ્ટેપ્સ માટે મલાઈકા અરોરાને હંમેશા યાદ કરવામાં આવે છે. પોતાના કરતાં અડધી ઉંમરની એક્ટ્રેસને પણ ડાન્સ સ્ટેપ્સમાં માત આપનારી મલાઈકા સાથે આ વખતે રશ્મિકા મંદાનાએ તાલ મિલાવ્યો છે. રશ્મિકાનો લીડ ધરાવતી ફિલ્મ ‘થામા’નું પહેલું ગીત રિલીઝ થતાની સાથે જ વાઈરલ થયું છે. ‘પોઈઝન બેબી’ નામના આ ગીતમાં મલાઈકાના સ્વેગની સાથે રશ્મિકાએ સસ્પેન્સ વધાર્યું છે.



અત્યાર સુધી ફિલ્મોમાં માસૂમ અને નટખટ યુવતીનો રોલ કરનારી રશ્મિકાએ ‘થામા’માં વેમ્પાયરનો રોલ કર્યો છે. વેમ્પાયર તરીકે રશ્મિકાની કલ્પના કરવાનું અઘરું હતું ત્યારે તેણે પોતાના કેરેક્ટરની વધુ એક ઝલક આપી દીધી છે, જેના કારણે રશ્મિકાના કેરેક્ટર માટેનું સસ્પેન્સ વધ્યું છે. ‘પોઈઝન બેબી’ શબ્દ ધરાવતા ગીતમાં મલાઈકા સાથે રશ્મિકાએ પણ ડાન્સ કર્યો છે. ગીતની શરૂઆત મલાઈકા અરોરાના ઈન્ટ્રોડક્શનથી થાય છે અને તે સ્ટેજ તરફ આગળ વધે છે.

મલાઈકા ક્લબ જેવી કોઈ જગ્યામાં ડાન્સ કરે છે ત્યારે આયુષ્માન અને રશ્મિકા જોવા મળે છે. આયુષ્માનની ઈચ્છા રશ્મિકાને પોતાની નજીક રાખવાની છે, પરંતુ રશ્મિકાની નજર રેડ વાઈનના ગ્લાસ પર પડે છે, જેને તે લોહી સમજી બેસે છે. બીજી જ ક્ષણે રશ્મિકા એક ઘૂંટડે વાઈન પી જાય છે.

બાદમાં રશ્મિકા મલાઈકા સાથે ડાન્સ ફ્લોર પર ધમાલ મચાવે છે. રશ્મિકા અને મલાઈકા પહેલી વખત સાથે સ્ટેજ પર જોવા મળ્યા છે. મલાઈકાએ પોતાનો જૂનો અંદાજ અને સ્વેગ યથાવત રાખ્યા છે, જ્યારે રશ્મિકાએ પોતાના કેરેક્ટર અને સ્ટોરી અંગે સસ્પેન્સ ઊભું કરી દીધું છે. થોડા સમય પહેલા રિલીઝ થયેલા ટ્રેલરમાં ‘થામા’ને વેમ્પાયર લવ સ્ટોરી ગણાવાઈ છે. જેમાં આયુષ્માન અને રશ્મિકા લીડ રોલમાં છે. વિલન તરીકે નવાઝુદ્દીન સિદ્દિકી છે, જે આયુષ્માનને વેમ્પાયર બનાવે છે અને બાદમાં રશ્મિકા પણ તેવી થઈ જાય છે.

# મેન્ટલ હેલ્થ માટે જરૂર પડે ત્યારે ધીમા પડો અને રડી લોઃ સારા



### દરેક પરિસ્થિતિનો એકલા મુકાબલો કરવાના બદલે મદદ માગી લેવી જોઈએ

દરેક ફિલ્મ સાથે ભાગ્યમાં ઉથલ-પાથલ લાવી દેતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમા ટકી રહેવાનું ખૂબ અઘરું છે. સ્ટારડમની સાથે એક્ટિંગમાં પણ જોર લગાવવાના દબાણ વચ્ચે ઘણાં એક્ટર્સ મેન્ટલ હેલ્થને જોખમમાં મૂકે છે. સારા અલી ખાનનું માનવું છે કે, મેન્ટલ હેલ્થ માટે જરૂર પડે ત્યારે ધીમા પડો, રડી લો અને ઊંડા શ્વાસ લેવું જોઈએ. તે પોતે પણ આવું કરી જ રહી છે. દરેક પરિસ્થિનો મુકાબલો એકલા કરવાના બદલે કોઈની મદદ માગી લેવી જોઈએ.

સારાના મતે, સમય અને સંજોગો પ્રમાણે પીછેહઠ કરવામાં કે અન્યની મદદ લેવામાં નાનમ રાખવી જોઈએ નહી. હું જાતે જ બધું હેન્ડલ કરી લઈશ તેવી મથામણને નિરર્થક ગણાવતા સારાએ કહ્યં હતું કે, મેન્ટલ બેલેન્સ માટે સેલ્ફ કેર જરૂરી છે. તેના માટે રડી લેવામાં પણ વાંધો નથી. ઊંડા શ્વાસ લઈને કે પછી કોઈ અપરાધભાવ વગર ધીમા પડીને આ પ્રકારની પળોજણમાંથી ઉગરી શકાય છે. સારાએ કહ્યું હતું કે, લાગણીઓને દબાવીને રાખવાથી ક્ષમતા વધતી નથી. લાગણીઓને ઓળખી તેનો સ્વીકાર કરવામાં ખરી બહાદુરી છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રેશર ખૂબ હોય છે અને દરેક પરિસ્થિતિમાં એકલા જ લડી લેવાનો ભ્રમ રાખવો જોઈએ નહીં. ચારે બાજુ પરિસ્થિતિ અસ્તવ્યસ્ત જણાય ત્યારે જીવનમાં નાની-નાની ખુશીઓ શોધી હળવાશ લાવવી જોઈએ. આ કવાયત ઘણી મદદરૂપ રહે છે. પોતાની જાતને સમજવામાં અને લાગણી વ્યક્ત કરવામાં આ પ્રકારની આદત મદદરૂપ છે. જાત પ્રત્યે ઈમાનદાર રહીએ તો મોટાભાગની તકલીફો દૂર થઈ શકે છે.

# નાણા કમાવા ખૂબ મહેનત કરુ છું, પરંતુ મનની શાંતિ વધુ મહત્ત્વનીઃ અક્ષય કુમાર

### કરણ જોહર અને મનીષ મલહોત્રાના ફેશન રિયાલિટી શોમાં અક્ષય કુમારની એન્ટ્રી

એક વર્ષમાં સંખ્યાબંધ ફિલ્મો આપવા બદલ અક્ષય કુમારની ઘણી વખત ટીકા થતી રહે છે. કરોડો રૂપિયાની ફી લેવા છતાં અક્ષય કુમાર એક સાથે ઘણી ફિલ્મો પર કામ કરે છે અને તેના કારણે કામને અન્યાય થતો હોવાનું પણ ઘણાં કહે છે. અક્ષય કુમાર આ પ્રકારના આક્ષેપોને હસવામાં કાઢી નાખે છે. અક્ષયનું માનવું છે કે, તે નાણાં કમાવા આકરી મહેનત કરે છે અને પ્રોડ્યુસર્સને પણ કોઈ વાંધો નથી. તો પછી અન્ય લોકોએ જીવ બાળવો જોઈએ નહીં. અક્ષય કુમારે આ વખતે અગાઉની ચર્ચાનો તંતુ આગળ વધારતા કહ્યુ હતું કે, નાણાં કમાવા તે ભરપૂર મહેનત કરે છે, પરંતુ તેના કરતાં વધારે મહત્ત્વ મનની શાંતિનું છે.

સંપત્તિ અને સ્વસ્થતા વચ્ચે પસંદગી કરવાની આવે તો તેમના માટે નાણાં કરતાં વધારે મહત્ત્વ મનની શાંતિનું છે. જીવનમાં નાણાંના મહત્ત્વ અંગેનો દૃષ્ટિકોણ સમજાવતા અક્ષયે કહ્યુ હતું કે, દરેકને ખબર છે, નાણા જરૂરી છે. જો કે સૌથી વધારે મહત્ત્વ મનની શાંતિનું છે. નાણાના ભોગે શાંતિ મળતી હોય તો તેના માટે તે તૈયાર છે. નાણાં માટે તે આકરી મહેનત કરે છે, પરંતુ આ સાથે જ સરખામણી કરવાનો સમય આવે તો મનની શાંતિની જ પહેલી પસંદગી કરશે.

અક્ષય કુમારે ફેશન કેન્દ્રિત આંત્રપ્રિન્યોર રિયાલિટી શોની લોન્ચ ઈવેન્ટમાં નાણા અને શાંતિ વચ્ચે સરખામણી કરી હતી. અક્ષય કુમારની સાથે કરણ જોહર, મલાઈકા અરોરા અને મનીષ મલહોત્રા ટ્રેલર લોન્ચમાં પહોંચ્યા હતા. ફેશન કોમ્પિટિશન આધારિત દેશના પ્રથમ રિયાલિટી શોના ટ્રેલરમાં ફેશનની સમજણને બિઝનેસમાં ફેરવવાની સફર અંગે વાત કરવામાં આવી છે. ફેશન આંત્રપ્રિન્યોર્સને દર્શાવતો આ રિયાલિટી શો ૨૦ ઓક્ટોબરથી જિયોહોટસ્ટાર પર સ્ટ્રીમ થશે.




# શ્રીલીલાની ફાયર એક્શનઃ એજન્ટ મિર્ચી આપશે બોબી દેઓલને ટક્કર

### ‘એજન્ટ મિર્ચી’માં બોબી દેઓલ અને શ્રીલીલાએ ફર્સ્ટ લૂક પોસ્ટર શેર કર્યું

દીપિકા પાદુકોણ અને આલિયા ભટ્ટ પછી હવે ગ્લેમરસ શ્રીલીલાએ પણ એક્શનના મેદાનમાં ઝંપલાવી દીધું છે. શ્રીલીલાએ આગામી ફિલ્મ ‘એજન્ટ મિર્ચી’નું પોસ્ટર શેર કર્યું છે. આ પ્રોજેક્ટની ખાસ ડીટેઈલ જાહેર થઈ નથી, પરંતુ તેમાં એક્શનની ભરમાર નક્કી લાગે છે. શ્રીલીલાની સાથે આ ફિલ્મમાં બોબી દેઓલ પણ મહત્ત્વના રોલમાં છે. બંને એક્ટર્સે ફિલ્મમાં પોતાના ફર્સ્ટ લૂકનું પોસ્ટર શેર કર્યુ હતું.

બોબી દેઓલ પોતાની સેકન્ડ ઈનિંગમાં એક્શન રોલ વધારે કરી રહ્યા છે અને મોટાભાગે તેમને વિલનનો રોલ જ ઓફર થાય છે. પીઢ અને અનુભવી એક્શન સ્ટાર સામે આ વખતે શ્રીલીલા ટક્કર લઈ રહી છે. આ નવા અવતારમાં પોતાના કોન્ફિડન્સ અને દ્રઢતાનો પરિચય આપતા શ્રીલીલાએ પોસ્ટર શેર કર્યું છે. કેપ્શનમાં શ્રી લીલાએ લખ્યુ હતું કે, રેડી, સ્ટેડી, ફાયર. મિર્ચી લગનેવાલી હૈ. આગ લગા દે. શ્રીલીલાનું આ પોસ્ટર ઝડપથી વાઈરલ થયુ હતું અને ઘણાં લોકોએ કોમેન્ટ કરી હતી. સિન્ડ્રેલા હવે લેડી જેમ્સ બોન્ડ બની હોવાનું કેટલાકને લાગ્યુ હતું, જ્યારે લીલા ઓન ફાયર એક્શન કહીને એક ચાહકે વખાણ કર્યા હતા.

શ્રીલીલાનો નવો લૂક શેર થયો તેના થોડા સમય પહેલા બોબી દેઓલે પણ પોસ્ટર જાહેર કર્યું હતું. બોબી દેઓલે કાળા ચશ્મા સાથે લાંબા વાળ રાખેલા છે. બોબીની આસપાસમાં હેલિકોપ્ટર અને ટેન્ક દેખાય છે, જેથી દૃશ્ય કોઈ યુદ્ધભૂમિનું હોવાનું જણાય છે. બીજી બાજુ શ્રીલીલા પણ હથિયારોથી સજ્જ થઈ મેદાનમાં ઝૂકાવી રહી છે. ફિલ્મના ટાઈટલ અને પોસ્ટરને જોયા પછી ફિલ્મમાં શ્રીલીલાનું નામ એજન્ટ મિર્ચી હોવાનું અનુમાન છે. ‘આલ્ફા’માં આલિયા ભટ્ટ સ્પાયનો રોલ કરી રહી છે ત્યારે તેની જેમ શ્રીલીલા પણ આવા જ કોઈ કેરેક્ટરમાં આગમન કરી રહી છે.

# ઓસ્ટ્રેલિયન માટે રોહિત-કોહલીને નિહાળવાની અંતિમ તક:કમિન્સ

## આ બને મહાન ક્રિકેટર્સને કારણે આ વખતની ભારત-ઓસ્ટ્રેલિયા વન-ડે સિરીઝ ખાસ બની ગઈ છે

પ્રવાસી ભારતીય ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયા આવી રહી છે અને રવિવારે તે પર્થ ખાતે ઓસ્ટ્રેલિયા સામે પ્રથમ વન-ડે મેચ રમશે ત્યારે આ સિરીઝ એકદમ સ્પેશિયલ બની જવાની છે કેમ કે પ્રવાસી ટીમના બે મહાન ક્રિકેટર રોહિત શર્મા અને વિરાટ કોહલી કદાચ છેલ્લી વાર આ દેશના પ્રવાસે આવ્યા છે અને ઓસ્ટ્રેલિયન રમતપ્રેમીઓ માટે આ બંનેને રમતા નિહાળવાની આ અંતિમ તક બની રહેશે તેમ ઓસ્ટ્રેલિયન ટીમના કેપ્ટન પેટ કમિન્સે જણાવ્યું હતું.

વિરાટ કોહલી અને રોહિત શર્માએ ગયા વર્ષે અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમા યોજાયેલા ટી૨૦ વર્લ્ડ કપ બાદ ટી૨૦માંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી અને તાજેતરમાં જ બંનેએ નજીકના સમયગાળામાં જ ટેસ્ટ ક્રિકેટમાંથી પણ નિવૃત્તિ લઈ લીધી હતી. આમ આ બંને હવે માત્ર ૫૦ ઓવરના ક્રિકેટના ફોર્મેટમાં જ રમવાના છે. જોકે ભારતીય ટીમ અત્યારે જે રીતે આગળ ધપી રહી છે અને ભવિષ્યના આયોજન કરી રહી છે તેને ધ્યાનમાં રાખીને આ સિરીઝ માટે રોહિત શર્માને સ્થાને




શુભમન ગિલને વન-ડે ટીમની આગેવાની સોંપાઈ છે. આમ રોહિત શર્મા કે વિરાટ કોહલી ભારતીય ક્રિકેટની ભાવિ યોજનામાં હવે પૂરતા બંધબેસતા ન હોય તેમ લાગી રહ્યું છે. પેટ કમિન્સે કદાચ આ બાબતને ધ્યાનમાં રાખીને જ આ પ્રકારનું નિવેદન કર્યું છે.

પેટ કમિન્સ આ સિરીઝમાં રમવાનો નથી અને ઈજાને કારણે તેને બાકાત રખાયો છે પરંતુ તે ટીમની સાથે રહીને પેવેલિયનમાંથી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની મેચો નિહાળશે.

તેણે જણાવ્યું હતું કે વિરાટ કોહલી અને રોહિત શર્મા છેલ્લા ૧૫ વર્ષથી ભારતની કોઈ પણ ફોર્મેટની ટીમનો હિસ્સો રહ્યા છે. આ વખતે ઓસ્ટ્રેલિયન રમતપ્રેમીઓ માટે આ બંનેને સાથે રમતા નિહાળવાની કદાચ આ અંતિમ તક બની રહેશે.

દેખીતી રીતે જ આ બે ક્રિકેટર ભારત માટે ખરા અર્થમાં ચેમ્પિયન છે અને તેઓએ હંમેશાં ટીમના પ્રદર્શનમાં યોગદાન આપ્યું છે તથા અન્ય નવોદિતોને આગળ ધપવા માટે સપોર્ટ કરતા રહ્યા છે તેમ કહીને કમિન્સે ઉમેર્યું હતું કે અમે જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં સામસામે રમ્યા છીએ ત્યારે રોહિત અને કોહલીની રમત નિહાળવા માટે સમર્થકો એકત્રિત થયા છે અને પ્રેક્ષકોએ પણ આ બંનેને એટલો જ સપોર્ટ કર્યો છે.

ઓસ્ટ્રેલિયાના આ મોખરાના ઝડપી બોલરે જણાવ્યું હતું કે તે આ સિરીઝ ગુમાવવાથી વ્યથિત છે અને નિરાશ છે. ભારત સામેની લિમિટેડ ઓવરની સિરીઝ ગુમાવવી તે મારા માટે નિરાશાજનક બાબત છે. મને લાગે છે કે આ વખતે તમામ મેચમાં પ્રેક્ષકો પણ મોટી સંખ્યામાં હાજરી આપશે. આ સિરીઝ અંગે ઓસ્ટ્રેલિયામાં ખૂબ જ રોમાંચ પ્રસરી રહ્યો છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પર્થ બાદ એડિલેડ અને સિડનીમાં એક એક વન-ડે મેચ રમાશે અને ત્યાર બાદ ૨૯મી ઓક્ટોબરથી બંને વચ્ચે પાંચ મેચની ટી૨૦ સિરીઝનો પ્રારંભ થશે. કમિન્સે વધુમાં જણાવ્યું હતું કે જ્યારે તમે કોઈ એક મેચ ગુમાવો ત્યારે નિરાશા થાય પણ ભારત સામેની મેચ ગુમાવો ત્યારે તે બાબત સહન થઈ શકતી નથી.



# મિચેલ સ્ટાર્ક ૧૧ વર્ષના લાંબા ગાળા બાદ બિગ બેશમાં રમશે

## સ્ટાર્ક છેલ્લે ડિસેમ્બર ૨૦૧૪માં બિગ બેશ ટી૨૦માં રમ્યો હતો

ઓસ્ટ્રેલિયાનો ઝડપી બોલર મિચેલ સ્ટાર્ક આવતા સપ્તાહે ભારત સામેની ટી૨૦ અને વન-ડે સિરીઝમાં રમનારો છે અને ત્યાર બાદ તે ઓસ્ટ્રેલિયાની મેજર ટી૨૦ લીગ એટલે કે બિગ બેશ લીગમાં પણ રમનારો છે. આશ્ચર્યની વાત એ છે કે એક સમયે ભારતમાં આઈપીએલમાં સૌથી મોંઘી કિંમતે ખરીદાયેલો સ્ટાર્ક ૧૧ વર્ષના લાંબા ગાળા બાદ પોતાના ઘરઆંગણાની ટી૨૦ લીગમાં રમવાનો છે. તે છેલ્લે ડિસેમ્બર ૨૦૧૪માં બિગ બેશમાં રમ્યો હતો. હવે આ વર્ષે તે આ લીગમાં પુનરાગમન કરે તેવી સંભાવના છે.

મિચેલ સ્ટાર્કે ૧૪મી ડિસેમ્બરથી ૨૫મી જાન્યુઆરી સુધી યોજાનારી આ લીગમાં સિડની સિક્સર્સ સાથે કોન્ટ્રાક્ટ કર્યો છે. છેલ્લી બે સિઝનની માફક સિડની સિક્સર્સે સ્ટાર્કને એક રિઝર્વ ખેલાડી તરીકે કરારબદ્ધ કર્યો છે. ઉલ્લેખનીય છે કે સ્ટાર્કે તાજેતરમાં ટી૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. જોકે આ વખતે તે બિગ બેશ લીગના બીજા ચરણમાં રમશે.

બીબીએલની પ્રત્યેક ટીમમાં બે વધારાના ખેલાડીનો ક્વોટા હોય છે. જેને કારણે નેશનલ ટીમ સાથેના કોન્ટ્રાક્ટ ધરાવતા ખેલાડીઓને તેમની ઉપલબ્ધતાના આધારે કરારબદ્ધ કરવામાં આવતા હોય છે. સ્ટાર્ક ટીમના ૧૮ ખેલાડીઓમાં સામેલ થશે.

# આઇસલેન્ડે મેચ ડ્રો કરીને ફ્રાન્સની વિજયકૂચ અટકાવી

## ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ: યુક્રેન મેઇન ડ્રોની નજીક, બેલ્જિયમનો ૪-૨થી વિજય

આઈસલેન્ડ સામેની મેચ ૨-૨થી ડ્રો થયા બાદ ફ્રાન્સે ૨૦૨૬માં યોજાનારા ફિફા વર્લ્ડ કપ ફૂટબોલના મુખ્ય ડ્રોમાં સ્થાન મેળવવાની તક ગુમાવી દીધી હતી. આ અગાઉ ફ્રાન્સે સતત ત્રણ મુકાબલા જીત્યા હતા. બે વખતની વર્લ્ડ ચેમ્પિયન ટીમે જો આઈસલેન્ડને હરાવ્યું હોત અને યૂક્રેનની ટીમ અઝરબૈજાનને હરાવવામાં નિષ્ફળ રહી હોત તો ફ્રાન્સનું મુખ્ય ડ્રોમાં સ્થાન નિશ્ચિત થઇ ગયું હોત.

યુક્રેને ૨-૧થી વિજય હાંસલ કર્યો હતો. ૨૦૨૨ના વર્લ્ડ કપની રનર્સ-અપ ફ્રાન્સ હજી પણ ગ્રૂપ-ડીમાં દસ પોઇન્ટ સાથે ટોચના ક્રમે છે અને તે યુક્રેન કરતાં ત્રણ પોઈન્ટ આગળ છે. ફ્રાન્સની ટીમ સુકાની કિલિયન એમ્બેપે વિના મેદાનમાં ઉતરી હતી. જે શુક્રવારે અઝરબૈજાન સામેની મેચમાં ગોલ કરી ચૂક્યો હતો. આઈસલેન્ડે ૩૯મી મિનિટે વિક્ટર પાલ્સનના ગોલ મારફતે સરસાઈ હાંસલ કરી હતી પરંતુ પ્રવાસી ફ્રેન્ચ ટીમે ક્રિસ્ટોફર નફૂકૂએ ૬૩મી તથા ૬૮મી મિનિટે જીન ફિલિપ માટેટાએ કરેલા ગોલ દ્વારા સ્કોર ૨-૧નો કર્યો હતો. કેટલીક મિનિટો બાદ ક્રિસ્ટિયન હિલ્સને ગોલ કરીને સ્કોર સરભર કર્યો હતો.દરમિયાન અન્ય એક મેચમાં ન્યૂ કેસલ યુનાઇટેડના ફોરવર્ડ ખેલાડીએ કરેલા એક માત્ર ગોલની મદદથી જર્મનીએ નોર્ધન આયર્લેન્ડને ૧-૦થી પરાજય આપ્યો હતો. ગ્રૂપ-જેમાં બેલ્જિયમે કેવિન ડી બ્રૂયેનના બે ગોલની મદદથી વેલ્સને ૪-૨થી હરાવીને વર્લ્ડ કપના મુખ્ય ડ્રો માટે લગભગ ક્વોલિફાઈ કરી લીધું છે. કોસોવાએ સ્વિડનને ૧-૦થી પરાજય આપ્યો હોવાને કારણે સ્વિટ્ઝર્લેન્ડની ટીમે મેઈન ડ્રોમાં સ્થાન મેળવવા માટે હજી પણ થોડા સમયની રાહ જોવી પડશે.



# રણજી ટ્રોફીમાં ગુજરાત સામે આસામનો મક્કમ પ્રારંભ

## પ્રથમ દિવસે આસામના છ વિકેટે ૨૧૮ રન, સાઇકિયાના ૭૦, સિદ્ધાર્થની ત્રણ વિકેટ

રણજી ટ્રોફીની નવી સિઝનના પ્રારંભે બુધવારે આસામની ટીમે ગુજરાત સામે રમતાં ધીમો પરંતુ મક્કમ પ્રારંભ કર્યો હતો અને પ્રથમ દિવસે છ વિકેટે ૨૧૮ રનનો સ્કોર રજૂ કર્યો હતો. અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે શરૂ થયેલી મેચમાં ટોસ જીતીને આસામે પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. મનન હિંગરાજીયાના સુકાનીપદ હેઠળ ગુજરાત પહેલી વાર રમી રહ્યું છે ત્યારે દિવસ દરમિયાન ગુજરાતના બોલર્સે પણ ચુસ્ત બોલિંગ કરી હતી અને હરીફ ટીમને રન કરતાં રોકી રાખી હતી. દિવસની ૯૦ ઓવરમાં આસામની ટીમ છેક અંતિમ તબક્કામાં તેનો સ્કોર ૨૦૦ સુધી પહોંચાડી શકી હતી. ઓપનર પ્રદ્યુન સાઈકિયા અને પરવેઝ મુશરફે લગભગ ૫૦ મિનિટ સુધી ગુજરાતના ઝડપી બોલરનો સામનો કર્યો હતો પરંતુ ૧૧મી ઓવરમાં




અરઝાન નાગવાસવાલાએ ગૃહટીમને પ્રથમ સફળતા અપાવીને પરવેઝને આઉટ કર્યો હતો. કેપ્ટન મનને તેનો કેચ ઝડપ્યો ત્યાં સુધીમાં પરવેજ દસ રન કરી શક્યો હતો.જોકે સાઈક્યિાએ એક છેડો સાચવીને બેટિંગ કરી હતી તો બીજે છેડે તેની ટીમે નિયમિત અંતરે વિકેટો ગુમાવી હતી. આમ છતાં આસામની બેટિંગ પ્રમાણમાં ધીમી રહી હતી. આઇપીએલથી જાણીતા બનેલા રિયાન પરાગે તેના ૪૦ રનના સ્કોર માટે બે કલાક બેટિંગ કરી હતી તો સુમિત ઘડીગાંવકર અને શિબશંકર રોયે અનુક્રમે ૨૨ અને ૩૩ રન ફટકારવા માટે બેથી અઢી કલાક બેટિંગ કરી હતી.પ્રદ્યુન સાઈક્યિાએ ૯૦ મિનિટ અને ૭૩ બોલમાં ૧૧ ચોગ્ગા સાથે તેની અડધી સદી વટાવી હતી અને અંતે હેમાંગ પટેલના બોલે આઉટ થયો હતો. ૧૬૨ મિનિટ અને ૧૨૯ બોલની ઈનિંગ્સમાં સાઈક્યિાએ ૧૪ ચોગ્ગા સાથે ૭૦ રન ફટકાર્યા હતા. દિવસની રમતને અંતે આસામ માટે શિબશંકર રોય ૩૩ અને આકાશ સેનગુપ્તા ૧૨ રનના સ્કોરે રમી રહ્યા હતા.

# ઓસ્ટ્રેલિયાને વનડે પહેલા ઝટકો, સ્ટાર ખેલાડીએ નામ પરત લીધું, ભારત સામેની મેચમાં નહીં રમે



પહેલી વનડે મેચ પહેલા ઓસ્ટ્રેલિયન ટીમને મોટો ઝટકો લાગ્યો છે. જોશ ઈંગ્લિસ રવિવારે ભારત સામેની ઓસ્ટ્રેલિયાની પહેલી વનડેમાંથી બહાર થઈ ગયો છે, જ્યારે એડમ ઝામ્પા પણ તેના પારિવારિક કારણોસર મેચમાંથી બહાર રહેશે. આ મહિનાની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયાના ન્યૂઝીલેન્ડના્ ૨૦ પ્રવાસમાંથી બહાર થઈ ગયેલા પગના સ્નાયુઓના ખેંચાણમાંથી ઈંગ્લિસ હજુ સુધી સંપૂર્ણપણે ફીટ નથી. ઝમ્પાના સ્થાને સ્પિનર મેટ કુહનેમેનનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે, જે પારિવારિક કારણે ભારતીય પ્રવાસીઓ સામેની ODI સીરિઝનો ભાગ રહેશે નહી.

એશિઝની તૈયારીઓના ભાગ રૂપે એલેક્સ કેરીને ક્વીન્સલેન્ડ સામે દક્ષિણ ઓસ્ટ્રેલિયાના શેફિલ્ડ શીલ્ડ બીજા રાઉન્ડની મેચમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે, તેથી ન્યૂ સાઉથ વેલ્સના વિકેટકીપર જોશ ફિલિપને પર્થમાં વિકેટકીપિંગ માટે બોલાવવામાં આવ્યો છે.

ગ્લેન મેક્સવેલ કાંડાના ફ્રેક્ચર સાથે ઘરે પરત ફર્યા બાદ તેની જગ્યાએ ન્યૂઝીલેન્ડની્ ૨૦ ટીમમાં સ્થાન મેળવનાર ફિલિપ ૨૦૨૧માં ઓસ્ટ્રેલિયાના વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ પછી પોતાની પહેલી વનડે રમવા માટે તૈયાર છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ જણાવ્યું હતું કે, કેરી ૨૩ ઓક્ટોબરે એડિલેડમાં બીજી વનડે માટે ટીમમાં જોડાશે, જ્યારે ઈંગ્લિસ શનિવારે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર સીરિઝની ત્રીજી મેચ માટે ફિટ થઈ જશે.

# મોહમ્મદ શમીએ રણજી ટ્રોફીમાં મચાવી ધૂમ, હેટ્રિક ચૂક્યો સ્ટાર ખેલાડી



## મોહમ્મદ શમી ૨૦૨૪-૨૫ રણજી ટ્રોફીમાં બંગાળનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે. તેને પોતાની ડેબ્યૂ મેચની પહેલી ઈનિંગમાં એક ઓવરમાં ૩ વિકેટ લીધી હતી.

ટીમ ઈન્ડિયાનો ફાસ્ટ બોલર મોહમ્મદ શમી ઘણા સમયથી ભારતીય ટીમની બહાર છે. તે હાલમાં રણજી ટ્રોફીમાં બંગાળનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે. રણજી ટ્રોફીના એલીટ ગ્રુપ ઝ મેચના પહેલા દિવસે બંગાળે ઉત્તરાખંડને ૨૧૩ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું.

આ મેચમાં બંગાળ માટે મોહમ્મદ શમીએ ૪ બોલમાં ૩ વિકેટ લીધી હતી. મોહમ્મદ શમી આ ટુર્નામિન્ટમાં સારું પ્રદર્શન કરીને ટીમ ઈન્ડિયામાં વાપસી કરવા માગશે. બંગાળ અને ઉત્તરાખંડ વચ્ચેની આ મેચ કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રમાઈ રહી છે.

ઈજામાંથી સ્વસ્થ થયા પછી મોહમ્મદ શમી હાલમાં પોતાનું ફોર્મ પાછું મેળવવા માટે કામ કરી રહ્યો છે. ૩૫ વર્ષના મોહમ્મદ શમીને મેચની પોતાની પહેલી ૧૪ ઓવરમાં ખાસ સફળતા મળી ન હતી, પરંતુ ઉત્તરાખંડની ઈનિંગની છેલ્લી ઓવરમાં તેને રિવર્સ સ્વિંગ શોધી કાઢી અને તેનો ફાયદો ઉઠાવ્યો.


મોહમ્મદ શમીએ પહેલા જન્મેજય જોશીને બોલ્ડ કર્યો અને પછીના બોલ પર રાજકુમારને વિકેટકીપર દ્વારા કેચ કરાવ્યો. આ મેચમાં તેની પાસે હેટ્રિક લેવાની તક હતી, પરંતુ તે કરી શક્યો નહીં. તેને હેટ્રિકના બીજા બોલ પર દેવેન્દ્ર સિંહ બોરાને બોલ્ડ કર્યો. તેને ૩૭ રન આપીને ૩ વિકેટ લીધી. આ ઓવરમાં તેને ૪ બોલમાં ૩ વિકેટ લીધી.

જવાબમાં બંગાળે ઈનિંગના પહેલા જ બોલ પર કેપ્ટન અભિમન્યુ ઈશ્વરન ગુમાવી દીધો. તે આ મેચમાં ગોલ્ડન ડક પર આઉટ થયો. પહેલા દિવસની રમતના અંતે બંગાળનો સ્કોર ૧ વિકેટના નુકસાને ૮ રન હતો. સુદીપ ચેટર્જી અણનમ ૧ રમ અને સુદીપ કુમાર ઘરામી અણનમ ૭ રન સાથે ક્રીઝ પર છે.

બંગાળ હાલમાં ઉત્તરાખંડથી ૨૦૫ રન પાછળ છે. આ પહેલા ઉત્તરાખંડના નીચલા ક્રમના બેટ્સમેનોએ ટીમનો સ્કોર ૨૦૦ ને પાર પહોંચાડ્યો. ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર સૂરજ સિંધુ જયસ્વાલે ૫૪ રન આપીને બંગાળ માટે ૪ વિકેટ લીધી. ઉત્તરાખંડ માટે ભૂપેન લાલવાણી સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન રહ્યો, તેને ૧૨૮ બોલમાં ૯ ચોગ્ગાની મદદથી ૭૧ રન બનાવ્યા. બીજા દિવસે બંગાળના બેટ્સમેન કેટલા રન બનાવી શકે છે તે જોવાનું રહેશે.

# સળંગ દસ ટેસ્ટ જીત્યા બાદ સાઉથ આફ્રિકાનો પરાજય

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન સાઉથ આફ્રિકન ટીમ સળંગ દસ ટેસ્ટ મેચ જીતી હતી પરંતુ બુધવારે પાકિસ્તાન સામેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં તેનો ૯૩ રનથી પરાજય થયો હતો. આમ પાકિસ્તાને તેના હરીફની દસ ટેસ્ટની વિજયકૂચ પર બ્રેક લગાવી દીધી હતી.અહીં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ૨૭૭ રનના ટારગેટ સામે રમતાં સાઉથ આફ્રિકન ટીમ બુધવારે તેની બીજી ઇનિંગ્સમાં ૧૮૩ રનના સ્કોરે આઉટ થઈ ગઈ હતી. પાકિસ્તાનના નોમાન અલી અને શાહિન આફ્રિદીએ બોલિંગમાં તરખાટ મચાવીને ચાર ચાર વિકેટ ઝડપી હતી. અહીંના ગદ્દાફી સ્ટેડિયમની સ્પિનર્સને યારી આપતી પિચ ઉપર લેફ્ટ આર્મ સ્પિનર નોમાન અલીએ શાનદાર બોલિંગ કરી હતી અને બીજી ઈનિંગ્સ ચાર સહિત મેચમાં ૧૯૧ રન આપીને દસ વિકેટ ઝડપી હતી. તેને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.આ ટેસ્ટમાં પ્રથમ બેટિંગ કરતાં પાકિસ્તાને ૩૭૮ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં સાઉથ આફ્રિકન ટીમ ૨૬૯ રન કરી શકી હતી. આમ પાકિસ્તાનને ૧૦૯ રનની સરસાઈ સાંપડી હતી. બીજી ઈનિંગ્સમાં પાકિસ્તાનનો ધબડકો થયો હતો અને ટીમ માત્ર ૧૬૭ રન કરી શકી હતી. આમ પ્રવાસી ટીમને ૨૭૭ રનનો ટારગેટ મળ્યો હતો. જોકે આટલા રન કરવામાં સાઉથ આફ્રિકા નિષ્ફળ રહ્યું હતું અને ૧૮૩ રનમાં તેની ઈનિંગ્સ સમેટાઈ ગઈ હતી.સાઉથ આફ્રિકા માટે ઓપનર રાયન રિકેલ્ટને ૧૪૫ બોલ રમીને ૪૫ રન ફટકાર્યા હતા તો ઈનિંગ્સની એક માત્ર અડધી સદી ડેવાલ્ડ બ્રાવિસે ફટકારી હતી. તેણે આક્રમક બેટિંગ કરીને ૫૪ બોલમાં ૫૪ રન ફટકાર્યા હતા જેમાં છ ચોગ્ગા અને બે સિક્સરનો સમાવેશ થતો હતો.ચાર દિવસમાં જ મેચ પૂરી થઈ ગઈ હતી. સાઉથ આફ્રિકા વર્તમાન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન છે પરંતુ ચેમ્પિયન બન્યા બાદ તેઓ પહેલી વાર ટેસ્ટ મેચ હાર્યા હતા. નોમાન અલી તાજેતરમાં શાનદાર ફોર્મ ધરાવે છે. તેણે ઘરઆંગણે રમાયેલી પોતાની છેલ્લી પાંચ ટેસ્ટમાં ૪૬ વિકેટ ઝડપી છે. જેમાં ઈંગ્લેન્ડ સામે ૨૦ અને વેસ્ટ ઈન્ડિઝ સામેની ૧૬ વિકેટ સામેલ છે. પ્રવાસી ટીમોનો સામનો કરવા અને સફળતા હાંસલ કરવા માટે પાકિસ્તાને આ સિઝનમાં વધુને વધુ સ્પિનર્સને મદદરૂપ થતી પિટો બનાવવાનો નિર્ણય લીધો છે.



# ૭૮ ટકા વર્કિંગ વુમન્સમાં વિવિધ સમસ્યા જોવા મળે છે : ડો. રૂપલ શાહ

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સંતુલિત આહાર' વિશે સેશન યોજાયું

સુરત, તા.૧૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'નારી સ્વાસ્થ્યનો આધાર: પોતાની જાત પ્રત્યે પ્રેમ અને સંતુલિત આહાર' વિશે સેશન યોજાયું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, 'નારી માત્ર પરિવારનો આધાર નથી, પરંતુ સમાજના આરોગ્ય અને સુખાકારીની પણ સાચી દિશા નક્કી કરે છે. જો નારી સ્વસ્થ છે, તો પરિવાર સમાજ અને આખું રાષ્ટ્ર સ્વસ્થ રહે છે. પણ ઘણીવાર મહિલાઓ પોતાના આરોગ્યને અવગણે છે, પોતાના પરિવાર માટે સર્વસ્વ અર્પણ કરતી વખતે પોતાની જાત પ્રત્યેનું ધ્યાન રાખવાનું ભૂલી જાય છે અને યોગ્ય આહાર લેવાનું પણ અનેક વાર ટાળે છે.' ટીનએજ તથા કોલેજમાં જતી દીકરીઓના આહાર અને જીવનશૈલી અંગે ડો. દીપા પટેલે જણાવ્યું હતું કે, 'ટીનએજમાં સંતુલિત આહાર ન લેવાથી દિકરીઓને ભવિષ્યમાં પ્રેગ્નન્સી દરમિયાન અનેક સમસ્યાઓ આવી શકે છે. દિકરીઓને આશરે દૈનિક ૨૩૦૦ કેલેરીની જરૂરિયાત છે, જ્યારે છોકરાઓને દૈનિક ૨૪૦૦ કેલેરીની જરૂરિયાત રહે છે. ડાયટ, ફાસ્ટ ફૂડનો વધુ ઉપયોગ અને મિલ્સ કિપિંગના કારણે હાલમાં દિકરીઓમાં PCOS અને ઓબેસિટીની સમસ્યા પણ વધુ જોવા મળે છે. ઘઉ અને ચોખાની જગ્યાએ મિલેટ્સનો આહારમાં વધુ ઉપયોગ કરવો જોઈએ.' ડો. રૂપલ શાહે ટીનએજથી લઈને મેનોપોઝ સુધીની સ્વાસ્થ્ય સમસ્યાઓ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'હોર્મોનલ પ્રોબ્લેમ્સ, સ્વાસ્થ્યની જાગૃતતા ન હોવી અને સ્વચ્છતાનો અભાવ રાખવાથી મહિલાઓ અનેક વાર ગંભીર રોગનો ભોગ બને છે. એક રિપોર્ટ અનુસાર, ૭૮% વર્કિંગ વુમન્સમાં ઓબેસિટી, ડિપ્રેશન, ક્રોનિક બેકપેન, ડાયાબિટીસ, હાયપર ટેન્શન, હાય કોલેસ્ટ્રોલ અને કિડનીની સમસ્યા જોવા મળે છે. હાલમાં દર ૧૦ માંથી ૧ દિકરી પીસીઓસનો ભોગ બને છે. જો પીસીઓસથી દૂર રહેવું હોય તો યોગ કરવો અને સંતુલિત આહાર લેવો સૌથી સારો વિકલ્પ છે.' ડો. તૃપ્તિ પટેલે જણાવ્યું હતું કે, 'વ્યક્તિનો જાત સાથેનો સંબંધ, પ્રેમ અને કાળજી આત્મવિશ્વાસનો પાયો બને છે. પોતે પોતાની જાતને પ્રેમ કરવો જોઈએ, લોકોના સ્ટાન્ડર્ડ વિશે વિચારવું ન જોઈએ, પોતાના પર વિશ્વાસ કરવો જોઈએ, હંમેશા બીજાની મદદ કરવી જોઈએ તેમજ દરેકને ખુશ કરવાનું બંધ કરવું જોઈએ. તમે પોતે પોતાને કેવી રીતે જૂઓ છો? તે મહત્વનું હોય છે.' ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના સભ્યો તેમજ મહિલાઓ સેશનમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગ્રૂપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ વક્તાઓનો પરિચય આપ્યો હતો, જ્યારે પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડો. રાજન દેસાઈએ સમગ્ર સેશનનું સંચાલન કર્યું હતું. અંતે, ઉપસ્થિતોને મૂંઝવતા તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ વક્તાશ્રીઓ દ્વારા આપવામાં આવ્યા હતા. ચેમ્બરની બેન્ક્વેટ કમિટીના ચેરમેન શ્રી રિતેશ બોડાવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યાર બાદ સેશનનું સમાપન થયું હતું.



# કર્ણાવતી મહાનગર કાર્યાલય ખાતે જીએસટી બચત ઉત્સવ

## ભાજપ દ્વારા ૯૦ દિવસ સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે

સુરત, તા.૧૬

કર્ણાવતી મહાનગર મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ મહાનગર કાર્યાલય ખાતે "જીએસટી બચત ઉત્સવ" અને "આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન" સંયુક્ત વિષય પર પ્રેસ વાર્તાનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ પૂર્વ લોકસભાના સાંસદ અને જીએસટી બચત ઉત્સવ કાર્યક્રમના પ્રદેશ ઈન્ચાર્જશ્રી હસમુખભાઈ પટેલ સાહેબે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, દેશના યશસ્વી વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા દેશમાં દિવાળી પહેલા દિવાળી એટલે કે નવરાત્રીના પ્રથમ નોરતાથી નેક્સ્ટ જનરેશન જીએસટી દેશમાં લાગું કરવામાં આવેલ છે. જીએસટી રીફોર્મ એ દેશના અર્થતંત્રને નવું બળ આપવાનું છે, દેશના નાગરિકોને તહેવારોની ખરીદીમાં બચત પણ થશે તેમજ તેમની ખરીદશક્તિ પણ વધશે. જીએસટીમાં હવે ફક્ત બે સ્લેબ ૫% અને ૧૮% જ રાખવામાં આવ્યા છે. દેશના ઈતિહાસમાં પ્રથમ વાર એક સાથે ૪૦૦થી પણ વધુ ચીજવસ્તુઓ પર ટેક્સ ઘટ્યો છે અને ચીજવસ્તુઓ સસ્તી બની છે. આ સુધારાથી દેશના અર્થતંત્રને વેગ મળ્યો છે અને તેનો લાભ દેશના દરેક વર્ગના નાગરિકોને ચોક્કસથી થવાનો છે. શ્રી હસમુખભાઈ પટેલે આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન વિશે પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે, "દેશના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પરિકલ્પના મુજબ દેશને આર્થિક મહાસત્તા બનાવવા દેશને આત્મનિર્ભર બનાવવો ખૂબ જરૂરી છે. દેશમાં બનતી ચીજવસ્તુઓની ખરીદીને પ્રાધાન્ય આપવામાં આવે અને વેપારીઓ પણ સ્વદેશી ચીજવસ્તુઓના વેચાણ પર ભાર મૂકે તે ખૂબ જરૂરી છે. ટેરર થી લઈને ટેરિફ સુધીની લડાઈમાં દેશને આત્મનિર્ભર બનાવવો જ એકમાત્ર વિકલ્પ છે. આ અભિયાનને જન આંદોલન બનાવવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમો આવનાર દિવસોમાં કરવામાં આવશે. આ અભિયાન તા. ૧૫ સપ્ટેમ્બર થી ૧૫ ડિસેમ્બર એમ ૯૦ દિવસ ચાલશે.

# ખરચ રોડ સ્થિત દત્તાશ્રય ખાતે ધનતેરસના દિવસે કમલા પ્રયોગ

## લક્ષ્મી પુજન શ્રી યંત્ર સ્વરૂપે કરવાથી મા લક્ષ્મીની અસિમ કૃપા પ્રાપ્ત થાય છે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

કોસંબા રોડ ખરચ સ્થિત દત્તાશ્રય આશ્રમ ખાતે દર વર્ષે દિવાળી પૂર્વે ધન તેરસના દિવસે લક્ષ્મી પૂજન શ્રી યંત્ર સ્વરૂપે કરવામાં આવે છે. કમલા પ્રયોગ તરીકે ઓળખાતી આ વિશેષ પૂજા કરવાથી માં લક્ષ્મીની અસીમ કૃપા પ્રાપ્ત થાય છે. દત્તાશ્રય આશ્રમના સંસ્થાપક આચાર્ય ભાવિન પંડ્યા અને આચાર્ય મનનભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, ધનતેરસ માં લક્ષ્મીની આરાધના કરવા માટે સર્વશ્રેષ્ઠ દિવસ છે. દત્તાશ્રય ખાતે થતી માં લક્ષ્મી પૂજાનો લ્હાવો લેવા પધારવા આચાર્ય ભાવિન પંડ્યાએ આમંત્રણ આપ્યું છે. સૌ કોઈ ધનતેરસના દિવસે પધારી પોતાનું જીવન શ્રી યંત્ર માં લક્ષ્મી પૂજન કરી સમૃદ્ધ બનાવે.

## બારડોલીથી વિશાલ સિંગ ગુમ

સુરત, તા.૧૬

બારડોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૯/૦૮/૨૦૨૫ ના રોજ ઘર નં.સી/૩૩, ચાણક્યપુરી સોસાયટી, તેન ગામ, બારડોલી (મૂળ રહે. ગામ-ગીજગઢ, તા-સિકર, જી-દૌસા, રાજસ્થાન) ખાતે રહતા જગદિશસીગના ૨૨ વર્ષીય પુત્ર વિશાલ સિંગ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે શ્યામવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા બારડોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## મહુવાથી મંગીબેન પટેલ ગુમ

સુરત, તા.૧૬

મહુવા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૩/૦૯/૨૦૨૫ ના રોજ શેખપુર ગામ, દાતરડી ફળિયુ, મહુવા ખાતે રહતા ગોવિંદભાઈ પટેલના ૮૨ વર્ષીય પત્ની મંગીબેન પટેલ ગુમ થયા છે. તેમણે શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે લાલ સાડી અને વ્હાઈટ બ્લાઉઝ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા મહુવા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કામરેજથી સુશીલાબેન ગુમ

સુરત, તા.૧૬

કામરેજ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૯/૦૯/૨૦૨૫ ના રોજ નવકાર બીઝોર, હબ નં.૬, નવાગામ, કામરેજ (મૂળ રહે. ગામ-ખરેટી, તા-બોડેલી, જી-છોટાઉદેપુર) ખાતે રહતા રાકેશભાઈ રાઠવાના ૩૩ વર્ષીય પત્ની સુશીલા રાઠવા ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે શ્યામવર્ણ અને ઊંચાઈ ૪.૮ ફૂટ છે. તેમણે શરીરે પિન્ક ડ્રેસ અને વ્હાઈટ દુપટ્ટો પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કામરેજ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## બારડોલીથી નટવર મિસ્ત્રી ગુમ

સુરત, તા.૧૬

બારડોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ કડોદ ગામ, સુથાર ફળિયુ, બારડોલી ખાતે રહતા ૬૪ વર્ષીય નટવરભાઈ ગાંડાભાઈ મિસ્ત્રી ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે શ્યામવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે શરીરે ક્રીમ શર્ટ અને બ્લૂ જીન્સ પેંટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા બારડોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કામરેજથી શીલાબેન ગોસ્વામી ગુમ

સુરત, તા.૧૬

કામરેજ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૫/૦૯/૨૦૨૫ ના રોજ ઘર નં-૨૩૨, વ્રજનંદની રેસીડેન્સી, વિભાગ-૨, કેનાલ રોડ, કામરેજ ખાતે રહતા ભાનુગીરી ગોસ્વામીના ૨૩ વર્ષીય પુત્રી શીલાબેન ગોસ્વામી ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૪ ફૂટ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કામરેજ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.



બોસિયા સ્પોર્ટ્સફેડરેશન ઓફ ઈન્ડિયા ,પેરા બોસિયા આસોસીએસન ઓફ ગુજરાત તેમજ પેરા સ્પોર્ટ્સ એસોસિયેશન ઓફ ગુજરાત દ્વારાઆયોજિત બોસિયા અવેરનેસ પ્રોગ્રામ નું આયોજન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ નડિયાદ ખાતેકરવામાં આવ્યું હતું. જેમાં ધી સોસાયટી ફોર ફિઝીકલી હેન્ડીકેપ્ડ સુરત, પેરા સ્પોર્ટ્સ એસોસીએશન સુરત ના ટ્રષ્ટી શ્રી આનંદભાઈ એમ શાહ એ મોટી સંખ્યામાં દિવ્યાંગ ખેલાડીઓ ને બોસિયા રમત માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# સાવરકુંડલા શહેરમાં રૂા.૧૯.૨૮ કરોડના બોક્સ કલવર્ટનું કામ મંજૂર

## સાવરકુંડલા શહેરના વિકાસમાં નવું પીછું ઉમેરાયું : ધારાસભ્ય કસવાલા

સુરત, તા.૧૬

સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના સઘન પ્રયાસોને પરિણામે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન અંતર્ગત સાવરકુંડલા શહેરના વિકાસ માટે રૂા. ૧૯.૨૮ કરોડ વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે. આ ગ્રાન્ટ મંજૂર થવાથી સાવરકુંડલા શહેરના વિસ્તારોમાં માર્ગ અને માળખાકીય સુવિધાઓનો કાયાકલ્પ થશે.

આ યોજના હેઠળ સાવરકુંડલા શહેરના અમરેલી રોડ ગેઈટ માં બોક્સ કલવર્ટ નું કામ ૮૩.૫ લાખ , શ્રમજીવી નગર -ઘનશ્યામ નગરમાં માં બોક્સ કલવર્ટ નું કામ ૧૭૬.૫ લાખ, નાવલી કંસારા બજાર માં બોક્સ કલવર્ટ નું કામ ૬૮ લાખ, ખોડીયાર ચોક હાથસણી માં બોક્સ કલવર્ટ નું કામ ૧૦૨.૪૫ લાખ, હાથસણી રોડ - રાધેશ્યામ સોસાયટી ૯૪ લાખ બીડી કામદાર -મણીનગર ૩૧૮ લાખ,વેલનાથ પરામાં બોક્સ કલવર્ટ નું કામ ૧૬ લાખ,ખાદી કાર્યાલય વિસ્તારમાં માં બોક્સ કલવર્ટ નું કામ ૧૦૭લાખ, ગણેશનગર દીલાભાઈના તબેલા પાસે બોક્સ કલવર્ટ નું કામ ૧૩૨ લાખ, મોમાઈ મંદિર પાસે બોક્સ કલવર્ટ નું કામ ૧૮૧ લાખ, રામજીમંદિર કેવડા પરા બોક્સ કલવર્ટ નું કામ ૬૫૦ લાખ કુલ ૧૯.૨૮ કરોડ(૧૯૨૮ લાખ)ના કામોનું નવા બ્રિજનું નિર્માણ થશે. આ કાર્યોનું આયોજન આગામી ૩૦ વર્ષના વિઝનને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય લાંબાગાળે ગ્રામીણ કનેક્ટિવિટી જાળવી રાખવાનો છે.

સાવરકુંડલા શહેરમાં નવા મંજૂર થયેલા કામોમાં ૧૧ નવા સ્ટ્રક્ચર (બોક્સ કલવર્ટ) નો સમાવેશ થાય છે. આ નવા સ્ટ્રક્ચરના નિર્માણથી ચોમાસા દરમિયાન શહેરમાં કનેક્ટિવિટી અટકશે નહીં અને નાગરિકોને અવર જવરમાં પડતી મુશ્કેલીઓનો અંત આવશે. આ ખાસ આયોજન ચોમાસાની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે, જેથી પૂર કે વરસાદના કારણે રસ્તાઓ બંધ ન થાય જેથી સાવરકુંડલા શહેરના બને વિસ્તારના લોકોને આ નવ નિર્માણધીન બોક્સ કલવર્ટથી ફાયદો થશે. ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું કે તેમણે સાવરકુંડલા શહેરના વિકાસ માટે આટલી મોટી ગ્રાન્ટ મંજૂર કરી છે.

# એમઈજી પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી નહીં લગાડવા ચેમ્બરની રજૂઆત

## નવી દિલ્હી ખાતે નીતિ આયોગને ચેમ્બરના અગ્રણીઓ મળ્યાં

સુરત, તા.૧૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી સહિતના પ્રતિનિધિ મંડળે બુધવાર, તા. ૧૫ ઓકટોબર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હી ખાતે નીતિ આયોગના પ્રોગ્રામ ડિરેકટર અને લીન્ક CVO તેમજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની એડવાઈઝરી ટીમના સભ્ય શ્રી સંજીત સિંઘને રૂબરૂ મળીને Mono Ethylene Glycol (MEG)ના આયાત પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લગાડવામાં ન આવે તેવી વિગતવાર રજૂઆત કરી હતી.



ઉપરોકત રજૂઆતમાં પોલિએસ્ટર ટેક્ષ્ટાઈલ એપેરલ ઈન્ડસ્ટ્રી એસોસીએશનના સેક્રેટરી જનરલ શ્રી આર.કે. વીજ, NITMA ના શ્રી પંકજ, Indo Rama ના શ્રી લોહિયા અને ડેનિમ મેન્યુફેકચરર્સ એસોસીએશનના શ્રી ગગનદિપ પણ જોડાયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સે રજૂઆતમાં જણાવ્યું હતું કે, ડિરેક્ટર જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (DGTR) દ્વારા તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ જાહેર કરાયેલ અંતિમ નિષ્કર્ષ મુજબ સ્ઈ્ય પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લગાડવાની ભલામણ કરવામાં આવી છે. જો આ ડ્યુટી લાગુ કરવામાં આવે તો તે મેન મેઈડ ફાઈબર આધારિત ટેક્સટાઈલ ઉદ્યોગ – જેમ કે યાર્ન, ફિલામેન્ટ, ફેબ્રિક અને ગારમેન્ટ્સના ઉત્પાદકો પર ગંભીર નકારાત્મક અસર કરશે.

ચેમ્બરે રજૂઆતમાં જણાવ્યું હતું કે, હાલ ભારતમાં સ્ઈ્યની કુલ માંગ આશરે ૩૧ લાખ મેટ્રિક ટન જેટલી છે, જ્યારે સ્થાનિક ઉત્પાદન માત્ર ૧૯ લાખ મેટ્રિક ટન જેટલું છે. આ રીતે અંદાજે ૧૨ લાખ મેટ્રિક ટનનો અભાવ છે. દેશમાં સ્ઈ્યના માત્ર ત્રણ જ ઉત્પાદકો છે, જેમાં Indian Oil Croproation, India Glycols અને Reliance Industries Limited નો સમાવેશ થાય છે. તાજેતરમાં MEG પર લાગુ કરાયેલા Quality Control Order (QCO) મુજબ હવે માત્ર BIS પ્રમાણપત્ર ધરાવતી કંપનીઓ પાસેથી જ સ્ઈ્ય આયાત કરી શકાય છે, જેના કારણે આયાત પહેલેથી જ મર્યાદિત થઇ ગઈ છે. QCO લાગુ થયા બાદ ઉત્પાદકોએ ભાવમાં વધારો કર્યો છે. MEGમાં આશરે ૧.૫ થી ?૨ પ્રતિ કિલો અને PTAમાં ૪ થી ૫ પ્રતિ કિલો સુધીનો વધારો થયો છે.હવે DGTR દ્વારા નીચે મુજબની એન્ટી ડમ્પિંગ ડ્યુટીની ભલામણ કરવામાં આવી છે: ચેમ્બરના જણાવ્યા મુજબ, આ વધારાથી MSME ટેક્સટાઈલ યુનિટ્સ, જે પહેલેથી જ ૭-૮%ના નફા પર કાર્યરત છે, તેમની પર વધારાનો આર્થિક બોજો પડશે અને ઘણાં યુનિટ્સ બંધ થવાની પરિસ્થિતિ ઊભી થઇ શકે છે.

### ભારત રશિયા પાસેથી
પહેલા પાનાનું ચાલુ

પાંચ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખવાનો નીતિશ કુમારનો નિર્ણય સૂચવે છે કે તેમણે NDAના બેઠક વહેંચણી ફોર્મ્યુલાને બગાડી છે. પાસવાનના LJP (R) એ ૨૯ બેઠકો મેળવી છે, જેમાંથી પાંચ બેઠકો પર હવે JDU ઉમેદવારો ચૂંટણી લડશે.

### દાઝી ગયેલા યુવક
પહેલા પાનાનું ચાલુ

ઘાયલો ડોક્ટરોની દેખરેખ હેઠળ છે. આ કેસમાં પહેલી FIR બુધવારે મોડી રાત્રે નોંધવામાં આવી હતી. અકસ્માતનો ભોગ બનેલા પત્રકાર રાજેન્દ્ર ચૌહાણના ભાઈએ જેસલમેરના સદર પોલીસ સ્ટેશનમાં બસ માલિક અને ડ્રાઈવર વિરુદ્ધ કેસ નોંધાવ્યો હતો.

જેસલમેરના એસપી અભિષેક શિવહરેએ જણાવ્યું હતું કે, "એક વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરવામાં આવી છે. આ મામલે તપાસ કરવામાં આવશે અને ટૂંક સમયમાં રિપોર્ટ રજૂ કરવામાં આવશે."

આ દરમિયાન, બસનું ચિત્તોડગઢ જિલ્લા પરિવહન અધિકારી (DTO) કાર્યાલયમાં નોંધણી કરાવવામાં આવી હતી. સરકારે બુધવારે કાર્યવાહી કરી હતી. અકસ્માતગ્રસ્ત બસની બોડીને ચિત્તોડગઢમાં પરિવહન વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

ચિત્તોડગઢના કાર્યકારી ડીટીઓ સુરેન્દ્ર સિંહ અને બસ બોડીને મંજૂરી આપનાર સહાયક વહીવટી અધિકારી ચુન્ની લાલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

તપાસમાં જાણવા મળ્યું કે બસ માલિકે નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું અને નોન-એસી બસને એસી બસમાં બદલી નાખી હતી. પરિવહન વિભાગ આ વાતથી અજાણ હતો. ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરાu (ACB) પણ આ બાબતની તપાસ કરશે.

૧૪ ઓક્ટોબરના રોજ બપોરે ૩.૩૦ વાગ્યે જેસલમેરથી જોધપુર જતી એક ખાનગી એસી સ્લીપર બસમાં આગ લાગી હતી. જેમાં ઓગણીસ લોકો બળીને ખાખ થઈ ગયા હતા. જેસલમેરથી જોધપુર જતી વખતે એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું.

### સોનપ્રયાગથી કેદારનાથ
પહેલા પાનાનું ચાલુ

આ રોપવેમાં વિશ્વના પ્રથમ ટ્રાઈ-કેબલ ડિટેચેબલ ૫૦ ગોંડોલા હશે રોપવેના ગોંડોલા ૧૧ કલાક સુધી ચાલશે, જેમાં પ્રત્યેક ૩૬ સીટ હશે. આનાથી ૧૮૦૦ મુસાફરો ૩૬ મિનિટમાં સોનપ્રયાગ અને કેદારનાથ વચ્ચે મુસાફરી કરી શકશે. રોપવેમાં વિશ્વના પ્રથમ ૫૦ ટ્રાઈ-કેબલ ડિટેચેબલ ગોંડોલા હશે.

સોનપ્રયાગ હરિદ્વારથી ૨૨૮ કિમી દૂર છે, ૭ કલાકની કાર મુસાફરી. હાલમાં, કેદારનાથની યાત્રામાં ત્રણ દિવસ લાગે છે. એકવાર રોપવે પૂર્ણ થઈ ગયા પછી, તેમાં બે દિવસ લાગશે.

### અમેરિકામાં શ્રમિકોની
પહેલા પાનાનું ચાલુ

તો તેમનામાં આ કામ કરવાની કોઈ સ્કીલ છે.

૨-પાંચ મહિનાથી ટેક્સસ, ફ્લોરિડા અને કેલિફોર્નિયા સહિતના મોટાપાયે ખેતીલાયક જમીન ધરાવતા રાજ્યોના ખેડૂતો કહી રહ્યા છે. જૂન-જુલાઈમાં ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને કેલિફોર્નિયામાં ખેતરોમાં મોટાપાયે ઈમિગ્રેશન રેડ કરાવતા મજૂરોમાં ડરનો માહોલ ઉભો થયો હતો અને મોટી સંખ્યામાં પલાયન પણ શરૂ થયું હતું.

### બંગાળ ગેંગરેપ
પહેલા પાનાનું ચાલુ

તેને છોડીને કેમ ભાગી ગયો હતો અને કોલેજ પરત ફર્યા પછી તેણે આ ઘટનાની જાણ કોઈને કેમ ન કરી.

વિદ્યાર્થિની મિત્ર સાથે ડિનર કરવા ગઈ હતી દુર્ગાપુરની એક મેડિકલ કોલેજમાં એમબીબીએસના બીજા વર્ષની વિદ્યાર્થિની ઓડિશાની છે. તે ૧૦ ઓક્ટોબરના રોજ રાત્રે ૮ થી ૯ વાગ્યાની વચ્ચે એક યુવક મિત્ર સાથે ડિનર પર ગઈ હતી. રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ, પરત ફરતી વખતે, મેડિકલ કોલેજ નજીક કેટલાક યુવકોએ તેના પર બળાત્કાર કર્યો હતો.

### સોનામાં
પહેલા પાનાનું ચાલુ

સ્થાનિક ભૌતિક અને રોકાણ માંગમાં વધારાને કારણે હતું.તહેવારોની મોસમ દરમિયાન ભાવમાં વધારો ચાલુ રહેવાની ધારણા છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં, હાજર સોનાનો ભાવ ઔંસ દીઠ ૪,૨૧૮.૩૨ ના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયો છે.ભારતીય પરિવારો પાસે વિશ્વની દસ સેન્ટ્રલ બેંકો કરતાં વધુ સોનું છેસોનું ફક્ત એક કિંમતી ધાતુ નથી, પરંતુ ઈતિહાસ અને સંસ્કૃતિનું પ્રતીક છે. સોના પ્રત્યેનો જુસ્સો વિશ્વભરમાં સ્પષ્ટ છે. ભારતીયોમાં એક અલગ જુસ્સો છે. આ જ કારણ છે કે ભારતીય પરિવારો વિશ્વની ઘણી મોટી કેન્દ્રીય બેંકો કરતાં વધુ સોનું ધરાવે છે.ભારતીય ઘરોમાં અંદાજે ૨૫,૦૦૦ ટન સોનું છે, જે વિશ્વની અન્ય કોઈપણ કેન્દ્રીય બેંક કરતા વધુ છે. આંકડા મુજબ, વિશ્વની મધ્યસ્થ બેંકો પાસે ૩૨,૦૦૦ ટન સોનું છે. આમાંથી, એકલા ભારતીય ઘરોમાં ૧૦ સૌથી મોટી બેંકો કરતાં વધુ સોનું છે.

### પતિ
પહેલા પાનાનું ચાલુ

૨૦૧૮માં થયા હતા. તેમને બે બાળકો છે, એક પાંચ વર્ષની દીકરી અને ત્રણ વર્ષનો દીકરો છે. બંને ૨૦૨૩થી અલગ રહે છે. પતિનું કહેવું છે કે, તે સાસરે રહેવા નથી માંગતો. જ્યારે પત્ની અને તેના પરિવારે પતિ પર કેસ દાખલ કર્યો છે.

### મુખ્યમંત્રીના હસ્તે
પેજ-૨ પાનાનું ચાલુ

૧૫ કામો તેમજ વિવિધ ઝોનમાં રૂ.૭૯.૯૫ કરોડના ૧૮ કામો મળીને કુલ રૂ.૧૬૪ કરોડના ૩૩ વિકાસકામો જેમાં આંગણવાડી, ફાયર સ્ટેશન-સ્ટાફ ક્વાર્ટર્સ, સુમન શાળા, આરોગ્ય કેન્દ્ર, શેલ્ટર હોમ, આરોગ્ય કેન્દ્ર, બસ ડેપો ટર્મિનલ, ગ્રામ્ય વિસ્તારમાં પંચાયતઘર, આવાસો, મહિલા સશક્તિકરણના કામો સહિતના વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું હતું.

સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે લાભો, મંજૂરીપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત સૌએ 'વિકાસ સપ્તાહ'ના સમાપન સમારોહ અંતર્ગત વિકાસ સપ્તાહની ફળશ્રુતિ દર્શાવતી શોર્ટ વિડીઓ ફિલ્મ નિહાળી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર, બારડોલી નગરપાલિકાના પ્રમુખ ધર્મેશ પટેલ, જિ.કલેકટર ડો.સૌરભ પારધી, મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલ, જિ.વિકાસ અધિકારી શિવાની ગોયલ, ડે. મેયર ડો.નરેન્દ્ર પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલ, શાસક પક્ષ નેતા શશીબેન ત્રિપાઠી, દંડક ધર્મેશ વાણિયાવાલા, વિવિધ સમિતિના અધ્યક્ષો સહિત મનપાના પદાધિકારી-અધિકારીઓ, મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### ઓલપાડની કરંજ
પેજ-૨ પાનાનું ચાલુ

સહિતનું સાત્વિક ભોજન ભાવપૂર્વક પીરસ્યું હતું.શાળાનાં આચાર્યા સહિત ઉપશિક્ષકો એવાં મિનાક્ષી પટેલ,નિલેશ પટેલ,પારૂલ પટેલ,પ્રેક્ષા પટેલ તથા યશુમતિ પટેલે સ્વર્ગસ્થનાં ધર્મપત્ની સુમનબેનને સાંત્વના પાઠવી બાળકો વતી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

### રોટરેક્ટ ક્લબ
પેજ-૨ પાનાનું ચાલુ

બ્લડ સ્ટેમ સેલ દાનના મહત્ત્વ વિશે વિગતવાર સમજ આપી, જ્યારે શ્રી ઈશ્વરસિંહે સંસ્થાના વિઝન, મિશન તથા અત્યારસુધીની સફળતાઓ અંગે રસપ્રદ પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે DATRI દ્વારા અત્યારસુધીમાં આશરે ૨.૫ લાખ ડોનર્સનું રજિસ્ટ્રેશન કરી ચૂક્યું છે અને ૧૬૦૦ કરતાં વધુ બ્લડ કેન્સર અને થેલેસેમિયા મેજર દર્દીઓનું મેળાપ સફળતાપૂર્વક કરી એમને નવું જીવન બક્ષ્યું છે. આ ડ્રાઈવને ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો, જેમાં RNGPITના ૫૪ વિદ્યાર્થીઓએ સ્વેચ્છાએ પોતાના સેમ્પલ માટે સંમતિ આપી બ્લડ સ્ટેમ સેલ ડોનર તરીકે નોંધણી કરી. કાર્યક્રમના મુખ્ય અતિથિ રોટેરિયન નિલેશ શાહ, DGE ૨૦૨૬–૨૭, RID ૩૦૬૦એ નવા રોટરેક્ટ ટીમ અને વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંદેશ આપ્યો અને સમાજસેવા માટે સક્રિયપણે જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા. સમારંભના અંતે રોટેરિયન નિતેશ શાહ, પ્રમુખ – રોટરી ક્લબ ઓફ બારડોલી દ્વારા આભારવિધિ કરવામાં આવી, જેમાં તેમણે RNGPIT કોલેજના તમામ સંકલનકર્તાઓ અને સ્વયંસેવકોના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નોની પ્રશંસા કરી અને કાર્યક્રમને સફળ બનાવવા માટેસહકાર આપનાર સૌનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. નુપૂર પાઠક તથા પ્રો. મોનાલી ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતું.

### જુદા જુદા સ્થળે
પેજ-૨ પાનાનું ચાલુ

૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી રહેશે.

સરકારના આ જનકલ્યાણકારી કાર્યક્રમનો હેતુ વરિષ્ઠ નાગરિકોના આરોગ્ય સુધારણા અને જીવન ગુણવત્તા વધારવાનો છે. છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ સરકારી યોજનાનો લાભ ન મેળવનાર વરિષ્ઠ નાગરિકોને આ યોજના અંતર્ગત વિશેષ પ્રાથમિકતા આપવામાં આવશે.તમામ પાત્ર નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, તેઓ પોતાના નજીકના નિર્ધારિત કેમ્પ ખાતે જઈ તપાસ કરાવીને આ યોજનાનો લાભ અવશ્ય લેવા સુરત જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

### નહેર ૯૦ દિવસ
પેજ-૨ પાનાનું ચાલુ

ખેડૂતને નુકસાન થઈ શકે એમ છે. શેરડી નું ઉત્પાદન ઓછું થવાથી સહકારી ધોરણે ચાલતી સુગર ફેક્ટરીઓને જરૂરિયાત મુજબના પુરાવઠો ન મળવાથી ઉત્પાદન ખર્ચ વધશે અને જેને પરિણામે પ્રતિ ટન આશરે ૧૦૦ થી ૧૫૦ રૂપિયા ઉત્પાદ ખર્ચવધે તેમ છે. જેને કારણે પણ વધારાનું આશરે ૫૦ કરોડ રૂપિયાનું ખેડૂતોને થઈ શકે એમ છે. આમ,કુલ્લે સુગર ફેક્ટરીઓના ખેડૂતોને આશરે ૩૦૦ કરોડ રૂપિયાનું નુકસાન જવાની શક્યતા છે.

આ ઉપરાંત ઉકાઈ કાકરાપાર નહેર વિભાગના કાર્યક્ષેત્રમાં ૨.૫૦ લાખ એકરમાં ડાંગરનું વાવેતર થાય છે, જેમાંથી અંદાજે ૧ કરોડ દશ લાખ (૧,૧૦,૦૦,૦૦૦ )ડાંગરની ગુણ ઉત્પાદન થાય છે અને તેની બજાર કિંમત આશરે ૧૫૦૦ કરોડ રૂપિયા જેટલી થાય છે. જો સરકાર દ્વારા ૯૦ દિવસ માટે ઉકાઈ કાકરાપાર નહેર વિભાગના કાર્યક્ષેત્રમાં પાણી બંધ કરવામાં આવે તો ઉનાળાના ડાંગર નું ઉત્પાદન સદંતર ન થઈ શકે અને જેને કારણે ખેડૂતોને અંદાજે ૧૫૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થાય તેમ છે.

આ ઉપરાંત અન્ય વિસ્તારોમાં શાકભાજી અને અન્ય પાકોનું વાવેતર અંદાજિત ૧,૨૫,૦૦૦ એકર થાય છે. જો ૯૦ દિવસ નહેર બંધ રાખવામાં આવશે તો આ તમામ શાકભાજી પાકો અને પશુપાકોના ચારા ના ઉત્પાદ પર સીધી અસર પડશે. જેને કારણે દૂધ મંડળીઓ ને દૂધ ની ઘટ પડશે અને શાકભાજી ની પણ અછત ઊભી થવાની પૂરે પૂરી શક્યતા છે. દૂધ અને શાકભાજી ના ઉત્પાદનમાં ઘટ થવાથી ખેડૂતો અને પશુપાલકોને આશરે ૨૫૦ કરોડ રૂપિયાનું નુકસાન થવાની શક્યતા રહેલી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરૂવાર, તા.૧૬ ઓક્ટોબર ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# આવતીકાલે ગુજરાત સરકારના મંત્રી મંડળનું વિસ્તરણ

## શુક્રવારે સવારે ૧૧.૩૦ વાગે નવા મંત્રીઓનો શપથ ગ્રહણ સમારંભ : મંત્રી મંડળમાં નવા ચહેરાઓ અંગે ભારે સસ્પેન્સ : શપથવિધિ સમારોહમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ હાજરી આપશે

**ગાંધીનગર,તા.૧૬**

ગુજરાતમાં લાંબા ઈન્તજાર બાદ હવે રાજ્યની ભુપેન્દ્ર પટેલ સરકારના મંત્રીમંડળમાં કાલે મોટા પાયે ફેરબદલ કરવામાં આવશે. આ સપ્તાહમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્માની દિલ્હી મુલાકાત બાદ આ ફેરબદલનો તખ્તો તૈયાર થઈ ગયો હતો અને આવતીકાલે સવારે ૧૧.૩૦ કલાકે મહાત્મા મંદિર ખાતે રાજયપાલ આચાર્ય દેવવ્રત નવા મંત્રીઓને હોદા તથા ગુપ્તતાના શપથ લેવરાવશે જેમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા તથા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ ખાસ ઉપસ્થિત રહેશે.

૨૦૨૨માં ૧૫૬ બેઠકોના પ્રચંડ વિજય સાથે ભુપેન્દ્ર પટેલ ૨.૦ સરકારે શપથ લીધા બાદ ફકત ૧૭ સભ્યોનું મંત્રીમંડળ રાજયમાં અઢી વર્ષ જેટલા સમયથી શાસન ચલાવી રહ્યું છે પણ હવે મીડ-ટર્મ પોલીટીકલ, રીવ્યુ, ખાસ કરીને આગામી વર્ષે યોજાનારી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી સંદર્ભમાં આ ફેરફાર મહત્વના બની રહેશે તથા સૌરાષ્ટ્રથી સુરત સુધી ઉભરી રહેવા 'આપ' તથા લેઉવા પટેલ ફેકટર રાજકીય વાતાવરણમાં જે વિસાવદરવાળી શબ્દ જે રીતે વાયરલ બન્યો છે.

### કયા મંત્રી પડતા મુકાઈ શકે છે ?

કેબિનેટ નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કૃષિમંત્રી રાઘવજી પટેલ, પાણીપુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા, પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા, શિક્ષણમંત્રી કુબેર ડિંડોર અને સામાજિક ન્યાય અને અધિકારિતામંત્રી ભાનુબેન બાબરિયા, ઉપરાંત રાજ્યકક્ષાના જે મંત્રીઓ પડતા મુકાવાની શક્યતા છે.એમાં મત્સ્ય અને પશુપાલના મંત્રી પુરુષોત્તમ સોલંકી, પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ, વન અને પર્યાવરણમંત્રી મુકેશ પટેલ, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમાર તથા આદિજાતિ વિકાસમંત્રી કુંવરજી હળપતિનો સમાવેશ થાય છે.

તેથી રાજયના મંત્રીમંડળમાં થનારા ફેરફાર પણ સૂચક બની રહેશે. આવતીકાલના ફેરફારમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પુરી સ્ટ્રેન્થ અપાય તેવા સંકેત છે. આજે પક્ષના રાષ્ટ્રીય નિરીક્ષક શ્રી સુનિલ બંસલ ગાંધીનગર પહોંચી ગયા છે. તેઓ પુરા દિવસ ભાજપના ધારાસભ્યોને મળશે અને તેઓ સાથે હવે તેઓના મન પણ જાણશે. નવા મંત્રીમંડળમાં હવે કુલ ૨૨-૨૩ મંત્રીઓ હશે. જૂના ચહેરાઓમાં ત્રણ થી ચાર મંત્રીઓજ સ્થાન જાળવી રાખે તેવી ધારણા છે.

મંત્રીમંડળમાં ફેરફારના સંદેશ મળતા જ હવે ભાજપના ધારાસભ્યોમાં જબરી રાજકીય ઉતેજના સર્જાઈ ગઈ છે અને અગાઉ જેમ પાટીલ ફોર્મ્યુલાથી જેમ મંત્રીમંડળનો પુરો ચહેરો બદલી નખાયો હતો તે સ્થિતિ જો કે હવે નહી સર્જાય તેવા સંકેત છે પણ જેઓને પડતા મુકવાના છે.

તેઓને સાંજ સુધીમાં તેમના રાજીનામા મુખ્યમંત્રીને પહોચાડી દેવા જણાવાયુ છે અને નવા ચહેરાઓને રાત્રી સુધીમાં જાણ કરી દેવાશે. જેઓને રાજીનામા આપવા જણાવ્યુ છે તે મંત્રીઓ નર્વસ જેવી સ્થિતિમાં હોવાનું ગાંધીનગરમાં ચર્ચાઈ રહે છે તો જેઓને સી.એમ. ઓફિસના કોલની આશા છે. તેઓ પોતાનો મોબાઈલ હાથમાંથી મુકતા નથી.

### કયા નવા ચહેરાનો સમાવેશ થવાની શક્યતા?

પૂર્વ મંત્રી અને સહકારી ક્ષેત્રના માંધાતા ગણાતા જયેશ રાદડિયા, હાલના વિધાનસભાના સ્પીકર શંકર ચૌધરી, રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડ, વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકર, એલિસબ્રિજના અમિત પોપટલાલ શાહ, હાલના રાજ્યકક્ષાના મંત્રી પુરુષોત્તમ સોલંકીના નાના ભાઈ હીરા સોલંકી(રાજુલા), સાવરકુંડલા ધારાસભ્ય મહેશ કસવાલા અથવા તો અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયા, ક્રિકેટર રવીન્દ્ર જાડેજાનાં ધર્મપત્ની અને જામનગરનાં ધારાસભ્ય રીવાબા જાડેજા અને કોંગ્રેસમાંથી ભાજપમાં આવીને ચૂંટણી જીતેલા પોરબંદરના બોલકા ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા અને માંડવી-કચ્છના ધારાસભ્ય અનિરૂદ્ધ દવે, ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈ, લિંબાયતના ધારાસભ્ય સંગીતા પાટીલ તથા નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈનો સમાવેશ થઈ શકે છે.

ઉપરાંત કોંગ્રેસમાંથી આવેલા અલ્પેશ ઠાકોર, હાર્દિક પટેલ અને સી. જે. ચાવડાને મંત્રીપદ મળે એવી શક્યતા પણ જોવાઈ રહી છે. આ ઉપરાંત ભાવનગરના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી પણ સામેલ થશે.



**પ્રકાશ પર્વ દિવાળીના તહેવાર સંદર્ભે મુગલીસરા મેઈન રોડ ખાતે આવેલી સુરત મહાનગરપાલિકાની વડી કચેરીએ ભવ્ય રોશની કરવામાં આવી હોવાનું તસ્વીરમાં જણાય છે. (તસવીર : હનીફ મલેક)**

# સરદાર બ્રિજ પરથી બેભાન મળેલી મહિલાના મોતનું રહસ્ય ઘેરાયું

## પરિણીતા પૂજાને કોઈકે કેફી પીણું પીવડાવ્યું હોવાની પતિની કેફીયત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

ડીંડોલી વિસ્તારમાં રહેતી પરિણીતા સરદાર બ્રિજ પરથી અર્ધબેભાન મળી આવ્યા બાદ તેનું નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થવાના પ્રકરણમાં મૃતકના પતિએ શંકા વ્યક્ત કરી છે કે તેની પત્ની શ્યામબાબા મંદિરે જવા નીકલી હતી અને ત્યારબાદ ગુમ થઈ હતી. રીક્ષામાં કોઈક અજાણ્યાઓએ તેને કેફી પીણું પીવડાવ્યું હોવાનું તેણે ૧૦૮મા સ્ટાફને જણાવ્યું હતું. મૃતકનો મોબાઈલ પણ ગુમ હોય પોલીસ મોબાઈલ લોકેશનને આધારે તે ઘરેથી નીકળી ક્યાં ગઈ હતી તે તમામ જગ્યાના સીસીટીવી તપાસે તેવી માગ કરાઈ છે.

નવી સિવિલ હોસ્પિટલ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર મુળ મહારાષ્ટ્રના વતની અને હાલ ડીંડોલી-વિસ્તારમાં મધુવન સર્કલ ખાતે હેતા શશીકાંત બાવિષ્કરની પત્ની પૂજા (ઉ.વ.૨૯) ગત તા.૧૪ ઓક્ટોબરના રોજ શ્યામબાબા મંદિરે જવા ઘરેથી નીકળી હતી. બપોર સુધી તે ઘરે ન આવતા પતિએ તેને ફોન કર્યો હતો. જો કે સાડા અગિયાર પોણા બાર વાગતા ૧૦૮નો સ્ટાફે પૂજાબેનના પતિ શશીકાંતને કોલ કરીને જાણ કરી હતી કે તેની પત્ની સરદાર બ્રીજ પરથી બેભાન હાલતમાં મળી આવી હતી. શશીકાંતને એવું ૧૦૮ના સ્ટાફ પાસેથી જાણવા મળ્યું હતું કે, તેની પત્નીએ ૧૦૮ના સ્ટાફને કહ્યું હતું કે, તેને ત્રણ જણા રિક્ષામાં મળ્યા હતા. તેમણે કોઈ કેફી પીણું પીવડાવી દીધું હતું ત્યારબાદ તે બેભાન થઈ ગઈ હતી. જેથી આ સમગ્ર મામલો શંકાસ્પદ હોય મૃતક પૂજાનું મોબાઈલ લોકેશન ચેક કરી તેણી ક્યાં ક્યાં ગઈ તે તમામ સ્થળના સીસીટીવી ચેક કરવા માંગ કરી છે.

### સાસરિયાઓ પૂજાને ત્રાસ આપતા હોવાનો આરોપ

મૃતકની માતા અમીનાબેન રસીકલાલે આક્ષેપ કર્યા છે કે, સાસરિયાઓએ ત્રાસ આપીને દવા પીવડાવી દીધી છે. જમાઈ મારઝુડ કરતો હતો. પરિવારને મારવાની ધમકી, તારે મારા ઘરે નોકરાણી બનીને રહેવાનું છે.

# વૈશ્વિક સ્તરે લેબગ્રોન ડાયમંડની માંગમાં વધારો

## સીબીડીની ડીમાન્ડ વધતા સુરતમાં લેબગ્રોન ડાયમંડ રફની આયાતમાં નોંધપાત્ર વધારો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૬**

વૈશ્વિક સ્તરે આવતા અનેક ચઢાવ ઉતાર વચ્ચે શહેરના હીરા ઉદ્યોગમાં હાલ લેબગ્રોનની ડીમાન્ડ વધી છે. ઘણા ખરા હીરા ઉત્પાદકો રીયલ ડાયમંડની જગ્યાએ હવે લેબગ્રોન ડાયમંડ તરફ વધ્યા છે. દેશ-વિદેશમાં રીયલ ડાયમંડ કરતા લેબગ્રોનની ડિમાન્ડ વધી રહી હોય લેબગ્રોન ડાયમંડ રફની આયાતમાં વધારો થયો છે.

લેબમાં તૈયાર થતા સીવીડી ડાયમંડની માગ વૈશ્વિક સ્તરે વધી રહી છે. ત્યારે સુરતમાં પણ લેબગ્રોન તરફ મેન્યુફેક્ચર્સ આગળ વધી રહ્યા છે. સુરત લેબગ્રોન ડાયમંડ એસો.ના પ્રમુખ બાબુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝમાં હાલ ૮૦ ટકા પ્રોડકશન લેબગ્રોન ડાયમંડનું ચાલી રહ્યું છે. લેબગ્રોનની ડીમાન્ડ ફક્ત વિદેશમાં જ નહી હવે આપણા દેશમાં પણ વધી રહી છે. શહેરમાં રીયલ ડાયમંડનું કામ કરનારા ઘણા હીરા ઉત્પાદકો હવે લેબગ્રોન તરફ વળ્યા છે. જેને પરિણામે રફની ઈમ્પોર્ટમાં વધારો થઈ રહ્યો છે. લેબગ્રોનની જ્વેલરીની ડિમાન્ડ પણ વધી રહી છે.

# મોટા વરાછામાં નવરાત્રી ઉત્સવનો ડોમ ઉતારતી વખતે ધરાશાયી

## વિશાળ ડોમ તૂટી પડતા એક શ્રમિક ઘાયલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

સુરતના મોટા વરાછા વિસ્તારમાં આવેલ કેપિટલ લોન્ઝ ખાતે નવરાત્રિમાં ૧૦ હજારથી વધુ ખેલૈયાની કેપેસિટી સાથે બનાવવામાં આવેલો વિશાળ ડોમ ઉતારવાની કામગીરી દરમિયાન અચાનક તૂટી પડ્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં એક કામદારને પગ સહિતના શરીરના ભાગોમાં ઈજા પહોંચી છે, જ્યારે અન્ય કામદારો જે તે સમયે જમવા માટે ગયા હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. જોકે, સૌથી ચોંકાવનારી વાત એ છે કે, 'રંગતાળી નવરાત્રિ'ના આયોજકોએ આ સમગ્ર ઘટનાને દબાવી રાખવાનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. તેમણે ફાયર વિભાગ કે પોલીસને પણ આ અંગે જાણ કરી નથી. આ ડોમ, જે નવરાત્રિના આયોજન માટે બનાવવામાં આવ્યો હતો, તે તૂટી પડતા નીચે પાર્ક કરેલી બે ટ્રક અને એક કાર પર પડ્યો હતો. પરિણામે આ ત્રણેય વાહનોને ભારે નુકસાન થયું છે.

જયારે આ દુર્ઘટના બની, ત્યારે ડોમ ઉતારવાની કામગીરીમાં જોડાયેલા કામદારોમાંથી અન્ય કામદારો જમવા માટે બેસી ગયા હતા. માત્ર એક જ કામદાર ત્યાં હાજર હતો, જે ડોમ તૂટી પડતા તેની નીચે દબાયો હતો અને તેને ઈજા થઈ હતી. જો બાકીના કામદારો પણ ત્યાં હાજર હોત, તો વધુ ગંભીર પરિણામો આવી શક્યા હોત. કામદારોના જમવા માટેના વિરામે તેમનો ચમત્કારિક બચાવ કર્યો હતો.

# ચપ્પુથી હુમલાના કેસમાં આરોપીના જામીન મંજૂર

## અંજુમન ઈસ્લામ સંસ્થાના વિવાદમાં ચપ્પુથી હુમલો કરાયો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

રાંદેર ખાતે અંજુમન ઈસ્લામ સંસ્થામાં ચાલતી મતભેદમાં મેમ્બર ઉપર ચપ્પુથી હુમલો કરવાના કેસમાં સુરત કોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા હતા. વકીલ રમીઝ મસ્તાનની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપના જામીન મંજૂર કર્યા હતા.

પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ રાંદેર ખાનગા સ્ટ્રીટ ખાતે રહેતા અને કાપડનો વેપાર કરતા અબરાર અહમદ સલાઉદ્દીન કાઝી અંજુમન ઈસ્લામ સંસ્થાના મેમ્બર છે. અંજુમન ઈસ્લામ સંસ્થાના વહીવટી તેમજ અન્ય કારણોસર મેમ્બર અબરાર કાઝી અને આદિલ ઈકબાલ મલેક વચ્ચે મતભેદ ઉભી થઈ હતી. દરમિયાન ૦૭ ઓક્ટોબરે બપોરે અબરાર કાઝી પાલનપુર કેનાલ રોડ એસ.એમ. સી. ઓફિસે જતા હતા તે વખતે રાંદેર બસ સ્ટોપ ખાતે આવેલ રોશની મોબાઈલની દુકાનની સામે આદિલ મલેકે તેમને રોક્યા હતા. અંજમન ઈસ્લામ સંસ્થામાં ચાલતા મત ભેદ બાબતે તેઓ વચ્ચે વાતચીત થઈ હતી. જેમાં બંને વચ્ચે ધક્કામુક્કી થઈ હતી. દરમિયાન આદિલ મલેકે તેના મિત્ર સાજીદખાન પઠાણની મદદથી અબરાર કાઝી ઉપર ચપ્પુથી હુમલો કર્યો હતો. આ આ કેસમાં પોલીસે સાજીદની પણ ધરપકડ કરી હતી. જેલમાં બંધ સાજીદખાને વકીલ રમીઝ મસ્તાન મારફતે કોર્ટમાં જામીન અરજી કરી હતી. વકીલ રમીઝ મસ્તાને દલીલ કરી હતી કે, સાજીદખાનને કિથત ગુનામાં ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. આરોપીનો કોઈ ભૂતકાળ સુરતના રહેવાસી છે. કોર્ટે વકીલ રમીઝ મસ્તાનની દલીલો ધ્યાને લઈ આરોપીના જામીન મંજુર કર્યા હતા.

# કાપોદ્રા ધરમનગરમાં મોડી રાત્રે સામાન્ય બાબતે રત્નકલાકારની હત્યા

## બાઈક ધીમે ચલાવવા અંગેના ઝઘડામાં રત્નકલાકારને ચપ્પુ મારી પતાવી દેવાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૬**

સુરત શહેરમાં હવે જાહેરમાં એટલે કે લોકોની હાજરી વચ્ચે પણ ગુનેગારો ગુનાને અંજામ આપવા જરાય પણ ખચકાઈ રહ્યા નથી. જાણે મર્ડર હોય કે ચોરી લૂંટફાટ કે અન્ય શરીર સંબંધિત ગુનાઓ. ઠંડે કલેજે ગુનેગારો ગુનાને અંજામ આપી રહ્યા છે. મંગળવારની મોડી રાત્રિએ કાપોદ્રાના ધરમનગર રોડના લોકોથી ઉભરાયેલા રહેતા વિસ્તારમાં જાહેરમાં જ બે શખ્સોએ એકબીજાની મદદગારીથી ચપ્પુથી હુમલો કરી એક રત્નકલાકારને રહેંશી નાંખતા ભારે ચકચાર મચી જવા પામી હતી. કાપોદ્રા પોલીસે એક આરોપીની ધરપકડ કરી લીધી છે. વધુમાં દિવાળી ટાણે જ આ કરૂણ ઘટના બનતા પરિવારમાં ભારે શોકનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે, મૂળ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના વતની અને હાલ કાપોદ્રા ખાતે રહેતા ૪૦ વર્ષીય સુરેશ પ્રેમજી ચિત્રોડા સ્થાનિક વિસ્તારમાં આવેલા સ્નેહમૂદ્રા ખાતે હીરાના કારખાનામાં નોકરી કરી પત્ની અને બે દીકરાનું ગુજરાન ચલાવતા હતા. ગઈ કાલે રાત્રએ નોકરી પતાવી સુરેશભાઈ બાઈક પર ટિફિન લટકાવીને ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન કાપોદ્રાના ધરમનગર ખાતેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે બાઈક પર આવેલા બે શખસે તેમને રોક્યા હતા. દરમિયાન જાહેરમાં રોડ પર લોકોની અવરજવર વચ્ચે સુરેશભાઈને બે ઈસમો પૈકી એકે ચપ્પુના બે જેટલા ઘા મારી દીધા હતા, જેથી ઘટના સ્થલે જ સુરેશભાઈ ઢળી પડ્યા હતા. આ સાથે બંને ઈસમો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ઘટનાને પગલે કાપોદ્રા પોલીસ સહિત ઉચ્ચ પોલીસનો કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો. બીજી તરફ રત્નકલાકાર સુરેશભાઈના પણ પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. કાપોદ્રા પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડ્વા ચક્રોગતિમાન કર્યા હતા. પોલીસે એક આરોપી જયેશ રાકેશ પાટીલ (રહે. એસએમસી આવાસ, આનંદ નગરની બાજુમાં, કાપોદ્રા)ને ઝડપી પાડ્યો હતો.

વધુમાં જાણવા મળ્યું હતું કે, આ આરોપી હીરા ઘસવાની છૂટક મજૂરી કરે છે. બનાવની રાત્રે આરોપી તેના મિત્ર સાથે પોતાની બાઈક પર કતારગામ તરફ નાસ્તો કરવા જઈ રહ્યો હતો. ત્યારે મરણ જનાર સુરેશભાઈએ તેમની બાઈકને ઓવરટેક કરી કટ મારી હતી. જેથી આરોપી જયેશ પાટીલે તેને બાઈક ધીમે ચલાવવા ટકોર કરી હતી. જેમાં તેઓ વચ્ચે બોલાચાલી થઈ હતી અને આરોપીએ ઉશ્કેરાઈ જઈ પોતાના પાસે રહેલો છરો કાઢી મૃતકને છાતી તથા પેટના ભાગે ઉપરા છાપરી ઘા મારી દીધા હતા. કાપોદ્રા પોલીસે આરોપી જયેશની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.



**દિવાળીના તહેવાર નજીક આવતા સુરત શહેરમાં ઠેર ઠેર ભવ્ય રોશની કરવામાં આવી છે. રિંગરોડ સ્થિત ટેક્સટાઈલ માર્કેટોમાં ભવ્ય રોશની કરવામાં આવતા સમગ્ર વિસ્તાર દિવાળીના પ્રકાશમાં ઝગમગી ઉઠ્યો છે. (તસવીર : હનીફ મલેક)**

# રૂા. ૫૫ લાખના એમડી ડ્રગ્સ કેસમાં આરોપીના જામીન મંજૂર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

સચિન ટોલનાકાથી સુરતમાં પ્રવેશતા દરમિયાન સુરત ક્રાઈમ બ્રાન્ચો પકડેલા ૫૫ લાખના એમડી ડ્રગ્સ કેસમાં આરોપી આદિલ વાણિયાના જામીન હાઈકોર્ટે મંજૂર કર્યા હતા.ડી. સી. બી. પોલીસ મથકે બાતમી મળેલ કે રૂપિયા ૫૫ લાખ નો મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો લઈ ત્રણ ઈસમો ફોર વ્હીલ લઈ સચિન ટોલ નાકાથી સુરતમાં પ્રવેશ કરવાના છે. જેથી ડી. સી. બી. પોલીસ સ્ટેશનના અધિકારીઓએ વોચ ગોઠવી ત્રણેય ઈસમોને ૫૫ લાખ ના એમડી ડ્રગ્સ તથા ફોર વ્હીલ અને મોબાઈલ સહિત કુલ્લે રૂપિયા ૫૮ લાખ ના મુદ્દામાલ સાથે આરોપીઓને પાડ્યા હતા. આ કેસમાં આરોપી આદિલ ઉર્ફે જાડિયો રફિકભાઈ વાણિયાની પણ ધરપકડ કરાઈ હતી. આરોપી આદિલે વકીલ અસલમ એમ. શેખ તથા અનીક ટીબાલીયા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. હાઈકોર્ટે આરોપી આદિલ ઉર્ફે જાડિયાને શરતી જામીન ઉપર મુકત કરતો હુકમ ફરમાવ્યો હતો.

# ૨૬ વર્ષ સુધી પાસ બુક અપડેટ નહીં કરાવનાર મહિલાની ફરિયાદ રદ

## બેંક તરફના એડવોકેટ શ્રેયસ દેસાઈની દલીલો ગ્રાહ્ય રાખતી કોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

૨૬ વર્ષ સુધી નિષ્ક્રીય રહીને પોતાના સેવિંગ એકાઉન્ટની પાસબુક અપડેટ ન કરાવનાર મહિલા ખાતાધારકે વર્ષ ૧૯૮૮ની જુની એન્ટ્રીના આધારે રૂ.૩૦,૮૫૧ની રકમ બેંક ઓફ બરોડા પાસે માગી હતી. જોકે બેંક તરફથી આ રકમ ચૂકવાઈ ન હોવાથી મહિલા ખાતાધારકે ગ્રાહક કમિશનમાં ફરિયાદ કરી આ રકમ વળતર સાથે પરત અપાવવા માગ કરી હતી. જોકે, મહિલા ખાતાધારકે આ જમા રકમ હાલમાં પણ જમા હોવા બાબતનો કોઈ પુરાવો નહી આપતા ગ્રાહક કોર્ટે આ ફરિયાદ જ રદ કરી દીધી હતી. બેંક તરફે હાજર રહેલા સિનિયર એડવોકેટ શ્રેયસ દેસાઈએ કરેલી દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.આ કેસની વિગત એવી છે કે, સુરત શહેરમાં રહેતા ચંચળ પટેલ ભાગાતળાવ બેંક ઓફ બરોડામાં વર્ષ ૧૯૭૨થી ગ્રાહક હતા. બેંકે તેમની ચેક પાસબુક પૂર્ણ થતા ૧૯૮૬થી ૧૯૮૮ના પિરિયડ માટે બીજી નવી પાસબુક આપી હતી. જે પાસબુકમાં ૨૮-૧૧-૧૯૮૮ના રોજ રૂ. ૩૦,૮૫૧ જમા બેલેન્સ હતું. ત્યારબાદ ચંચળ પટેલે બેંક એકાઉન્ટમાં કોઈ વ્યવાહો કર્યા ન હતા. દરમિયાન ૨૬ વર્ષ પછી એટલે કે ૩૦-૧-૨૦૧૪ના રોજ ચંચળ પટેલે બેંક એકાઉન્ટ માટે બેંક પાસે નવી પાસબુક માગી હતી અને તે નવી પાસબુકમાં ફક્ત વ્યાજની રકમ જમા થઈ હોવાની એન્ટ્રી હતી. પરંતુ વર્ષ ૧૯૮૮ની રૂ.૩૦,૮૫૧ની રકમની એન્ટ્રી વિશે કોઈ ઉલ્લેખ ન હતો. ચંચળ પટેલે આ રૂ.૩૦,૮૫૧ની જમા રકમ મેળવવા બેંક પાસે માગ કરી હતી. તદ્દુપરાંત આરબીઆઈ સાથે પત્ર વ્યવહાર પણ કર્યો હતો. પરંતુ બેંક તરફથી આ રકમ આપવામાં આવી ન્હોતી. જેથી ચંચળ પટેલે વર્ષ ૨૦૧૬માં બેંક ઓફ બરોડા વિરૂદ્ધ સુરત જિલ્લા ગ્રાહક કમિશનમાં ફરિયાદ કરી હતી. બેંક વતી હાજર રહેલા સિનિયર એડવોકેટ શ્રેયસ દેસાઈએ દલીલો કરી હતી કે, ૨૬ વર્ષ સુધી પાસબુક અપડેટ નહી કરાવી આટલો લાંબો સમય નિષ્ક્રીય રહ્યા બાદ ફરિયાદી અચાનક વર્ષ ૨૦૧૪ના અરસામાં બેંક સમક્ષ રૂ.૩૦,૮૫૧ની રકમ અંગે પૂછપરછ કરી હતી, જેના જવાબમાં બેંકે લેખિતમાં જણાવ્યું હતુ કે ધ બેંકીગ કંપની નિયમની જોગવાઈઓ અનુસાર ફરિયાદીના બેંક એકાઉન્ટમાં થયેલા વ્યવહારની વિગત બેંક પાસે ઉપલબ્ધ નથી. બેંકના રેકોર્ડ મુજબ ફરિયાદીના બેંક એકાઉન્ટમાં રૂપિયા ૩૦,૮૫૧નુ બેલેન્સ હાલમાં બાકી પડ્તુ નથી. કોર્ટે વકીલ શ્રેયસ દેસાઈની દલીલો ધ્યાને લઈ ફરિયાદી ચંચળ પટેલની અરજી રદ કરી દીધી હતી.

### બેંક આઠ વર્ષ સુધીના રેકોર્ડ માટે જવાબદાર : કોર્ટ

સુરત જિલ્લા ગ્રાહક કમિશનના પ્રમખ ન્યાયાધીશ કે. જે. દસોંદી અને સભ્ય પૂર્વીબેન જોષીએ આપેલ ચુકાદામાં જણાવ્યું હતું કે બેંકીગ રુલ્સ પ્રમાણે બેંક આઠ વર્ષ સુધીના સમયગાળાના લેજર જાળવી રાખવા જવાબદાર છે.જ્યારે ફરિયાદીએ ૨૬ વર્ષ જૂના વ્યવહારો અંગે ફરિયાદ કરી છે. જેનો ડેટા ઉપલબ્ધ કરવામાં બેંક અસમર્થ છે. વધુમાં ફરિયાદી પોતે પણ પોતાના ખાતાની તારીખ ૨૮/૧૧/૧૯૮૮ પછીની કોઈ માહિતી કે વિગત પૂરી પાડી શકયા નથી કે ખુલાસો કરી શકયા નથી. જે ગ્રાહકની પણ બેદરકારી સૂચવે છે.